પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૨૨ ઓક્ટોબર ૨૦૨૪ મંગળવાર

૧૮ રબીઉલ આખર હિજરી ૧૪૪૬ ● આસો વદ છઠ્ઠ સંવત ૨૦૮૦

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૦૭ |
| પાઉન્ડ | ૧૦૯.૫૦ |
| યુરો | ૯૧.૨૩ |
| સઉદી રિયાલ | ૨૨.૩૯ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૮૦,૫૩૫ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૯,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991




Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૮૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# RTE કાયદાનું પાલન ન કરતા મદ્રેસાઓને બંધ કરવાની NCPCRની ભલામણ પર સુપ્રીમનો સ્ટે

### મદ્રેસાને ભંડોળ બંધ કરવાની NCPCRની ભલામણ પણ સુપ્રીમ કોર્ટે ફગાવી ખંડપીઠે વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંઘની અરજીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રતિવાદી તરીકે સામેલ કરવાની મંજૂરી આપી હતી

### જમિયત ઉલમા-એ-હિંદે તેની અરજીમાં દાવો કર્યો છે કે, બાળ અધિકારોના રક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગની ભલામણ અનુચ્છેદ ૩૦ હેઠળ ધાર્મિક લઘુમતીઓના શિક્ષણ આપવાના અધિકારોને અસર કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે સોમવારે પસાર કરેલા વચગાળાના આદેશમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મદરેસા બોર્ડ માટે ભંડોળ બંધ કરવા માટેની નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR)ની ભલામણ પર સ્ટે મૂક્યો હતો. CJI ચંદ્રચુડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચએ જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની તપાસ કરવા સંમત થઈ હતી અને કેન્દ્ર, એનસીપીસીઆર અને ઉત્તર પ્રદેશ અને ત્રિપુરાના રાજ્યોને નોટિસ જારી કરી છે.

એક નિર્દેશમાં NCPCR એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને સલાહ આપી હતી કે હાલમાં મદરેસામાં નોંધાયેલા બિન-મુસ્લિમ બાળકોને ૨૦૦૯ના શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ અનુસાર મુખ્ય પ્રવાહની શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે. એડવોકેટ ફુઝૈલ અહમદ અય્યુબી દ્વારા દાખલ કરવામાં આવેલી જમીયતની અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યની આ કાર્યવાહી આવા મદરેસા ચલાવતા લઘુમતીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે, ને સાથે સાથે કાયદેસર રીતે આ પ્રકારની કવાયત હાથ



ધરવા માટે ન તો રાજ્યો, ન તો સંઘ અને ન તો NCPCR પાસે આવી કોઈ સત્તા નથી. આ અરજીમાં NCPCRની સૂચનાઓ હેઠળ ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવ દ્વારા જારી કરાયેલા પત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને રાજ્યની તમામ સરકારી સહાયિત/માન્યતા પ્રાપ્ત મદ્રેસાઓની વિગતવાર તપાસ, બિન-મુસ્લિમ બાળકોના પ્રવેશ, અને ઔપચારિક શિક્ષણ મેળવવા માટે આવા તમામ બાળકોને તાત્કાલિક શાળાઓમાં પ્રવેશ અપાવવો અને નકશા વગરના મદરેસાઓનું મેપિંગ હાથ ધરવું અને તેમાં ભણતા વિદ્યાર્થીઓને ઔપચારિક શિક્ષણ મેળવવા માટે અન્ય શાળાઓમાં પ્રવેશ સુનિશ્ચિત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ત્રિપુરામાં, પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને NCPCRની સૂચનાઓનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે અને પરિણામે, મદરેસાઓને તેમના વિદ્યાર્થીઓને નજીકની શાળાઓમાં શિફ્ટ કરવા માટે પત્રો જારી કરવામાં આવ્યા હતા. આ પ્રતિબંધિત કાર્યવાહી, ભેદભાવપૂર્ણ અને ગેરબંધારણીય છે, કારણ કે તે કોઈપણ કારણ વિના પસાર કરવામાં આવી છે, અને તેની પ્રકૃતિ રાજકીય હેતુઓ માટે છે, અને તે લઘુમતી સમુદાય દ્વારા સંચાલિત પરંપરાગત શિક્ષણશાસ્ત્રની સંસ્થાઓને પસંદગીયુક્ત રીતે લક્ષ્ય બનાવે છે, અને આમ આ બંધારણની કલમ ૧૪, ૧૯(૧)(g), ૨૧, ૨૫, ૨૬(a), અને ૩૦(૧) નું ઉલ્લંઘન કે છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૫ના કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (CPCR) એક્ટ હેઠળ સ્થપાયેલ NCPCR, સમગ્ર ભારતમાં બાળકોના અધિકારોનું રક્ષણ કરવાનું કામ કરે છે. સુપ્રીમ કોર્ટે સોમવારે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR)ની એવી ભલામણ પર સ્ટે મૂક્યો હતો કે જેઓ શિક્ષણનો અધિકાર (RTE) કાયદાનું પાલન ન કરતા હોય તેવા મદરેસાઓને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા અનુદાન બંધ કરવામાં આવે. આ વચગાળાનો આદેશ ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની બેંચ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. જમિયત ઉલમા-એ-હિંદની અરજી પર સુનાવણી કરવામાં આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે કલમ ૩૦ હેઠળ ધાર્મિક લઘુમતીઓના શિક્ષણ આપવાના અધિકારોને અસર કરે છે. ૭ જૂન, ૨૦૨૪ના NCPCRના પત્રમાં યુપીના મુખ્ય સચિવને RTE કાયદાનું પાલન ન કરતા મદરેસાની માન્યતા પાછી ખેંચી લેવા જણાવ્યું હતું. તેના ૨૫ જૂનના પત્રમાં, કમિશને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને હાલના મદરેસાઓનું નિરીક્ષણ કરવા અને આરટીઈ એક્ટનું પાલન ન કરતા હોય તેવી માન્યતા પાછી ખેંચવા માટે નિર્દેશો જારી કરવા જણાવ્યું હતું. ૨૬ જૂન, ૨૦૨૪ના રોજ, યુપીના જિલ્લા કલેક્ટરને રાજ્યની તમામ સરકારી સહાયિત/માન્યતા પ્રાપ્ત મદરેસાઓ કે જેઓ બિન-મુસ્લિમ બાળકોને પ્રવેશ આપે છે તેની વિગતવાર તપાસ કરવા અને મદરેસામાં નોંધાયેલા તમામ બાળકોને શાળાઓમાં તાત્કાલિક પ્રવેશ સુનિશ્ચિત કરવા કહેવામાં આવ્યું હતું. ત્રિપુરા સરકારે પણ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આવી સમાન સૂચનાઓ જારી કરી હતી. NCPCRના સંદેશાવ્યવહાર પછી, કેન્દ્રએ પણ ૧૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને યોગ્ય ફોલો-અપ પગલાં લેવા જણાવ્યું હતું.

## ‘ભાજપ દ્વારા કાવતરૂં રચવામાં આવ્યું હતું’ : અખિલેશ યાદવે બહરાઈચ હિંસા માટે શાસક પક્ષને જવાબદાર ઠેરવ્યો



(એજન્સી) તા.૨૧

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બહરાઈચ હિંસા અંગે યોગી સરકાર પર મોટા આરોપો લગાવ્યા છે. સોમવારે અખિલેશ યાદવે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં પેટાચૂંટણી યોજાવાની છે, તેથી બહરાઈચમાં રમખાણો સર્જાયા. પેટાચૂંટણીને લઈને ભાજપના લોકો પરેશાન છે. બીજેપીએ જાણીજોઈને બહરાઈચમાં રમખાણો કરાવ્યા. ભાજપ કોઈને ન્યાય આપી શકે તેમ નથી. બહરાઈચ હિંસામાં લોકોને કોર્ટમાંથી જ ન્યાય મળશે. અખિલેશ યાદવના ભત્રીજા તેજ પ્રતાપ યાદવે સોમવારે મૈનપુરીની કરહાલ સીટ પરથી ઉમેદવારી નોંધાવી હતી. સપાએ તેમને પેટાચૂંટણીમાં અહીંથી ટિકિટ આપી છે. પ્રેસ કોન્ફરન્સમાં અખિલેશ યાદવે કહ્યું કે કરહાલની જનતાએ હંમેશા સપાને પસંદ કર્યો છે. આ વખતે પહેલા કરતા વધુ સપોર્ટ છે. પેટાચૂંટણીના પરિણામો ઐતિહાસિક બનવાના છે. અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ પેટાચૂંટણીમાં પીડીએનો સામનો કરવા તૈયાર નથી. મોંઘવારી અને બેરોજગારી વધી રહી છે. નોંધનીય છે કે યુપીની ૧૦માંથી ૯ બેઠકો પર ૧૩ નવેમ્બરે મતદાન થશે. આ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સપાએ તેજ પ્રતાપ યાદવ સહિત છ બેઠકો પર ઉમેદવારો જાહેર કર્યા છે, જ્યારે ભાજપ અને બસપાએ હજુ સુધી તેમના પત્તાં ખોલ્યા નથી.




# દિલ્હી CRPF સ્કૂલ બ્લાસ્ટમાં પણ લોરેન્સ બિશ્નોઈ લિંક હોઈ શકે છે ?

**૩૧ વર્ષના માણસનું આટલું મોટું નેટવર્ક હોઈ શકે કે જેલમાં ક્રિમીનલ પ્રોસિજર કોડ કલમ ૨૬૮ મુજબ અન્ય કોઈ ગુના હેઠળ અન્ય કોઈ જેલ કે કોર્ટમાં લઈ જવાય નહીં, કોઈ રૂબરૂ મળી ના શકે એ વ્યક્તિ આટલું કરી શકે ? શું સામાન્ય દેશવાસી સમજી ના શકે કે કોઈ ‘સત્તા’ કે વગ ધરાવતી વ્યક્તિ પડદા પાછળથી રમત રમી રહી છે ? ભાંડો ફૂટતા જ એન્કાઉન્ટર થાય તો નવાઈ ખરી ?**

ન્યુઝ GT પોઈન્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના રોહિણી વિસ્તારમાં સીઆરપીએફ સ્કૂલની બહાર થયેલા વિસ્ફોટની તપાસને વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે અને અનેક એજન્સીઓ આ વિસ્ફોટનું કારણ શોધવા વિવિધ મુદ્દાઓની તપાસ કરી રહી છે. હવે સમગ્ર તપાસમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની એક કડી પણ સામે આવી છે. સૂત્રોએ જણાવ્યું કે ટેલિગ્રામ પર ધમકીભર્યો સંદેશ જારી કરવામાં આવ્યો હતો, જેમાં અધિકારીઓને ચેતવણી આપવામાં આવી હતી કે તેમના પરિવારના સભ્યો આગામી લક્ષ્ય હશે. આ ગુપ્ત સંદેશ એક જૂથ દ્વારા મૂકવામાં આવ્યો છે જેનું નામ અગાઉ કોઈ આતંકવાદી હુમલામાં સામે આવ્યું ન હતું. સૂત્રોનું કહેવું છે કે તેઓ જસ્ટિસ લીગ ઈન્ડિયા (JLI)ના ઉપનામનો ઉપયોગ કરી રહ્યા છે જે સ્મોકસ્ક્રીન હોઈ શકે છે. સંદેશમાં "હાયર" શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેથી, તપાસકર્તાઓ એ પણ જોઈ રહ્યા છે કે શું શંકાસ્પદો લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફ ઈશારો કરી રહ્યા હતા કે જેના પર કેનેડામાં "લક્ષ્ય હત્યા" કરવાનો આરોપ છે. શંકાસ્પદ વ્યક્તિઓએ સિગ્નલ અથવા સંદેશ મોકલવા માટે એક શાળાને નિશાન



**દિલ્હી સીઆરપીએફ બોમ્બ બ્લાસ્ટ કેસમાં અનેક એજન્સીઓ તપાસ કરી રહી છે અને આ એજન્સીઓ ટેલિગ્રામ એપ પર મળેલા ગુપ્ત સંદેશની ખાલિસ્તાની લિંકથી લઈને બહુવિધ તપાસ કરી રહી છે**

બનાવી હોવાનું માનતી એજન્સીઓ સાથેના કેસમાં ખાલિસ્તાન લિંક સામે આવી છે. અસામાન્ય સ્થાન અને સમય અંગે શંકા કે હુમલો માત્ર એજન્સીઓને ચેતવણી આપવા અને ધમકી આપવા માટે હતો. ધમકી આપનાર ટેલિગ્રામ ચેનલના ૩૩૩ સભ્યો છે અને એજન્સીઓએ ટેલિગ્રામને આ બાબતે જવાબ આપવા જણાવ્યું છે. આ અંગે તપાસ કરવામાં આવેલ એંગલમાંથી એક ખાલિસ્તાન સમર્થિત સોશિયલ મીડિયા ચેનલો દ્વારા કરવામાં આવેલ વાયરલ પોસ્ટ છે જે હુમલાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા પછી સક્રિય થઈ હતી. તેઓએ ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના પ્રયાસનો બદલો લઈને હુમલાને જોડવાનો પ્રયાસ કર્યો છે. બીજી શંકા છત્તીસગઢમાં સુરક્ષા દળો દ્વારા તાજેતરની નક્સલ વિરોધી કામગીરી છે જ્યાં CRPF અને અન્ય એજન્સીઓની સંયુક્ત ટીમ દ્વારા ૩૮ નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા હતા. ત્રીજી શંકા આ વિસ્ફોટને અંજામ આપવા માટે બનાવેલ સર્કિટ લૂપના ઉપયોગને લગતો છે જે જમ્મુ અને કાશ્મીરની ખીણમાં જોવા મળતી પેટર્ન હતી. તેના સ્થાન પરથી, NSG BDSને કેબલ્સ અને બેટરીઓ મળી છે જેનો ઉપયોગ સમય ઉપકરણ બનાવવા માટે થતો હતો. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પેટર્ન ખીણમાં જોવા મળ્યું હતું. આ વિસ્ફોટ માટે પીએસ પ્રશાંત વિહાર, રોહિણી ખાતે એફઆઈઆર નંબર ૫૧૨/૨૪ હેઠળ ૩૨૬(જી) બીએનએસ, ૪ પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ અને ૩ એક્સપ્લોઝિવ એક્ટ સાથે કેસ નોંધવામાં આવ્યો છે.

## દિલ્હીના પ્રદૂષણ માટે ભાજપ નેતૃત્વવાળી કેન્દ્ર અને હરિયાણા સરકારની નિષ્ક્રિયતાને દોષિત ગણાવતી TMC

### સાગરિકા ઘોષ જણાવે છે કે આ સરકાર ચૂંટણી લડવામાં વધારે વ્યસ્ત છે અને બિન-એનડીએ પક્ષોની સરકારોને નિશાન બનાવવા પર તેનું વધુ ધ્યાન છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ટીએમસીના નેતા સાગરિકા ઘોષે આજે જણાવ્યું હતું કે દિલ્હીના પ્રદૂષણ માટે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર અને હરિયાણા સરકારો જવાબદાર છે પણ ઊલટું આપની સરકારને દોષિત ઠરાવી રહી છે. કેન્દ્ર સરકાર આ માટેની રાષ્ટ્રીય યોજના કેમ તૈયાર કરતી નથી તેઓ તેમણે સવાલ કર્યો હતો. સાગરિકાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે દર વર્ષે એકને એક ગાથાનું પુનરાવર્તન થયા કરે છે ઓક્ટોબરમાં દિલ્હીમાં પ્રદૂષણ વધી જાય છે અને કેન્દ્ર સરકાર તેના માટે આમ આદમી પાર્ટીની સરકાર ઉપર દોષનો ટોપલો મૂક્યા કરે છે પણ કેન્દ્ર સરકાર તમામ રાજ્યોની સાથે મસલતો કરીને પ્રદૂષણને કાબૂમાં લેવા માટે રાષ્ટ્રીય યોજના કેમ તૈયાર કરતી નથી અને પ્રદૂષણ પરનો અને તે ઘટાડવા માટેનું રાષ્ટ્રીય આયોજન શું છે એ વાત તેમણે સવાલો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભાજપની સરકાર ચૂંટણીઓ લડવામાં વ્યસ્ત છે અને બિન એનડીએ પક્ષોની સરકારોને નિશાન બનાવવામાં વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના રાજ્ય સભાના સભ્ય સાગરિકા ઘોષે આક્ષેપ કર્યો હતો કે હરિયાણાની બીજેપીની સરકાર દિલ્હીની સરકારને સહયોગ આપી રહી નથી. એટલે દિલ્હીમાં વધતા જતા વાયુ અને પાણી પ્રદૂષણ માટે કેન્દ્ર અને હરિયાણા સરકારો જવાબદાર છે. લોકો વાયુઓને પાણી પ્રદૂષણને કારણે સહન કરી રહ્યા છે પરંતુ ભાજપ અને કેન્દ્ર સરકારને તેની કોઈ ચિંતા નથી. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ પણ જણાવ્યું છે કે હરિયાણામાં ખેતરોમાં પરાળી સળગાવવામાં આવે છે જેના કારણે દિલ્હીમાં પ્રદૂષણ વધતું રહે છે અને વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ અત્યંત ટોચની કક્ષાએ પહોંચી ગયું છે જેનાથી લોકોને ભારે સમસ્યાઓ થઈ રહી છે.

## જમ્મુ અને કાશ્મીરમાં આતંક : ગંદેરબાલ વિસ્તારમાં ત્રાસવાદીઓએ બેફામ ગોળીબાર કરતા એક ડોક્ટર અને પાંચ શ્રમિકનાં મૃત્યુ

### એક ટનલનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે પ્રાઈવેટ કંપનીના મજૂરો પર ત્રાસવાદીઓ ત્રાટક્યા અને આડેધડ ગોળીબાર કર્યાનું સત્તાવાર રીતે જાહેર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

તાજેતરના સમયના સૌથી મોટા આતંકી હુમલામાં જમ્મુ અને કાશ્મીરના ગંદેરબાલ જિલ્લામાં ગગન ગીર ખાતે એક બાંધકામ સાઈટ પર ત્રાટકેલા ત્રાસવાદીઓએ બેફામ ગોળીબાર કરતા એક ડોક્ટર અને પાંચ મજૂરોના મૃત્યુ થયા હોવાનું અર્ધલશ્કરી દળો અને પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે ખાનગી કંપનીના મજૂરો નવી બની રહેલી એક ટનલ પર કામ કરી રહ્યા હતા ત્યારે ત્રાસવાદીઓ ત્રાટક્યા હતા અને બેફામ ગોળીબાર કર્યો હતો. મજૂર હોય ત્યાં ઊભી કરેલી છાવણી પર ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. આ ઘટના ગુંડ વિસ્તારમાં બની હતી. મરનાર છ લોકોમાંથી બે કાશ્મીરના બહારના રાજ્યના હતા તેમ જાણવા મળ્યું છે. આ જિલ્લો મોટાભાગે શાંત વિસ્તાર ગણાય છે પણ પહેલી વખત બિનકાશ્મીરીઓને અહીં મોટા પાયે નિશાન બનાવવામાં આવ્યા છે તેવું સત્તાવાર સૂત્રો કહે છે. ગોળીબારથી આ કેમ્પમાં લોહીના ખાબોચિયા ભરાયા હતા અને તેના વીડિયો પણ વાયરલ થયા હતા. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ નિર્દોષ અને નિઃશસ્ત્ર નાગરિકો પરના આતંકવાદી હુમલાને સખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો અને તેમણે પોસ્ટ મૂકી હતી કે કાશ્મીરના સોનમર્ગ વિસ્તારમાં ગગન ગીર ખાતે બિનકાશ્મીરી મજૂરો પરનો આ ઘાતક અને કાયર હુમલો છે, તેની હું ટીકા કરું છું અને આ ખૂબ જ દુઃખદ ઘટના છે. એ મજૂરો મહત્વના પાયાના માળખાના બાંધકામ અને પ્રોજેક્ટ માટે મહેનત કરી રહ્યા હતા. બેથી ત્રણ શ્રમિક ઘાયલ મળી આવ્યા છે એવું મને જાણવા મળ્યું છે અને કેટલાક ઘાયલ પણ થયા છે. હું નિશસ્ત્ર અને નિર્દોષ લોકો પરનો કાયર અને ઘાતક હુમલો વખોડી કાઢું છું અને મૃતકો તથા ઈજાગ્રસ્તોના પરિવારજનોને મારી ઘેરી સંવેદના પાઠવું છું.

## દક્ષિણ રેલવેએ મૈસુર-દરભંગા બાગમતી એક્સપ્રેસ પાટા પરથી ઊતરી જવાની તપાસ શરૂ કરી શું સ્વીચ પોઈન્ટમાં તોડફોડને કારણે બાગમતી એક્સપ્રેસ પાટા પરથી ઊતરી ગઈ હતી ?

(એજન્સી) તા.૨૧

૧૨ ઓક્ટોબરના રોજ, મૈસૂર-દરભંગા બાગમતી એક્સપ્રેસ તામિલનાડુના ગુમ્મીદીપુંડી નજીક કાવરાઈપેટ્ટાઈ પાસે પાટા પરથી ઊતરી ગઈ હતી. ગવર્નમેન્ટ રેલ્વે પોલીસ (જીઆરપી), આ ટ્રેનની પાટા પરથી ઊતરી જવાની તપાસ કરી રહી છે, હવે સ્વીચ પોઈન્ટ સાથે કોઈ બાહ્ય ચેડા થયાની આશંકા છે. ત્રણ વરિષ્ઠ રેલવે અધિકારીઓની એક ટીમને રેલવે લાઈન પરના નિર્ણાયક બિંદુ પરથી નટ અને બોલ્ટ ‘ગુમ’ હોવાનું મળી આવ્યું છે જે સંભવિત તોડફોડ સૂચવે છે. બાગમતી એક્સપ્રેસે મુખ્ય લાઈન માટે સેટ કરેલ ગ્રીન સિગ્નલને ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પસાર કરવાની હતી પરંતુ તે લૂપ લાઈનમાં આવી ગઈ હતી અને ત્યાં ઉભી રહેલી (ખાલી) માલસામાન ટ્રેનને અથડાઈ હતી. આ અકસ્માતમાં ૧૨ કોચ પાટા પરથી ઊતરી ગયા હતા અને ૨૦ મુસાફરોને ઈજા થઈ હતી. એક પાર્સલ-કમ-પાવર કાર અથડાતાં તે આગની લપેટમાં આવી ગઈ હતી. અકસ્માત સમયે ટ્રેનમાં લગભગ ૧,૮૦૦ મુસાફરો સવાર હતા. આ અથડામણને કારણે, આગામી બે દિવસમાં ૫૦થી વધુ અન્ય ટ્રેનોને રદ કરવી પડી અથવા ડાયવર્ટ કરવી પડી હતી. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પણ ‘સ્વીચ ફેલ્યોર’ અને મિસ-સિગ્નલિંગની શંકા હતા અને ઓડિશાના બાલાસોરમાં ૨૦૨૩ના વિનાશક ટ્રેન અકસ્માતની યાદ આવી ગઈ હતી. પ્રારંભિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે સિગ્નલિંગ ગિયર્સ અને સ્વીચ પોઈન્ટ કનેક્ટિંગ

**મુખ્ય લાઈન પર ચાલુ રાખવા માટે ગ્રીન સિગ્નલ મળ્યા પછી ટ્રેન લૂપ લાઈન પર આવી જેના કારણે ૧૨ કોચ પાટા પરથી ઊતરી ગયા હતા અને તેમાં ૨૦ લોકો ઘાયલ થયા હતા**

સળિયા સાથે છેડછાડ કરવામાં આવી હતી અને બોલ્ટ, રેલ, જીભ રેલ અને નટ્સ ઢીલા મળી આવ્યા હતા. ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ નિષ્ફળતાને કારણે સિગ્નલ લાલ થઈ જવું જોઈતું હતું પણ તેમ થયું ન હતું. એક નિવૃત્ત વરિષ્ઠ રેલવે અધિકારીએ કહ્યું કે, રેલ મુખ્ય લાઈનથી અલગ થઈ ગઈ અને લૂપ લાઈન સાથે જોડાયેલ હતી ત્યારે ઈન્ટરલોકિંગ સિગ્નલિંગ સિસ્ટમ સિગ્નલ લીલું હોવું જોઈએ નહીં. આ સ્થિતિને જોતાં, સિગ્નલ લાલ થઈ જવું જોઈએ. સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગે આ સમજાવવાનું છે. અન્ય એક અધિકારીએ કહ્યું છે કે કોરૂક્કુપેટ રેલવે બ્રિજ અને લાઈનોના પોનેરી સેગમેન્ટ સિવાય, અનધિકૃત પ્રવેશને રોકવા માટે માર્ગ પર ન તો સીસીટીવી કેમેરા છે કે ન તો ટ્રેક પર ફેન્સીંગ છે. સાત સભ્યોની સમિતિના અન્ય અહેવાલમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે ટ્રેન એક આંતરછેદ બિંદુ પર પાટા પરથી ઊતરી ગઈ હતી. જો કે, રેલવે પ્રવક્તાએ જણાવ્યું હતું કે સંયુક્ત રિપોર્ટ અકસ્માતના કારણ અંગે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શક્યો નથી. આ રિપોર્ટમાં રેલ્વે સુરક્ષા માટે કમિશનર માટે ઈનપુટ્સ આપવામાં આવ્યા છે, જેનો ઉપયોગ અંતિમ તપાસ રિપોર્ટ માટે કરવામાં આવશે. ૨૦૨૪માં ઓગસ્ટ સુધીમાં સમાન રીતે પાટા પરથી ઊતરી જવાના ૧૯ અહેવાલો આવી ચૂક્યા છે, જેમાં મુખ્ય નીચેનાનો સમાવેશ થાય છે :

મુંબઈ-હાવડા એક્સપ્રેસ : ઝારખંડમાં ૧૮ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

ચંદીગઢ-ડિબ્રુગઢ એક્સપ્રેસ : ઉત્તરપ્રદેશમાં ૨૧ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા કાનપુરમાં સાબરમતી એક્સપ્રેસનું એન્જિન પાટા પરથી ઊતરી ગયું હતું.



# શિમલામાં મસ્જિદના ગેરકાયદે ચણાયેલા ભાગનું ડિમોલિશન કમિશનરના આદેશ બાદ શરૂ થયું

**સ્થાનિકોએ વકફ બોર્ડના માલિકીના દાવાને પડકાર્યો છે અને દલીલ કરી છે કે આ જમીન રાજ્યના રેવન્યુ વિભાગની છે અને મસ્જિદનું વિસ્તરણ કરવાથી સ્થાનિક લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે**

(એજન્સી) ચંદીગઢ, તા.૨૧



હિમાચલપ્રદેશના શિમલામાં એક મસ્જિદના ગેરકાયદે માળનું ડિમોલિશન કરવાની કામગીરી કમિશનરના આદેશ બાદ સોમવારથી શરૂ કરી દેવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરનો ઓર્ડર મળ્યા બાદ સંજૌલી મસ્જિદ સમિતિએ મસ્જિદના ગેરકાયદે ચણાવી દીધેલા માળને તોડી પાડવા માટેની મંજૂરી માંગી હતી. મંજૂરી મળી ગયા બાદ સમિતિએ પોતાના ખર્ચે ગેરકાયદે ભાગ તોડી પાડવાની કામગીરી આજથી શરૂ કરી દીધી હતી. મસ્જિદ સમિતિના પ્રમુખ મોહમ્મદ લતીફે જણાવ્યું હતું કે ગેરકાયદે માળ તોડી પાડવા માટે હિમાચલ પ્રદેશ વકફ બોર્ડ પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી લેવાયું હતું. કારણ કે અમે બોર્ડને પણ આવી કામગીરી અંગે લખ્યું હતું. શિમલાના હુકમ બાદ અમે વકફ બોર્ડને પણ અમે લેખિતમાં જાણ કરી હતી અને ના વાંધા સર્ટિફિકેટ મંગાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે મસ્જિદના જે ગેરકાયદે માળો ચણાયા છે એ તોડી પાડવામાં કેટલાક મહિના નીકળી જશે કેમકે આ તમામ ખર્ચ સમિતિ કરી રહી છે અને કોઈએ નાણાકીય મદદ કરી નથી એટલે સમય લાગશે. સ્થાનિક લોકો દ્વારા વકફ બોર્ડના માલિકીના દાવાને પડકારવામાં આવ્યો હતો અને એમની દલીલ હતી કે આ જમીન રાજ્યના રેવન્યુ વિભાગની છે અને મસ્જિદનું વિસ્તરણ કરવાથી અમને ઘણી બધી તકલીફો થઈ છે ગયા મહિને આ મુદ્દે હિંદુ સંગઠનોએ જોરદાર આંદોલન પણ કર્યા હતા. છેવટે મસ્જિદ સમિતિએ જ જાતે આ બાંધકામ દૂર કરવાનો નિર્ણય લીધો હતો.

# હેલ્મેટ વિના ડ્રાઈવિંગ કરો, હરિયાણામાં ભાજપના પરાજિત નેતાનું ખુલ્લેઆમ એલાન; પોલીસ સાથે સમજી લઈશ, ચેતવણી આપી

(એજન્સી) રોહતક, તા.૨૧

બહાદુરગઢ વિધાનસભા બેઠક પરથી પરાજિત થયેલા ભાજપના ઉમેદવાર દિનેશ કૌશિકે તેના ટેકેદારોને ખુલ્લા શબ્દોમાં હેલ્મેટ વગર ડ્રાઈવિંગ કરવા કહ્યું છે અને વિવાદ ઊભો કર્યો છે આવી રીતે મોકળું મેદાન આપનાર ભાજપના નેતાએ એવું પણ કહ્યું છે કે પોલીસ સાથે હું સમજી લઈશ તમે હેલ્મેટ વિના ડ્રાઈવિંગ કરો. હેલ્મેટ વગર જતાં પોતાના ટેકેદારોને રોકવા સામે પણ તેણે અધિકારીઓને ચેતવણી આપી છે અને ખુલ્લેઆમ ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાનું એલાન કર્યું છે. બહાદુરગઢમાં ટેકેદારો અને પક્ષના કાર્યકરોને સંબોધન કરતા કૌશિકે જણાવ્યું હતું કે હેલ્મેટ વિના તમે બધા ટુ-વ્હીલર ચલાવો અને જે કાંઈ પરિણામો આવે કે પડઘા પડે તેના વિશે હું સમજી લઈશ. જો ટ્રાફિક અધિકારીઓ તમને રોકે તો મારી સાથે વાત કરાવજો અને જો વાત કરાવવાનો ઈન્કાર કરે તો એમના હાથમાં જબરદસ્તી એના કાન પાસે ફોન લગાડજો અને હું તમને ખાતરી આપું છું કે કોઈ અધિકારી તમને પેનલ્ટીનું ચલાન આપવાની હિંમત નહીં કરે અને જો તેઓ આવું કરશે તો હું એમની બદલી મેવાતમાં કરાવી દઈશ એવી ભાજપના નેતાએ ચેતવણી આપી હતી. હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓમાં દિનેશ કૌશિક અપક્ષ ઉમેદવાર રાજેશ જુન સામે ૪૧,૦૦૦ મતે હારી ગયો હતો. પોતાની કેટલી વગ છે તેની બડાઈ મારતા કૌશિકે કહ્યું હતું કે મારૂં વજન ભલે ૬૦ કિલોગ્રામ હોય પણ સરકારમાં મારૂં ઘણું વજન અને મારી નોંધપાત્ર સત્તા છે. જો હું જીતી ગયો હોત તો હું ખતરનાક ધારાસભ્ય બન્યો હોત. ભાજપ નેતાના આવા વિધાનોથી ઘણાના ભ્રમર ઊંચકાયા છે.

**પર્યાવરણ ચળવળકાર સોનમ વાંગચુકે ઉપવાસના પારણાં કર્યા; ડિસેમ્બરમાં ગૃહ મંત્રાલય લદાખના જૂથો સાથે વાટાઘાટો કરશે**

**ઝારખંડ વિધાનસભા ચૂંટણીઓ પહેલાં રાજ્યના ડીજીપી તરીકે અજયકુમાર સિંઘની નિમણૂંકને ચૂંટણીપંચની મંજૂરી**

**યુપીમાં ડિનરમાં મેક્રોનીમાં ઝેર મિલાવી મહિલાએ પતિની હત્યા કરતા ખળભળાટ, કરવા ચૌથના ઉપવાસ પૂરા કરી પતિને ઝેર આપી દીધું**

**"આ હત્યા છે" : સાંસદ મહુઆ મોઈત્રા નોઈડા પોલીસ પર કાળઝાળ, કહ્યું કે મારા બચાવેલા શ્વાનનું ફટાકડાના સતત પ્રચંડ ધડાકા અને અવાજથી મૃત્યુ થયું**

**મુંબઈમાં કોલ્ડપ્લે : કાર્યક્રમની ટિકિટના કાળાબજાર રોકવા ગાઈડ લાઈન જાહેર કરવા હાઈકોર્ટમાં અરજી**

**એક સપ્તાહમાં વિમાનમાં બોમ્બની ૧૦૦ બનાવટી ધમકીઓ બાદ કેન્દ્રની જાહેરાત; આવા કોલ કરનારા 'નો-ફલાય'ની યાદીમાં સામેલ કરવામાં આવશે**

**તેલંગાણામાં અસલી ગ્રેડ-૧ પોસ્ટ પરીક્ષા પર સ્ટે આપવા સુપ્રીમનો ઈન્કાર, અદાલતે કહ્યું, વચગાળાનો સ્ટે આપવાથી 'અંધાધૂંધી' થઈ જશે**

**વિકાસ યાદવ કેસની ધમાલ વચ્ચે ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુનની ફરી ધમકી : 'નવેમ્બર ૧થી ૧૯ સુધી એર ઈન્ડિયાના વિમાનમાં મુસાફરી કરશો નહીં...'**

**યુપી : યમુના એક્ષપ્રેસ વે પર એક પરિવારની કાર અન્ય વાહન સાથે અથડાઈ પડતાં ત્રણનાં મોત, બે ગંભીર...**

**આતંકવાદી હુમલા બાદ ડો. ફારૂક અબ્દુલ્લાહનો પડકાર ; 'કાશ્મીર પાકિસ્તાન નહીં બનેગા' : જો ત્રાસવાદ ન અટકે તો ગંભીર પરિણામોની પૂર્વ સીએમની ચેતવણી...**

**નોઈડામાં નોકરી જતાં એક વ્યકિતનો આપઘાતનો પ્રયાસ; ૧૨મા માળની બાલ્કનીમાંથી લટકતાં યુવાનને અન્ય રહેવાસીઓએ બચાવી લીધો...**

## સુપ્રીમ કોર્ટે 'ભારતીય બંધારણવાદ' શબ્દને 'હિન્દુત્વ' સાથે બદલવાની માંગ કરતી PILને ફગાવી દીધી

**ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) DY ચંદ્રચૂડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે કહ્યું કે, એસ.એન. કુન્દ્રા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કોઈ યોગ્યતા નથી અને તેથી તેને ફગાવી દેવામાં આવે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે સોમવારે તેના આદેશમાં 'હિન્દુત્વ' શબ્દને 'ભારતીય સંવિધાનવાદ' (ભારતીય બંધારણવાદ) સાથે બદલવાના નિર્દેશની માંગણી કરતી એક વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલ પીઆઈએલને ધ્યાનમાં લેવાનો ઈન્કાર કર્યો હતો અને નોંધ્યું હતું કે આ પ્રક્રિયાનો સંપૂર્ણપણે દુરૂપયોગ છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળ અને ન્યાયમૂર્તિ જે. બી. પારડીવાલા અને મનોજ મિસરાની સર્વોચ્ચ અદાલતની ત્રણ ન્યાયાધીશોની બેંચને દિલ્હીના વિકાસપુરીના રહેવાસી એસ. એન. કુન્દ્રા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કોઈ યોગ્યતા જોવા મળી નથી અને તેને નકારી કાઢવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે અરજી ફગાવી દેતા કહ્યું કે, આ પ્રક્રિયાનો સંપૂર્ણ દુરૂપયોગ છે. અમે આ પિટિશન પર ધ્યાન આપીશું નહીં.

## ભારતને યુનોની સુરક્ષા સમિતિમાં કાયમી સભ્યપદ આપવું જોઈએ; રશિયાના વિદેશમંત્રી લાવરોવની સ્પષ્ટ માગણી

(એજન્સી) મોસ્કો, તા.૨૧

રશિયાના વિદેશ મંત્રી સરજી લાવરોવે જણાવ્યું છે કે ભારત, બ્રાઝિલ તથા દક્ષિણ આફ્રિકા જેવા દેશોને યુનોની સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ આપવું જોઈએ. જેથી કરીને બહુમતી વિશ્વના પ્રતિનિધિઓ સિક્યુરિટી કાઉન્સિલમાં બેસી શકે. તેમણે કહ્યું હતું કે આ ત્રણેય દેશોને સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ મળવું જોઈએ એ વિશ્વની બહુમતીના પ્રતિનિધિઓ છે. તેમણે રશિયાની તાસ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં આ મુજબના વિધાનો કર્યા હતા. રશિયાના વિદેશ મંત્રીએ ઉમેર્યું હતું કે કાયમી સભ્યપદ આપવું જરૂરી છે. ભારતને કાયમી સભ્યપદ મળે એ માટે રશિયાની જેમ ફ્રાન્સ તથા ચીલી, પોર્ટુગલ અને માઈક્રોનેશિયા જેવા દેશોએ પણ ભારતનું સમર્થન કર્યું છે.

# સમાજવાદી પક્ષના સાંસદ રામગોપાલ યાદવે અયોધ્યા મુદ્દે ટિપ્પણી માટે કેમેરાની સામે CJI ચંદ્રચૂડને અપશબ્દો બોલ્યા બાદ તેમના નિવેદન પરથી પીછેહઠ કરી

**સપા સાંસદ રામગોપાલ યાદવે સોમવારે મીડિયા સાથેની વાતચીત દરમિયાન CJI ડી.વાય. ચંદ્રચૂડને કેમેરામાં ગાળો આપી હતી**

**રામગોપાલ યાદવે ભારતના મુખ્ય ન્યાયાધીશ પર નિવેદન આપતા અને તેમની બાબરી કેસના ચુકાદા પર ટિપ્પણી અંગે કહ્યું હતું કે, હું આના પર ટિપ્પણી કરવા માંગતો નથી, જ્યારે તમે ભૂતોને જીવતા કરો છો, જ્યારે તમે મૃત લોકોને જીવતા કરો છો, ત્યારે તેઓ ભૂત બની જાય છે અને તેઓ નાગરિકોની પાછળ પડી જાય છે આવા બધા ..... (મૂર્ખ) લોકો આવી વાતો કરતા રહે છે, મારે તેમની નોંધ શા માટે લેવી જોઈએ ?**

(એજન્સી) તા.૨૧



સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવે સોમવારે મીડિયા સાથેની વાતચીત દરમિયાન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય. ચંદ્રચૂડ પ્રત્યે કેમેરામાં દુર્વ્યવહાર કર્યો હતો. જો કે, તેઓને ભારે પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો છે અને અંતે યાદવે પીછેહઠ કરી અને દાવો કર્યો કે, તેમને CJI વિશે કંઈપણ પૂછવામાં આવ્યું ન હતું.

પત્રકારો સાથે વાત કરતી વખતે યાદવે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસના ચુકાદા વિશે CJIની તાજેતરની ટિપ્પણીઓ અંગેના પ્રશ્નના જવાબમાં અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. યાદવે જણાવ્યું હતું કે, 'જયારે તમે ભૂતોને જીવતા કરો છો, જ્યારે તમે મૃત લોકોને જીવતા કરો છો, ત્યારે તેઓ ભૂત બની જાય છે અને તેઓ નાગરિકોની પાછળ પડી જાય છે. આવા બધા ..... (મૂર્ખ) લોકો આવી વાતો કરતા રહે છે, મારે તેમની નોંધ શા માટે લેવી જોઈએ ?

બાદમાં જ્યારે યાદવને તેમની વાંધાજનક ટિપ્પણી અંગે સ્પષ્ટતા માટે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે આવું નિવેદન આપ્યું છે તેનો ઈન્કાર કર્યો હતો. યાદવે કહ્યું કે, કોઈએ મને CJI વિશે કશું પૂછ્યું નથી. તેઓ ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, ઉત્તમ વ્યક્તિ છે. મેં ક્યારેય તેમના વિશે કોઈ ટિપ્પણી કરી નથી કારણ કે, તેમના વિશે કોઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો ન હતો. મેં બહરાઈચ અને ત્યાંના લોકો શું કહે છે તેના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

ચંદ્રચૂડે રવિવારે એક સન્માન સમારોહ દરમિયાન ખેડમાં તેમના વતન કંહેરસર ગામના રહેવાસીઓને સંબોધિત કરતી વખતે જણાવ્યું હતું કે, તેમણે લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભગવાનને પ્રાર્થના કરી હતી અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ધર્મ આવી બાબતોમાં નિરાકરણ તરફ માર્ગદર્શિત કરી શકે છે. ચંદ્રચૂડે રવિવારે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, હું દેવતા સમક્ષ બેઠો હતો અને તેને કહ્યું હતું કે, આ સમસ્યાનો ઉકેલ શોધવાની જરૂર છે. ચંદ્રચૂડ ભારતના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેંચનો એક ભાગ હતા જેમણે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે માર્ગ મોકળો કરતો ચુકાદો આપ્યો હતો. બેન્ચે એવો પણ ચુકાદો આપ્યો હતો કે, અયોધ્યામાં જ વૈકલ્પિક પાંચ એકર જમીન પર મસ્જિદ બનાવવામાં આવશે. ત્યારબાદ CJIએ જુલાઈ ૨૦૨૪માં અયોધ્યામાં રામ મંદિરની મુલાકાત લીધી હતી અને પ્રાર્થના કરી હતી. મોદી, RSS વડા મોહન ભાગવત અને અન્ય રાજકીય નેતાઓની હાજરીમાં ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મંદિરની મૂર્તિનો અભિષેક કરવામાં આવ્યો હતો.

# દિલ્હી હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ જયંત નાથને વય મર્યાદા વટાવી હોવા છતાં સુપ્રીમ કોર્ટે દિલ્હી વીજળી નિયમન પંચના અધ્યક્ષ તરીકે ચાલુ રાખવાની મંજૂરી આપી

(એજન્સી) તા.૨૧

સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ જયંત નાથનો કાર્યકાળ ૬૫ વર્ષની વય પૂર્ણ કર્યા પછી પણ દિલ્હી ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (DERC)ના વચગાળાના અધ્યક્ષ તરીકે કાર્યકાળ લંબાવ્યો હતો. AAPની આગેવાની હેઠળની દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર (LG)ના કાર્યાલય વચ્ચેની મડાગાંઠને ઉકેલવા માટે સર્વોચ્ચ અદાલતે ૪ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ન્યાયમૂર્તિ નાથને DERCના વચગાળાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા.

ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે પેન્ડિંગ કેસમાં દિલ્હી સરકારની નવી અરજી સ્વીકારી હતી જેમાં કહ્યું હતું કે, જસ્ટિસ નાથનો

**ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, જસ્ટિસ નાથ આ કામથી પરિચિત છે અને તેમને ચાલુ રાખવું અનુકૂળ રહેશે, DERCના અધ્યક્ષની નિવૃત્તિની ઉંમર ૬૫ વર્ષની છે અને પૂર્વ ન્યાયાધીશ ટૂંક સમયમાં જ ૬૫ વર્ષના થઈ જશે, લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાના કાર્યાલય તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સંજય જૈને જણાવ્યું હતું કે, જો બેન્ચ આ કેસમાં વયના માપદંડને માફ કરે તો તેમને આ અરજી સામે કોઈ વાંધો નથી**

કાર્યકાળ ૬૫ વર્ષથી વધુ લંબાવવામાં આવે તો સરકારને કોઈ વાંધો નથી. ડીઈઆરસીના અધ્યક્ષની નિવૃત્તિની ઉંમર ૬૫ વર્ષની છે અને પૂર્વ ન્યાયાધીશ ટૂંક સમયમાં આ ઉંમરે પહોંચશે. એલજી વી.કે. સક્સેનાની ઓફિસ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સંજય જૈને જણાવ્યું હતું કે, જો બેન્ચ આ કેસમાં વયના માપદંડને સમય માટે માફ કરે તો તેમને અરજી સામે કોઈ વાંધો નથી. બેન્ચે જણાવ્યું હતું કે, પૂર્વ ન્યાયાધીશ હવે DERC બાબતોથી સારી રીતે વાકેફ છે અને જયાં સુધી દિલ્હી સરકારની મુખ્ય અરજીનો નિર્ણય ન આવે ત્યાં સુધી તેઓ આ ઓફિસમાં સેવા આપી શકે છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકાર અને એલજીની ઓફિસની સંમતિ નોંધી અને જસ્ટિસ નાથનો કાર્યકાળ લંબાવ્યો છે. અરવિંદ કેજરીવાલ અને દિલ્હીના એલજી વી.કે. સક્સેનાની આગેવાની હેઠળની AAP સરકાર વચ્ચે DERC અધ્યક્ષની નિમણૂકને લઈને વિવાદ હતો અને સર્વોચ્ચ અદાલતના કહેવા છતાં તેમના મતભેદોને ઉકેલવામાં નિષ્ફળ રહી હતી. ૧૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ સર્વોચ્ચ અદાલતે દિલ્હીના તત્કાલીન મુખ્યપ્રધાન અને એલજીને રાજકીય મુદ્દાથી દૂર રહેવા અને રાષ્ટ્રીય રાજધાનીના પાવર રેગ્યુલેટરનું નેતૃત્વ કોણ કરી શકે તે અંગે ચર્ચા કરવા જણાવ્યું હતું. દિલ્હી સરકારે ડીઈઆરસી અધ્યક્ષની નિમણૂકમાં એલજીની સત્તાઓને પડકારતી વખતે તેની અરજીમાં કહ્યું હતું કે, એલજીના કાર્યાલયે મંત્રી પરિષદની સહાય અને સલાહ પર કાર્ય કરવાનું હતું જે તેમણે કર્યું ન હતું. ૨૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ સર્વોચ્ચ અદાલતે શહેરની વ્યવસ્થામાંથી સેવાઓનું નિયંત્રણ લઈ લેવાના કેન્દ્રના વટહુકમ સામે દિલ્હી સરકારની અલગ અરજી પર નિર્ણય લેવા માટે બંધારણીય બેંચનો ઉલ્લેખ કર્યો હતો.

# કરણ જોહરના સ્ટુડિયો ધર્મા પ્રોડક્શને ૫૦% હિસ્સો રસી નિર્માતા અદાર પૂનાવાલાને રૂા.૧,૦૦૦ કરોડમાં વેચ્યો



(એજન્સી) તા.૨૧

અદાર પૂનાવાલાએ ધર્મા પ્રોડક્શન્સ અને ધર્માટીક એન્ટરટેઈનમેન્ટમાં ૫૦% હિસ્સો ખરીદવાનો નિર્ણય કર્યો છે. આ ડીલની કુલ કિંમત ૧૦૦૦ કરોડ રૂપિયા છે. ફેમસ વેક્સિન નિર્માતા અને સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના CEO અદાર પૂનાવાલાએ ધર્મા પ્રોડક્શન અને ધર્માટીક એન્ટરટેઈનમેન્ટમાં ૫૦% ભાગીદારી કરવાનો નિર્ણય લીધો છે. આ ડીલની કુલ વેલ્યું ૧૦૦૦ કરોડ રૂપિયા છે જેના કારણે કરણ જોહરની ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શન કંપનીની કિંમત ૨૦૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. પૂનાવાલા આ ઈન્વેસ્ટ પોતાની પર્સનલ ક્ષમતામાંથી કરી રહ્યા છે જે સેરિન પ્રોડક્શનના માધ્યમે થશે. કરણ જોહર કંપનીમાં પોતાના ભાગને જાળવી રાખશે અને કાર્યકારી અધ્યક્ષના રૂપે રચનાત્મક દિશા આપતા રહેશે. અપૂર્વા મહેતા કંપનીની CEO રહેશે. ધર્મા પ્રોડક્શનમાં કરણ જોહરની ભાગીદારી ૯૦.૭% છે ત્યારે કરણ જોહરની માતા પાસે ૯.૨૪% ભાગીદારી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડીલ પાછળનું મુખ્ય કારણ એ છે કે જોહર એક આર્થિક રીતે શક્તિશાળી પરિવાર સાથે ભાગીદારી કરી રહ્યો છે જેને તે સારી રીતે જાણે છે, ત્યારે સર્જનાત્મક નિયંત્રણ જાળવી રાખે છે. પૂનાવાલાનું આ રોકાણ પ્રોડક્શન હાઉસને ડિજિટલ પ્લેટફોર્મની ઝડપથી બદલાતી માંગનો સામનો કરવા માટે પૂરતી નાણાકીય તાકાત પ્રદાન કરશે. ધર્મા પ્રોડક્શને FY23માં લગભગ ચાર ગણી આવક વધારીને ૧૦૪૦ કરોડ રૂપિયા કરી, ત્યારે ગત વર્ષે આ ૨૭૬ કરોડ રૂપિયા હતી. જોકે નેટ પ્રોફિટ ૫૯% ઘટીને ૧૧ કરોડ રૂપિયા થઈ ગયું છે. કંપનીનો કુલ ખર્ચ ૪.૫ ગણો વધીને ૧૦૨૮ કરોડ રૂપિયા થઈ ગયો છે.

ધર્મા પ્રોડક્શનની સ્થાપના ૧૯૭૬માં કરણ જોહરના પિતા યશ જોહરે કરી હતી. કરણ જોહરે પોતાના કરિયરની શરૂઆત 'કુછ કુછ હોતા હે' થી કરી હતી અને અત્યાર સુધીમાં ૫૦થી વધારે બોલીવુડ ફિલ્મો પ્રોડ્યુસ કરી છે. તેમણે ૨૦૧૮માં ધર્માટીક એન્ટરટેનમેન્ટ લોન્ચ કર્યું, તેનો ઉદેશ્ય વૈશ્વિક સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ માટે કોન્ટેન્ટ તૈયાર કરવાનો હતો.

# બાંગ્લાદેશમાં યુનુસ સરકાર હસીનાની અવામી લીગ પાર્ટી અને સમાન વિચાર ધરાવતા પક્ષોને સંસદની ચૂંટણીઓ લડવા નહીં દેવાનું આયોજન કરે છે ?

**ઓગસ્ટમાં સત્તા સંભાળ્યા બાદ વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસની સરકાર અનેક વિવાદોમાં સંડોવાઈ છે, એટલે ચૂંટણીઓના આયોજન અંગે અને ઈતિહાસનું પુનરાવર્તન થવા અંગે લોકોમાં અનેક શંકા કુશંકા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

બાંગ્લાદેશમાં મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકાર દેશમાંથી હાંકી કાઢવામાં આવેલ શેખ હસીનાની અવામી લીગ પાર્ટીને કોઈપણ રાજકીય પ્રક્રિયામાં કે ચૂંટણીઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકી શકે છે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હસીનાના પક્ષ અને તેની સાથે સમાન વિચારધારા ધરાવતા પક્ષોને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પર કાનૂની અને વહીવટી રીતે અનેક પ્રતિબંધો મૂકવામાં આવે તેવી શક્યતા છે. મુહમ્મદ યુનુસના મુખ્ય સલાહકારના ખાસ આસિસ્ટન્ટ અને વિદ્યાર્થી નેતા મહફુજ આલમે જણાવ્યું હતું કે, જે પક્ષોએ છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં ભાગ લીધો છે અને લોકોને છેતરીને ગેરકાયદેસર રીતે સંસદમાં આવ્યા છે એમની રાજકીય હિસ્સેદારીના માર્ગમાં ચોક્કસપણે વચગાળાની સરકાર અવરોધો ઊભા કરશે. બાંગ્લાદેશના સૌથી વધુ વેચાણ ધરાવતા દૈનિકનો અહેવાલ જણાવે છે કે, મુહમ્મદ યુનુસ અને દસ રાજકીય પક્ષો વચ્ચે ખાસ ચર્ચા થઈ હતી ત્યારે આગામી રાષ્ટ્રીય ચૂંટણીઓમાં ભાગ લેવા પર અવામી લીગ અને તેના સાથી પક્ષો પર પ્રતિબંધ મૂકવાની એ દસ રાજકીય પક્ષોએ માગણી કરી હતી. એ નોંધપાત્ર છે કે, હસીનાની પાર્ટી સાથે સંકળાયેલા અને તેના સાથી ગણાતા ૧૪ પક્ષોના સભ્યો આ બેઠકમાં હાજર રહ્યા નહોતા. આલમે જણાવ્યું હતું કે, સરકાર એક તરફી રીતે ચૂંટણી લડવા પર પ્રતિબંધનો નિર્ણય લેશે નહીં અને જુદા-જુદા રાજકીય પક્ષો સાથે મસલતો કર્યા પછી એકમતીથી કોઈપણ નિર્ણય લેવામાં આવશે. જો કે, હસીનાના પક્ષના વિરોધી પક્ષ બેગમ ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી તથા જમાત-એ-ઈસ્લામીએ હસીનાની પાર્ટી પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત સામે ના કહી દીધી છે અને એવા પ્રતિબંધનો ઈન્કાર કર્યો છે. ઝિયાની પાર્ટીના મહાસચિવ મિર્ઝા ફકરૂલ ઈસ્લામ આલમગીરે જણાવ્યું હતું કે, અમે શેખ હસીના અને તેની પાર્ટીની જેમ અન્ય રાજકીય પક્ષો સાથે બદલો લેવા માટે તેમના પર પ્રતિબંધ મૂકવામાં માનતા નથી એટલે તેની પાર્ટીને ચૂંટણી લડવા દો અને એમને અમે ચૂંટણીમાં પરાજિત કરીશું.

આ મહિને હાઈકોર્ટમાં પણ એક અરજી થઈ હતી જેમાં આશીર્વાદની પાર્ટી પર પ્રતિબંધ મૂકવાની માગણી થઈ હતી પણ હાઈકોર્ટે અરજી ફગાવી દીધી હતી. હસીનાની પાર્ટીના શાસન દરમિયાન આંદોલન સમયે વિદ્યાર્થીઓની હત્યા અને અન્ય સબબ તેની પાર્ટી પર પ્રતિબંધ મૂકવાની અને તેનું રજિસ્ટ્રેશન રદ કરવાની હાઈકોર્ટમાં અરજી થઈ હતી પણ અદાલતે એ રિટ અરજી નકારી કાઢી હતી. આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓનાં મોત અને હિંસા બદલ ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ દ્વારા શેખ હસીના અને એમની પાર્ટીના અન્ય ૪૫ સભ્યો સામે માનવતા વિરોધી અપરાધો બદલ ધરપકડના વોરંટ કાઢવામાં આવ્યાં છે.

મુહમ્મદ યુનુસે દેશમાં શાંતિ જાળવવા માટે અને સરકારમાં લોકોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા માટે વચન આપ્યું હતું પણ હસીનાની પાર્ટી પર નિયંત્રણો સહિતના જે પગલાં વિચારવામાં આવી રહ્યા છે એ બતાવે છે કે, મુહમ્મદ યુનુસની વચગાળાની સરકાર પણ હસીનાના માર્ગે જ ચાલી રહી છે. હસીનાએ અનેક વિપક્ષ નેતાઓને કેદમાં નાંખી દીધા હતા અને ટિયરગેસ તથા ગોળીબાર જેવા પગલાંથી દેખાવકારોને વિખેરી નાંખવામાં આવતા હતા. ૨૦૧૪ અને ૨૦૧૮ની સંસદની ચૂંટણીઓમાં શેખ હસીનાએ ગોલમાલ કરી હોવાનો પણ બેગમ ઝિયાએ આક્ષેપ કર્યો હતો અને તેઓ ખુદ પ્રતિબંધને કારણે ચૂંટણી લડી શક્યા નહોતા. ૨૦૧૩માં જમાત-એ-ઈસ્લામી પર ચૂંટણી લડવાનો પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો એટલે સતત ત્રણ ટર્મ સુધી હસીનાએ રાજ કર્યો હતો અને તમામ પ્રકારના વિરોધને દબાવી દીધા હતા. જો કે, પાકિસ્તાન પાસેથી આઝાદી મેળવવામાં શેખ હસીનાની પાર્ટીનું મહત્ત્વપૂર્ણ અને મુખ્ય યોગદાન રહ્યું છે એટલે ૫૩ વર્ષના આઝાદીકાળમાં ૨૮ વર્ષ લીગ દ્વારા શાસન કરવામાં આવ્યું છે એટલે હવે મુહમ્મદ યુનિસ પણ ઈતિહાસનું પુનરાવર્તન કરશે કે કેમ અને ચૂંટણીઓ કઈ રીતે કરાશે કે થશે કે કેમ એ વિશે બાંગ્લાદેશમાં ચિંતા જાગી ઊઠી છે. બીએનપી દ્વારા તો ટીકા કરવામાં આવી રહી છે કે, મુહમ્મદ યુનુસની સરકારે ચૂંટણીઓ ક્યારે થશે તેની કોઈ ચોક્કસ તારીખો જાહેર કરી નથી અને એ માટેની કોઈ મુદત પણ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. જો કે, યુનુસનું વહીવટીતંત્ર કહેતું રહ્યું છે કે, ટૂંક સમયમાં થશે જ અને નવા મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક કરવા માટે સરકાર સર્ચ સમિતિની રચના કરવાની છે.

# PM ડિગ્રી વિવાદ : સુપ્રીમ કોર્ટે માનહાનિના સમન્સ સામે અરવિંદ કેજરીવાલની અરજી ફગાવી

(એજન્સી) તા.૨૧

PM મોદીની શૈક્ષણિક ડિગ્રીને લઈને વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ માનહાનિના આરોપોનો સામનો કરી રહેલા અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટનો આંચકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં ટ્રાયલ કોર્ટે કેજરીવાલને સમન્સ જારી કર્યા હતા. અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહની ટિપ્પણીઓ સામે ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પીયૂષ પટેલે ટ્રાયલમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

કેજરીવાલે તેને રદ કરાવવા માટે પહેલા હાઈકોર્ટ અને પછી સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના સમન્સ પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો હતો. આ પછી કેજરીવાલે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

આ પહેલા સંજય સિંહે પણ આ કેસમાં રાહત માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે આ વર્ષે એપ્રિલમાં તેમની અરજી ફગાવી દીધી હતી. હવે કેજરીવાલની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. જો તેમને અહીંથી રાહત નહીં મળે તો કેજરીવાલે ટ્રાયલ કોર્ટમાં હાજર થવું પડશે. સુનાવણી દરમિયાન એસજી તુષાર મહેતાએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ કોઈપણ વિશે કંઈ પણ કહી શકે છે. તેઓ સ્વર્ગસ્થ અરુણ જેટલી વિરૂદ્ધ પણ બોલ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ બધું રાજકારણ છે. જ્યાં સુધી તે ભારપૂર્વક જણાવવામાં ન આવે.

જસ્ટિસ એસવીએન ભાટી અને જસ્ટિસ હ્રષિકેશ રોયની ખંડપીઠે કહ્યું કે અમે અગાઉ પણ આવા મામલાઓ પર વિચાર કર્યો છે. સંજય સિંહે પણ આવી જ અરજી દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી હતી. આના પર સિંઘવીએ કહ્યું કે મને ચાર્ટ (નિવેદનોનો) રજૂ કરવા દો. સિંહનું નિવેદન અલગ હતું. આ એક ગુનાહિત મામલો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે આ અરજી પર વિચાર કરી શકતા નથી.

# NEET-UG સુધારા : SCએ નિષ્ણાત પેનલને રિપોર્ટ ફાઈલ કરવા માટે વધુ બે અઠવાડિયાની મુદત આપી

**સર્વોચ્ચ અદાલતે એ હકીકત પણ નોંધી લીધી કે નિષ્ણાત પેનલનો રિપોર્ટ લગભગ તૈયાર થઈ ગયો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

પ્રતિષ્ઠિત પરીક્ષા યોજવામાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની કામગીરીની સમીક્ષા કર્યા પછી સુપ્રીમ કોર્ટે NEET-UGના પરીક્ષા સુધારાઓ પર તેનો અહેવાલ દાખલ કરવા માટે કેન્દ્ર દ્વારા પૂર્વ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના વડા કે રાધાક્રિષ્નનની આગેવાની હેઠળ નિયુક્ત સાત સભ્યોની નિષ્ણાત પેનલ, આપવામાં આવેલ સમય બે અઠવાડિયા સુધી લંબાવ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે, જેમાં ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રા પણ સામેલ હતા, કેન્દ્ર તરફથી હાજર રહેલ સોલિસિટર જનરલ (એસજી) તુષાર મહેતાની અરજીને મંજૂરી આપ્યા પછી બે અઠવાડિયાનો સમય લંબાવ્યો. તુષાર મહેતાએ ખંડપીઠને જણાવ્યું હતું કે નિષ્ણાત સમિતિનો અહેવાલ દાખલ કરવાની સમયમર્યાદા સમાપ્ત થઈ રહી છે અને બે અઠવાડિયાના વિસ્તરણની માંગ કરી હતી. સર્વોચ્ચ અદાલતે એ હકીકત પણ નોંધી લીધી કે નિષ્ણાત પેનલનો રિપોર્ટ લગભગ પૂર્ણ થઈ ગયો છે. ૨ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલા એક વ્યાપક અને ઔપચારિક આદેશમાં, સર્વોચ્ચ અદાલતે NEET-UG પરીક્ષાનું આયોજન કરતી વખતે નિષ્પક્ષ, બિન-પક્ષપાતી અને મજબૂત પ્રણાલીની ખાતરી કરવા માટે ઘણાં પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો જેથી કરીને પરિક્ષાઓમાં ગેરરીતિઓ ટાળી શકાય અને પારદર્શક રીતે પરીક્ષા યોજી શકાય. સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યું હતું કે પરીક્ષા રદ કરવા માટે પ્રણાલીગત ભંગ થયો નથી. NEET-UG પેપર લીક અને અન્ય અનિયમિતતાઓને જોવા માટે સરકાર દ્વારા રચવામાં આવેલી રાધાકૃષ્ણન નિષ્ણાત સમિતિના અવકાશ અને વિસ્તારને વિસ્તૃત કરતાં, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, સમિતિએ મજબૂત પરીક્ષા પ્રક્રિયા માટે આ સાત પગલાંને સમાવી લેવા જોઈએ. આ સાત પગલાં આ મુજબ હતા; ૧) મૂલ્યાંકન સમિતિ, ૨) સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા, ૩) પરીક્ષા કેન્દ્રો ફાળવવાની પ્રક્રિયાની સમીક્ષા, ૪) ઓળખ તપાસ માટેની વધુ સઘન પ્રક્રિયાઓ, ૫) પરીક્ષા કેન્દ્રોનું CCTV મોનિટરિંગ; ૬) પેપર્સના ટેમ્પરિંગની ખાતરી કરવા માટે સુરક્ષિત લોજિસ્ટિક પ્રદાતાઓ અને ૭) એક મજબૂત ફરિયાદ નિવારણ પદ્ધતિની ભલામણ સીજેઆઈએ કહ્યું હતું કે, 'ખુલ્લી ઈ-રિક્ષાને બદલે રીઅલ-ટાઈમ લોક સાથે બંધ વાહનોનો ઉપયોગ કરવાની સદ્ધરતા ધ્યાનમાં લેવી જોઈએ,' અને ઉમેર્યું હતું કે આખી પ્રક્રિયા અથવા આ કવાયત હાથ ધરવાનો ઉદ્દેશ્ય પરીક્ષામાં કોઈપણ ગેરરીતિને અટકાવવાનો અને શોધવાનો હતો. NEET-UG અંડરગ્રેજ્યુએટ મેડિકલ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે NTA દ્વારા હાથ ધરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે તેના આદેશમાં ધ્યાન દોર્યું હતું કે નિષ્ણાત સમિતિએ પરીક્ષા પ્રણાલીમાં રહેલી ખામીઓને સુધારવી જોઈએ અને હાઈલાઈટ કર્યું હતું કે જો કોઈ વિદ્યાર્થીને ચુકાદામાં ઉકેલાયેલા મુદ્દાઓથી સંબંધિત ન હોય તેવી કોઈપણ પ્રકારની વ્યક્તિગત ફરિયાદ હોય, તો તે પરીક્ષા વિરૂદ્ધ સંબંધિત ઉચ્ચ અદાલતોમાં જવા માટે સ્વતંત્ર હશે. સર્વોચ્ચ અદાલતે એ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે તે એવા નિષ્કર્ષ પર પહોંચ્યું છે કે પેપર્સનો કોઈ પ્રણાલીગત ભંગ થયો નથી, લીક માત્ર પટના અને હજારીબાગ સુધી મર્યાદિત હતું. ૨૩ જુલાઈના રોજ, SC એ પુનઃપરીક્ષણ માટેની અરજીઓ ફગાવી દીધી હતી અને NEET-UG પરીક્ષાને રદ કરવાનો ઈન્કાર કર્યો હતો, કારણ કે પ્રશ્નપત્રોના સ્થાનિક લીક બાદ ત્યાં 'પ્રણાલીગત ભંગ' અથવા પરીક્ષાની 'પવિત્રતાનો ભંગ' થયો હોય તેવું સૂચવતો કોઈ ડેટા નથી. પરીક્ષામાં ગેરરીતિ અને અન્ય ગેરરીતિઓનો આક્ષેપ કરનાર વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓની બેચની સુનાવણી બાદ સર્વોચ્ચ અદાલતે આ આદેશ આપ્યો હતો. અરજદારો અને પ્રતિવાદીઓ એવા કેન્દ્ર, NTA અને અન્યો તરફથી ચાર દિવસ સુધી સુનાવણી ચાલી.

# વડાપ્રધાન મોદીએ સસ્તી હવાઈ મુસાફરી માટે ઉડાન યોજનાના આઠ વર્ષની ઉજવણી કરતાં તેની પ્રશંસા કરી : પરંતુ લોકો માટે સમસ્યાઓ યથાવત્

## આ યોજના અંગે CAG અને NITI આયોગ સહિત અનેક લોકોએ પ્રશ્નો ઉઠાવ્યા છે; એરલાઈન્સે પ્રથમ ત્રણ વર્ષમાં ૧૦૬ રૂટ બંધ કર્યા છે

(એજન્સી) તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે જણાવ્યું હતું કે સરકારની UDAN યોજના, જે નાના શહેરોને હવાઈ મુસાફરી સાથે જોડવાના અને ઉડાનને વધુ સસ્તું બનાવવાના ઉદ્દેશ્યની પહેલ છે, તેના લીધે ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું છે.

મોદીએ X પર લખ્યું કે, આજે, અમે #8YearsOfUDANની ઉજવણી કરીએ છીએ, આ પહેલે ભારતના ઉડ્ડયન ક્ષેત્રને બદલી નાખ્યું છે. એરપોર્ટની સંખ્યામાં વધારાથી લઈને વધુ હવાઈ માર્ગો સાથે આ યોજનાએ કરોડો લોકોને ઉડ્ડયનની સુવિધા આપી છે. વેપાર અને વાણિજ્યને વેગ આપવા અને પ્રાદેશિક વિકાસને આગળ વધારવા પર તેની સારી અસર પડી છે. આવનારા સમયમાં, અમે ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત પગલાં લાઈશે અને લોકો માટે વધુ સારી કનેક્ટિવિટી અને આરામ પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

ભાજપ સરકારે ૨૧ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ભારે ધામધૂમ વચ્ચે UDAN (ઊડે દેશકા આમ નાગરિક) ચદેશના સામાન્ય માણસને પણ હવાઈ મુસાફરીનો અધિકાર છે શરૂ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, "સામાન્ય માણસ જે ચપ્પલ પણ પહેરતો હોય છે, તેને પણ વિમાનમાં મુસાફરી કરવાની તક મળવી જોઈએ. આ મારું સપનું છે. ટૂંકમાં આ જનતા માટે સસ્તી હવાઈ મુસાફરી માટે પહેલ હતી.

જો કે, આ યોજનાને નિયંત્રક અને મહાલેખકલેક્ષક (CAG)થી લઈને NITI આયોગ દ્વારા તેની કામગીરી અને સુસંગતતા સહિતના પ્રશ્નોનો સામનો કરવો પડ્યો છે. પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોના અહેવાલ મુજબ, માર્ચ ૨૦૨૩ સુધીમાં, આ યોજના હેઠળ કુલ ૭૩ બિન-સર્વ્ડ/અન્ડરસર્વ્ડ એરપોર્ટ, જેમાં ૯ હેલિપોર્ટ અને ૨ વોટર એરોડ્રોમ્સ સામેલ છે તે કાર્યરત છે. પરંતુ નાગરિક ઉડ્ડયનના જુનિયર મંત્રી મુરલીધર મોહોલે ૮ ઓગસ્ટ, ૨૦૨૪માં અંબાલા કોંગ્રેસના સાંસદ વરુણ ચૌધરીના સંસદીય પ્રશ્નના જવાબમાં આ જણાવ્યું હતું કે આ યોજનામાં ઓગસ્ટ ૨૦૨૪




સુધી રૂ.૪,૦૭૧ કરોડનો ખર્ચ થયો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ૮૭૦ માન્ય રૂટ આપ્યા હતા, પરંતુ ૫૭૯ રૂટ કાર્યરત થયા હતા. અને, મોહોલના જણાવ્યા અનુસાર, એરલાઈન્સે યોજનાના પ્રથમ ત્રણ વર્ષમાં ૧૦૬ રૂટ બંધ કર્યા હતા. UDAN એ માર્કેટ સંચાલિત સ્કીમ છે જેમાં કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે એરલાઈન્સ દ્વારા બિડિંગ માટે બિનસલાહિત અને અન્ડરસર્વ્ડ એરસ્ટ્રીપ્સ/ એરપોર્ટને સૂચિબદ્ધ કરવામાં આવે છે. વધુ ગંતવ્યોને આવરી લેવા માટે સમયાંતરે બિડિંગ રાઉન્ડ કરવામાં આવે છે.

છેલ્લા સત્રના સંસદીય પ્રશ્નો અને જવાબો મુજબ, સરકારે UDANના પાંચ રાઉન્ડ હેઠળ અત્યાર સુધીમાં ૧૨ બિડિંગ કરી છે. સરકારે એ પણ સ્વીકાર્યું છે કે ઘણી સમસ્યાઓના કારણે ઘણા રૂટ કાર્યરત થઈ શક્યા નથી. દાખલા તરીકે, સ્પાઈસજેટને શિવમોગ્ગાને દિલ્હી, હૈદરાબાદ અને ચેન્નાઈ સાથે જોડતા રૂટ આપવામાં આવ્યા હતા, પરંતુ એરલાઈન્સે એરક્રાફ્ટની અછતને કારણે તેનું સંચાલન શરૂ કર્યું નથી. તમિલનાડુ રાજ્યમાં, પાંચ એરપોર્ટ - સાલેમ, તાંજોર, રામનાદ, વેલ્લોર અને નેવેલી - આ યોજના હેઠળ લેવામાં આવ્યા હતા, પરંતુ માત્ર સાલેમની જ કાર્યરત ફ્લાઈટ્સ છે. સિક્કિમમાં પાક્યોંગ જેવા કેટલાક નવા એરપોર્ટ ટેક ઓફ કરવામાં નિષ્ફળ રહ્યા છે. અયોધ્યા જેવા અન્ય કેટલાક લોકોએ માંગના અભાવને કારણે એરલાઈન્સે ફ્લાઈટ રદ કરી દીધી છે. એરપોર્ટના સંચાલનમાં આ વિલંબના કારણોમાં જમીનની અનુપલબ્ધતા, ટેકનિકલ અને ઓપરેશનલ અવરોધો, નવી એરલાઈન્સ માટે પરમિટનો સમય અને યોગ્ય એરક્રાફ્ટની ઉપલબ્ધતા, એરક્રાફ્ટ લીઝિંગની સમસ્યાઓ, નાના એરક્રાફ્ટની જાળવણીની સમસ્યાઓ છે.

CAG દ્વારા ગયા વર્ષે એક અહેવાલમાં જણાવાયું હતું કે, ૭૭૪ રૂટમાંથી ૫૨% (૪૦૩) એ કામગીરી શરૂ કરી ન હતી. જે ૩૭૧ રૂટની કામગીરી શરૂ કરવામાં આવી હતી તેમાંથી માત્ર ૩૦% એટલે કે ૧૧૨ રૂટએ ત્રણ વર્ષનો સમયગાળો પૂર્ણ કર્યો હતો. વધુમાં, આ ૧૧૨ રૂટમાંથી, માત્ર ૫૪ રૂટ (૭૭૪ રૂટમાંથી ૭%) ત્રણ વર્ષના સમયગાળા પછી પણ કામગીરી ચાલુ રાખી શક્યા હતા. બાકીના ૫૮ રૂટમાં કન્સેશન પિરિયડ પૂરો થયા બાદ કામગીરી બંધ કરી દેવામાં આવી હતી.

CAG ના અહેવાલના થોડા દિવસો પહેલા, NITI આયોગે આ યોજનાની સુસંગતતાનું મૂલ્યાંકન કરવા તેમજ પ્રાદેશિક જોડાણમાં સુધારો અને હવાઈ મુસાફરીને આર્થિક રીતે પોસાય એવી છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવા દરખાસ્તો મંગાવી હતી. સીએજીનો અહેવાલ પ્રકાશિત થયા પછી તરત જ, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે સામાન્ય લોકોને ફક્ત જૂઠા જુમલાઓ અને ખાલી વચનો જ આપવામાં આવે છે.

# જુનિયર ડોક્ટરોની ૧૦ પોઈન્ટની માગણીઓ



| માગણીઓ | રાજ્યની સ્થિતિ | માગણીઓ | રાજ્યની સ્થિતિ |
|---|---|---|---|
| પારદર્શક અને ઝડપી ન્યાય | આ કેસ CBIની તપાસ હેઠળ છે | પુરૂષ અને મહિલા પોલીસ કર્મચારીઓની કાયમી નિમણૂક | પ્રક્રિયા ચાલુ છે. |
| આરોગ્ય સચિવને હટાવવા | આ માગણી પૂરી કરવામાં આવી નથી | | |
| કેન્દ્રિય રેફરલ સિસ્ટમ | પાયલોટ પ્રોજેક્ટ ચાલુ છે | હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓની ભરતી | શરૂ થઈ નથી |
| ડિજિટલ બેડ વેકેન્સી મોનિટર | પાયલોટ પ્રોજેક્ટ ચાલુ છે | ધમકી સિન્ડિકેટ નાબૂદ કરવા તપાસ સમિતિ | રાજ્ય કક્ષાએ સમિતિની સ્થાપના |
| કોલેજ આધારિત માંગણીઓ : | | | |
| ● ટાસ્ક ફોર્સની રચના | ● - શરૂ થઈ ગઈ છે | વિદ્યાર્થી સંઘની ચૂંટણીની શરૂઆત અને રેસિડેન્ટ ડોક્ટર એસોસિએશનની માન્યતા | પૂર્ણ થઈ નથી |
| ● CCTV | ● ચાલુ છે | | |
| ● કૉલ રૂમ, બાથરૂમ પર | ● પ્રક્રિયા ચાલુ છે. | | |
| ● પેનિક બટન | ● ચાલુ છે | WBMC અને WBHRBમાં ભ્રષ્ટાચારની તપાસ | પૂર્ણ થઈ નથી |
| ● હેલ્પલાઈન નંબર | ● - શરૂ થઈ ગઈ છે | | |

# સાંપ્રદાયિક ઘટનાઓમાં આરોપીઓ પર કાર્યવાહી કરો : ઓલ ઈન્ડિયા મિલ્લી કાઉન્સિલ ઓફ તેલંગાણા

(એજન્સી) તા.૨૧

તેલંગાણામાં તાજેતરના સમયમાં વધતી જતી સાંપ્રદાયિક ઘટનાઓથી ચિંતિત રાજ્યની ઓલ ઈન્ડિયા મિલ્લી કાઉન્સિલે રાજ્યના પોલીસ મહાનિર્દેશક ડૉ. જિતેન્દ્રને આવી ઘટનાઓમાં સામેલ આરોપીઓ સામે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું હતું. એક અખબારી યાદીમાં તેલંગાણાની ઓલ ઈન્ડિયા મિલી કાઉન્સિલના જનરલ સેક્રેટરી મુફ્તી ઓમર આબિદીને જણાવ્યું હતું કે કાઉન્સિલ તમામ આસ્થાના સન્માન અને શાંતિ માટે પ્રતિબદ્ધ છે. એક દિવસ પહેલા સિકંદરાબાદમાં, મુથ્યાલમ્મા મંદિરની અપવિત્રતાના વિરોધમાં ઘણા જમણેરી સભ્યો એકઠા થયા હતા, જે હિંસક બન્યું હતું. બજરંગ દળ અને વિશ્વ હિંદુ પરિષદ (VHP)ના સભ્યોના ટોળાએ એક મસ્જિદ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો જેના પરિણામે હૈદરાબાદ પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે ૩૦૦૦થી વધુ લોકો કોઈપણ પરવાનગી વિના એકઠા થયા હતા. જમણેરી સભ્યો, પોલીસે તેમને મંદિરની નજીકની મસ્જિદ સુધી પહોંચતા અટકાવતા રોષે ભરાયેલા લોકોએ બોટલો અને પથ્થરમારો કર્યો, જેમાં ૧૫ પોલીસકર્મીઓ ઘાયલ થયા, જેમાં એકને માથામાં ઈજા થઈ. કાઉન્સિલે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે તેલંગાણાની



ઓલ ઈન્ડિયા મિલી કાઉન્સિલ દૃઢપણે માને છે કે સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાના ઉદ્દેશ્યથી બનેલી આવી ઘટનાઓ સાથે શક્ય તેટલી મજબૂત રીતે કાર્યવાહી કરવી જોઈએ. અમે પોલીસ સત્તાવાળાઓને વિનંતી કરીએ છીએ કે આરોપીઓને ન્યાય અપાવવા માટે ઝડપી અને નિર્ણાયક પગલાં લેવામાં આવે, તેની ખાતરી કરીને તપાસ ઝડપથી હાથ ધરવામાં આવે અને જવાબદારો કાયદાના સંપૂર્ણ બળનો સામનો કરે. કાઉન્સિલ અસરગ્રસ્ત સમુદાય સાથે સંપૂર્ણ એકતામાં ઉભી છે અને શાંતિ અને સંવાદિતા જાળવવા માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. સિકંદરાબાદની ઘટનામાં મુંબઈના વતની સલમાન પર પોલીસે મૂર્તિની અપવિત્ર કરવા બદલ ગુનો નોંધ્યો હતો. કાઉન્સિલે આસિફાબાદ જિલ્લાના જૈનૂરમાં મુસ્લિમ-માલિકીની મિલકતો સામેની તાજેતરની હિંસા પર પણ પ્રકાશ પાડ્યો હતો, જે એક મુસ્લિમ આરોપી દ્વારા આદિવાસી મહિલા પર જાતીય હુમલાના પ્રયાસ પછી થઈ હતી. ૫૦૦૦ હજારના મજબૂત ટોળાએ મિલકતો પર હુમલો કર્યો હતો.

# ગૌરી લંકેશ હત્યા અને UAPAનો આરોપી શિંદે સેના માટે પ્રચાર કરશે ? કે પછી...

(એજન્સી) તા.૨૧

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા પત્રકાર ગૌરી લંકેશની હત્યાનો આરોપી શ્રીકાંત પંગારકર જાલનામાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનામાં જોડાયો છે. ૫ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ, પત્રકાર ગૌરી લંકેશની બેંગ્લુરૂમાં તેમના ઘરની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પત્રકાર ગૌરી લંકેશ હત્યા કેસમાં કર્ણાટકમાં પોલીસે મહારાષ્ટ્રની એજન્સીઓની મદદથી હાથ ધરેલી તપાસમાં અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૦૧ અને ૨૦૦૬ વચ્ચે અવિભાજિત શિવસેનાના જાલના ખાતે મ્યુનિસિપલ કાઉન્સિલર રહેલા પંગારકરની ઓગસ્ટ ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે ૪ સપ્ટેમ્બરે કર્ણાટક હાઈકોર્ટે તેમને જામીન આપ્યા હતા. તે ૨૦૧૮ નાલાસોપારા આર્મ્સ રિકવરી કેસમાં પણ આરોપી છે, જેમાં તેને અગાઉ જામીન મળી ચૂક્યા છે. બંને કેસમાં હજુ સુનાવણી ચાલી રહી છે. શુક્રવારે પંગારકર પાર્ટીના નેતા અને રાજ્યના પૂર્વ મંત્રી અર્જુન ખોટકરની હાજરીમાં શિંદે સેનામાં જોડાયો હતો. અર્જુન



ખોટકરે કહ્યું હતું કે તેમને (પંગારકર)ને જાલના વિધાનસભા ક્ષેત્રમાં પાર્ટીના ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે. ખોટકર વિધાનસભાની ચૂંટણી લડે તેવી શક્યતા છે. તેમણે કહ્યું હતું કે પંગારકર પૂર્વ શિવસૈનિક છે અને પાર્ટીમાં પાછા ફર્યા છે. તેમને જાલના વિધાનસભા ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ પાર્ટી માટે કામ કરી રહ્યા છે. કોર્ટ દ્વારા તેને મુક્ત કરવામાં આવ્યો છે અને ન્યાયિક કાર્યવાહી પૂર્ણ કરીને તે જેલમાંથી બહાર આવ્યો છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું પંગારકરને પાર્ટીની ટિકિટ મળશે, તો તેના જવાબમાં ખોટકરે કહ્યું હતું કે તેઓ જાલનામાં પાર્ટી માટે કામ કરશે. જાલના બેઠક કોંગ્રેસના કૈલાશ ગોરંત્યાલ પાસે છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦ નવેમ્બરે યોજાશે, જ્યારે પરિણામ ૨૩ નવેમ્બરે જાહેર થશે. વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે પૂરો થાય છે. જો કે, જ્યારે શિંદે સેનાના પ્રવક્તા અને વિધાનસભ્ય સંજય શિરસાટનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેઓ પંગારકરના પક્ષમાં જોડાવા વિશે જાણતા નથી. લંકેશની ૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બેંગ્લુરૂમાં તેમના ઘરની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કર્ણાટક પોલીસની SITએ આ હત્યા માટે પંગારકર સહિત સનાતન સંસ્થા અને અન્ય સંગઠનો સાથે જોડાયેલા ૧૭ લોકોની ધરપકડ કરી હતી. બેંગ્લુરૂની સેશન્સ કોર્ટે તાજેતરમાં ગૌરી લંકેશ હત્યા કેસમાં સામેલ આઠ આરોપીઓને જામીન આપ્યા છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં કર્ણાટક હાઈકોર્ટે અન્ય ચાર આરોપીઓને પણ જામીન આપ્યા હતા. આ પછી ૯ ઓક્ટોબરના રોજ, સેશન્સ કોર્ટે જામીન પર રાહત આપી હતી, ત્યારબાદ ૧૧ ઓક્ટોબરના રોજ તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

# રાત્રીના ઉજાગરા, સામાજિક પ્રસંગોમાં ગેરહાજરી : દિલ્હીના ઉદ્યોગસાહસિકની સફળતાના મંત્ર સામે ઈન્ટરનેટ પર રોષ

## ૨૩ વર્ષીય ઉદ્યોગસાહસિક કુશલ અરોરાએ દાવો કર્યો હતો કે તેણે કલાકો સુધી કામ કર્યું, ઉજાગરા કર્યા અને તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપવાનું પણ છોડી દીધું હતું

(એજન્સી) તા.૨૧

દિલ્હી સ્થિત એક ઉદ્યોગસાહસિકે સોશિયલ મીડિયા પર પોતાનું 'સપના મુજબનું જીવન' હાંસલ કરવા માટે 'નિંદ્રા વિનાની રાત' વિશે બડાઈ માર્યા બાદ વિવાદ ઉભો કર્યો છે. ૨૩ વર્ષીય ઉદ્યોગસાહસિક કુશલ અરોરાએ દાવો કર્યો હતો કે તેણે લાંબા કલાકો સુધી કામ કર્યું હતું, તેની ઊંઘનું બલિદાન આપ્યુ હતું અને તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાનું છોડી દીધું હતું. ઉદ્યોગસાહસિકે એ પણ પ્રકાશિત કર્યું કે તે સમયે તેમના બલિદાનોએ તેમને નાણાકીય સફળતા હાંસલ કરવામાં મદદ કરી હતી અને હવે તેઓ વાર્ષિક $૫,૦૦,૦૦૦ (અંદાજે રૂ.૪ કરોડ) કમાણી કરે છે. જો કે, X (અગાઉ ટ્વિટર) પર તેની પોસ્ટ લોકોને ગમી નથી અને ઘણા વપરાશકર્તાઓએ તેના સફળતાના મંત્રને નકારી કાઢ્યો છે. દર્શકો પાસેથી તેણે જે પ્રશંસાની અપેક્ષા રાખી હતી તેના બદલે સોશિયલ મીડિયા યુઝર્સે યુવાનો પર અયોગ્ય દબાણ બનાવવા બદલ તેની નિંદા કરી. આ પોસ્ટમાં ઊંઘના મહત્ત્વ, કાર્ય-જીવન સંતુલન અને સુખાકારી કરતાં કારકિર્દીને પ્રાધાન્ય આપવાના સંભવિત નકારાત્મક પરિણામો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. અરોરાએ તેની પોસ્ટમાં લખ્યું કે, "હું ૨૩ વર્ષનો છું, વાર્ષિક $૫,૦૦,૦૦૦થી વધુ કમાઉં છું. જ્યારે મારી ઉંમરના વિદ્યાર્થીઓ પાર્ટી કરતા હતા અને મોજમજા કરતાં હતા, ત્યારે હું નિંદ્રાહીન રાતો કામ કરતો હતો,



સામાજિક પ્રસંગો ચૂકી જતો હતો, નિષ્ફળતા/અસ્વીકાર સાથે કામ કરતો હતો અને કામ-જીવનનું સંતુલન ગુમાવતો હતો. પરંતુ મેં તે પસંદ કર્યું. શું તમે તમારૂં સપના મુજબનું જીવન ઘડી રહ્યા છો?" આ પોસ્ટ ૧૬ ઓક્ટોબરના રોજ શેર કરવામાં આવી હતી અને ત્યારથી સોશિયલ મીડિયા યુઝર્સે તેમના મંતવ્યો શેર કરવા માટે કોમેન્ટ સેક્શનમાં પ્રવેશ કર્યો છે. જ્યારે ઉદ્યોગસાહસિકનો ઈરાદો યુવા દિમાગને પ્રેરણા આપવાનો હતો, ત્યારે બધા આ વિચારથી પ્રભાવિત થયા ન હતા. કેટલાકે તેના પ્રયત્નોની પ્રશંસા કરી અને કહ્યું કે તે સાચો દાખલો બેસાડી રહ્યો છે; અન્ય લોકો માનતા હતા કે તેમની પોસ્ટ યુવા પેઢીઓ માટે બિનજરૂરી દબાણ બનાવશે. એક વપરાશકર્તાએ કહ્યું, "ઘણા ૨૩-વર્ષના લોકો હજુ પણ પાર્ટી કરી રહ્યા છે, મોજમજા કરી રહ્યા છે, જીવનનો હેતુ શોધી રહ્યા છે અને તેને હળવાશથી લઈ રહ્યા છે ! આ પેઢી માટે એક ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કરવા બદલ તમને અભિનંદન," એક ટિપ્પણીમાં લખવામાં આવ્યું હતું કે, "તમે તમારૂં જીવન જીવ્યા, તેઓ તેમનું જીવન જીવે છે. દરેક જણ આટલું કમાવવાનું સપનું નથી જોતું, તેને ફેન્સી શો-ઓફ બનાવવાનું બંધ કરો. તમે સખત મહેનત કરી તમને તમારા પૈસા મળ્યા. તેની સાથે જીવો. જો તેઓ આટલી કમાણી ન કરે તો તેમના માટે દબાણ બનાવવાનું બંધ કરો,". બીજી કોમેન્ટમાં લખવામાં આવ્યું હતું કે, "હું તે ઉંમરે પાર્ટી કરતો હતો અને હવે તમે જે કહ્યું તેના કરતા વધુ કમાણી કરી રહ્યો છું. હું કહેવા માંગુ છું કે જો તે તમારા માટે કામ કરી રહ્યું છે તો તેનો અર્થ એ નથી કે તે દરેક માટે કામ કરશે. બીજું ઉદાહરણ, લાખો ખેલાડીઓ ભારત માટે રમવા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે પરંતુ માત્ર ૧૧ જ ક્વોલિફાય થાય છે." એક વપરાશકર્તાએ જણાવ્યું, 'તમે ક્યારેક પાર્ટી કરી શકો છો અને આરામ કરી શકો છો, દરરોજ આખો દિવસ ઉતાવળ કરવાની જરૂર નથી,' તેણે જે પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો હતો તેના પર પ્રતિક્રિયા આપતા યુવા ઉદ્યોગસાહસિકે કહ્યું, "હું માત્ર ૧૯ વર્ષનો હતો ત્યારે મારા માતા-પિતા પાસેથી નિવૃત્તિ લેવાની મારી સફર શેર કરી રહ્યો છું. જો તેનાથી યુવાનો પર કોઈ દબાણ સર્જાય છે, તો તેઓ ખુશીથી મારી સામગ્રીને મ્યૂટ કરી શકે છે. પરંતુ, મારા લક્ષ્ય એવા યુવાન પ્રેક્ષકો છે જે પ્રેરણાની શોધમાં છે. અત્યાર સુધીમાં પોસ્ટને ૨,૦૫,૦૦૦થી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે અને સંખ્યા હજુ પણ વધી રહી છે.

# એક સમયે વેઈટર તરીકે કામ કર્યું, 3,000 રૂપિયા કમાતા હતા, આખરે અખિલ ભારતીય ક્રમાંક 156 સાથે UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક ગણાતી UPSC પાસ કરવા માટે ખૂબ જ સમર્પણ, સાતત્ય અને સખત મહેનતની જરૂર પડે છે. લગભગ દર વર્ષે, એવા ઉમેદવારોની ઘણી વાર્તાઓ સાંભળવા મળે છે જેઓ સંસાધનોની અછત હોવા છતાં પરીક્ષા પાસ કરે છે, જે લાખો લોકો માટે પ્રેરણારૂપ નીવડે છે. આજે આપણે જયગણેશની વાર્તા વિશે જાણીએ જેઓ ઘણી વખત હોટલમાં વેઈટર તરીકે સેવા આપીને IAS અધિકારી બન્યા. તેઓ UPSC CSE ૨૦૦૮માં પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૧૫૬ પ્રાપ્ત કર્યા પછી IAS અધિકારી બન્યા હતા. તમિલનાડુના વેલ્લોર જિલ્લાના વતની કે જયગણેશનો જન્મ અને ઉછેર ગરીબ પરિવારમાં થયો હતો. તેમના પિતા ચામડાની ફેક્ટરીમાં કામ કરતા હતા અને દર મહિને ૪,૫૦૦ રૂપિયા કમાતા હતા.

કોઈક રીતે, પરિવારે જયગણેશના અભ્યાસ માટે પૈસા પૂરા પાડવા વ્યવસ્થા કરી. પોતાના પરિવારનો મોટો દીકરો હોવાના કારણે જયગણેશ તેમના પિતાનો



બોજ વહેંચવા માગતા હતા. તેમનો ઉદ્દેશ્ય તેમના પરિવારને ગરીબીમાંથી બહાર કાઢવાનો હતો. તેઓ એક તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થી હતા જેણે મહેનતથી અભ્યાસ કર્યો હતો. જયગણેશે તેમની ૧૨મા ધોરણની પરીક્ષામાં ૯૨ ટકા મેળવ્યા અને આગળ અભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિ મેળવી. તેમણે મિકેનિકલ એન્જિનિયરિંગમાં સફળતાપૂર્વક પ્રવેશ મેળવ્યો. એન્જિનિયર તરીકે લાયકાત મેળવીને તેઓ કામ કરવા માગતા હતા. જો કે, તેમને ખ્યાલ આવ્યો કે તેમના પરિવારની જેમ જ અન્ય ઘણાં પરિવારો પણ આર્થિક સંકડામણ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા. ત્યારબાદ તેમને સમર્થન આપવા માટે તેમણે UPSC પાસ કરી અને IAS અધિકારી બનવાનું નક્કી કર્યું. UPSCમાં આગળ વધવાનું નક્કી કર્યા પછી, જયગણેશે પ્રથમ નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તેમણે ચેન્નાઈ સ્થિત કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવ્યો. કોચિંગ માટે ચૂકવણી કરવા માટે, તેમણે વેઈટરની નોકરી લીધી અને પરીક્ષા માટે અભ્યાસ કર્યો. જો કે, વેઈટર તરીકે તેમને મળતો પગાર તેમના જીવન ખર્ચ અને કોચિંગ ફી માટે પૂરતો ન હતો. તેમણે મૂવી થિયેટરમાં પણ કામ કરવાનું શરૂ કર્યું. તેઓ દર મહિને ૩,૦૦૦ રૂપિયા કમાતા હતા. ૨૦૦૪માં પ્રથમ પ્રયાસમાં તેઓ પરીક્ષામાં સફળ થઈ શક્યા નહીં આ પછી, તેમણે તેમના અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવા માટે થિયેટરની નોકરી છોડી દીધી. અદમ્ય ભાવનાથી પ્રેરિત, જયગણેશે ૨૦૦૮માં તેમના સાતમા પ્રયાસમાં પરીક્ષા પાસ કરી હતી. હાલમાં તેઓ ચેન્નાઈ, તમિલનાડુમાં અધિક્ષક CIT (OSD) તરીકે નિયુક્ત છે.

કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટ ચર્ચામાં

# બાબા સિદ્દીકીની જેમ મારી હત્યા થાય તો તે માટે એકલા IPS પાંડિયન જવાબદાર

## IPS પાંડિયન સાથેના વિવાદ મામલે મેવાણીની પોસ્ટ વાયરલ થતાં રાજકીય ગરમાવો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

બનાસકાંઠાના વડગામ વિધાનસભા મતવિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા X પર એક નોંધ મૂકી છે. આ નોંધને કારણે, ગુજરાતના રાજકારણ સહિત આઈપીએસ અધિકારીઓમાં હલચલ મચી જવા પામી છે. વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા X પર ટ્વિટ કરીને કહ્યું છે કે, ''બાબા સિદ્દીકીની જેમ, જો મારી કે મારા પરિવારના સભ્યો અથવા મારી ટીમના કોઈ સાથીદારની હત્યા થાય છે તો તેના માટે એકલા IPS રાજકુમાર પાંડિયન જવાબદાર રહેશે.''



જિજ્ઞેશ મેવાણીએ વધુમાં જણાવ્યું છે કે ''નકલી એન્કાઉન્ટર કેસમાં ૭ વર્ષ જેલમાં વિતાવનાર આ અધિકારીનું પાત્ર આખું ગુજરાત જાણે છે.'' ''ગમે તે થાય, હું ગુજરાત અને દેશના દલિતો, પછાત વર્ગો અને બહુજનના સ્વાભિમાનની લડાઈ ક્યારેય છોડીશ નહીં.''

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં, ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી દલિતોના મુદ્દે રજૂઆત કરવા માટે આઈપીએસ અધિકારી રાજકુમાર પાંડિયન સમક્ષ ગયા હતા. જ્યાં જિજ્ઞેશ મેવાણીના કહેવા અનુસાર રાજકુમાર પાંડિયને તેમનું અપમાન કર્યું હતું. ત્યારબાદ, જિજ્ઞેશ મેવાણીએ આ મુદ્દે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને એક પત્ર લખીને આઈપીએસ રાજકુમાર પાંડિયન સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી હાથ ધરવા માટે જણાવ્યું હતું. આ પ્રકરણમાં આજે વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા X પર ટ્વિટ કરીને તેમની, તેમના પરિવારના કોઈ સભ્યની કે તેમની ટીમના કોઈ સભ્યની હત્યા થાય છે તે તેના માટે માત્રને માત્ર આઈપીએસ અધિકારી રાજકુમાર પાંડિયન જવાબદાર રહેશે. આ ટ્વિટ પીએમઓ, કેન્દ્રીય ગૃહપ્રધાનના કાર્યાલય અને વિવિધ સમાચાર માધ્યમોને ટેગ કર્યાં છે. તેમની આ પોસ્ટ વાયરલ થતાં વ્યાપક ચર્ચા શરૂ થવા સાથે રાજકીય માહોલ પણ ગરમાયો છે.

વાંધા ધરાવતી જમીનોના અનેક ઓર્ડર પણ નકલી કોર્ટે કર્યા !

# લ્યો બોલો ! અમદાવાદમાં હવે આખે આખી નકલી કોર્ટ ઝડપાતા ખળભળાટ

## સિટી સિવિલ કોર્ટની સામે જ સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં અત્યાર સુધી નકલી કચેરીથી લઈને નકલી પોલીસ, નકલી અધિકારી, નકલી ટોલનાકા, આખે આખી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, ક્લિનિક ચલાવતા બોગસ તબીબ વગેરે ઝડપાયા હતા. પરંતુ હવે આજ બાકી હતું. તે સાઉથની ફિલ્મની જેમ અમદાવાદમાં આખે આખી નકલી કોર્ટ ઝડપાઈ છે. અમદાવાદમાં સિટી સિવિલ કોર્ટની સામે જ નકલી કોર્ટનો ભાંડો ફૂટ્યો છે. રાજ્યમાં નકલીનો રાફડો ફાટ્યો છે, ત્યારે નકલી પોલીસ અને અધિકારીઓ બાદ નકલી કોર્ટ પકડાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમદાવાદમાં હવે નકલી કોર્ટ પકડાઈ છે. જેમાં આર્બિટ્રેટર બની અનેક નકલી ઓર્ડર અપાયા હોવાનો ખુલાસો





થયો છે. મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન નામના વ્યક્તિએ નકલી ઓર્ડર આપ્યા છે. આ સમગ્ર ઘટનાનો ભાંડો સિટી સિવિલ કોર્ટની સામે જ ફૂટ્યો છે. આ નકલી કોર્ટમાં વાંધા વાળી જમીનોના અનેક ઓર્ડર કર્યા હોવાની વાત સામે આવી છે. નકલી લવાદ બનીને પણ અનેક ઓર્ડર કર્યા હોવાની વિગતો બહાર આવી છે. આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવતા હડકંપ મચી ગયો હતો. આ ઘટનામાં કોર્ટે મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિન નામના યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધવા જણાવ્યું છે. રજિસ્ટ્રારે મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન સામે ફરિયાદ નોંધાવી છે. બીજી બાજુ પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી દીધી છે. જોકે આ રીતે આખી નકલી કોર્ટ ઝડપાવાવાની વાત પ્રસરતાં લોકોમાં આધર્ય સાથે ચર્ચા વ્યાપક બની છે.

આરોપીએ ખોટી ટ્રિબ્યુનલ એટલે કે કોર્ટ ઊભી કરી અને ન્યાયની કોર્ટ હોય તેવું વાતાવરણ ઊભું કર્યું હતું. કોર્ટ સ્ટાફ અને વકીલો ઊભા કરી પોતે જજની જેમ વર્તીને જાતે જ ક્લેઈમ સેટલમેન્ટ કરી દાવો તૈયાર કરી અને કરાવી સરકારી જમીન ખાનગી વ્યક્તિને આપી દીધી. કરોડોની સરકારી જમીન ખાનગી વ્યક્તિના નામે કરી અસલ કોર્ટમાં દરખાસ્ત કરી હતી. ખોટો આર્બિટ્રેશન ઓર્ડર કોર્ટમાં રજૂ કરી છેતરપિંડી કર્યા મામલે પણ ફરિયાદ કરવા કોર્ટે હુકમ કર્યો છે.

ફરિયાદ બાદ તેની અરજી મુખ્ય સચિવ, રેવન્યુ સચિવ, ગૃહ વિભાગના સચિવ, રાજ્ય સરકાર અને અમદાવાદ કલેક્ટરને તેની કોપી મોકલી આપવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

# કોલેજોના વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ સનદ ઈશ્યુ કરવા ગુજરાત બાર કાઉન્સિલને હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

રાજ્યની સરકારી અનુદાનિત જુદી જુદી લો કોલેજોમાં અભ્યાસ કરીને કાયદામાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજીની સુનાવણીમાં જસ્ટિસ અનિરૃધ્ધા માયીએ એક મહત્ત્વના આદેશ મારફતે અરજદાર લો કોલેજોના વિદ્યાર્થીઓને પ્રોવીઝનલ સનદ ઈશ્યુ કરવા ગુજરાત બાર કાઉન્સીલને વચગાળાનો હુકમ કર્યો છે. આ હુકમના કારણે રાજ્યના ૫૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને ફાયદો થશે. તેઓ આગામી તા.૨૫મી નવેમ્બરે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાનારી ઓલ ઈન્ડિયા બાર એકઝામમાં બેસી શકશે.

આ બાબતે ગુજરાત બાર કાઉન્સીલનાં સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના આ હુકમને પગલે હવે ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા આવતીકાલથી જ ઉમેદવારોને પ્રોવીઝનલ સનદ નંબર આપવાનું શરૃ કરાશે. આ માટે વધારાનો સ્ટાફ પણ કામે લગાડાશે કે જેથી તેઓને ઝડપથી સનદ મળી શકે અને તેઓ ઓલ ઈન્ડિયા બાર એકઝામના ફોર્મ તાત્કાલિક ભરી શકે. વળી, ઓલ ઈન્ડિયા બાર એકઝામની ફોર્મ ભરવાની છેલ્લી તારીખ તા.૨૫ ઓકટોબર હતી, તે લંબાવીને તા.૩૧ ઓકટોબર,૨૦૨૪ કરાઇ છે. લો કોલેજ તરીકે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની કાયદેસર માન્યતા નહી હોવાથી વિદ્યાર્થીઓને સનદ આપવાનો ઈન્કાર કરવામાં આવતા તેઓએ હાઈકોર્ટમાં અરજીઓ કરી હતી. અમદાવાદની એમ.એન.લો કોલેજ, ડી.ટી.લો કોલેજ, વિવેકાનંદ લો કોલેજ, ડી.એલ. કોલેજ, ભુજ, વી.ટી.ચોકસી લો કોલેજ, સુરત, દિનશા ડબુ લો કોલેજ, નવસારી સહિતની જુદી જુદી ગ્રાંટેડ લો કોલેજોના એકસોથી વધુ વિદ્યાર્થીઓ તરફથી કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, અરજદાર વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજોમાંથી ગ્રેજયુએશન પૂર્ણ કર્યુ હતુ અને બાદમાં આ લો કોલેજમાં એલએલબીમાં પ્રવેશ મેળવ્યો હતો. અરજદારોએ ત્રણ વર્ષનો એલએલબીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુજરાત બાર કાઉન્સીલમાં પ્રોવીઝનલ સનદ માટે એપ્લાય કર્યુ પરંતુ તેઓને પ્રોવીઝનલ સનદ પૂરી પાડવામાં આવી નહી ત્યારે અરજદારોને જાણ થઈ કે, પાછલા કેટલાક વર્ષોથી આ લો કોલેજો બીસીઆઈનું માન્યતા ધરાવતી ન હતી. આ લો કોલેજો તરફથી બીસીઆઈની માન્યતા મેળવાઈ નથી, તેમાં વિદ્યાર્થીઓનો કોઈ વાંક જ નથી. તેમછતાં હવે બીસીઆઈની માન્યતાના અભાવે હજારો વિદ્યાર્થીઓની પ્રોવીઝનલ સનદ અટવાઈ છે. પ્રોવીઝનલ સનદ વિના અરજદારો વકીલાતની કામચલાઉ પ્રેકટીસ કે અનુભવ મેળવી શકે નહી તેવી કફોડી સ્થિતિ બની છે. તો પ્રોવીઝનલ સનદ વિના અરજદાર ઉમેદવારો બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાતી ઓલ ઈન્ડિયા બાર એકઝામમાં પણ બેસી શકે તેમ નથી. આથી તેઓને સનદ મળવી જોઈએ.

ભાડૂઆત નોંધણી અંગે રાજ્યભરમાં ડ્રાઈવ યોજાઈ

# રાજ્યમાં નિયમોનું પાલન નહીં કરનાર ૨,૫૧૫ ભાડૂઆતો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ

## સુરતમાં ૫૨૭ તો અમદાવાદમાં ૪૪૩ ભાડૂઆતો/માલિકો વિરૂદ્ધ કાર્યવાહી થઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

રાજ્યભરમાં ૧૩ થી ૧૮ ઓક્ટોબર દરમિયાન ગુજરાત પોલીસ દ્વારા ભાડૂઆત નોંધણીની ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં છેલ્લા એક સપ્તાહમાં ૩૦,૩૦૫ ભાડૂઆતોને ચેક કરવામાં આવ્યા. તેમજ નિયમોનું પાલન નહીં કરનાર ૨,૫૧૫ ભાડૂઆતો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી. ઈન્ચાર્જ રાજ્ય પોલીસ વડા ડૉ. શમશેરસિંઘની સુચના અનુસાર ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં ભાડુઆત નોંધણી અંગે એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ તા. ૧૩ થી તા. ૨૭ ઓક્ટોબર સુધી નિર્ધારીત કરવામાં આવેલ છે. ભાડુઆતની નોંધણીના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવી રાજ્યમાં ગુનાઓ બનતા અટકે જેના થકી રાજ્યમાં સલામત અને સુરક્ષિત વાતાવરણનું નિર્માણ થાય તે ગુજરાત પોલીસની આ વિશેષ ઝુંબેશનો હેતુ છે. પોલીસ દ્વારા શરુ કરાયેલી આ ભાડુઆત નોંધણી અંગેની ખાસ ઝુંબેશ હેઠળ પોલીસ દ્વારા ભાડુઆત નોંધણી અંગે ઘેર-ઘેર જઈને તપાસ કરવામાં આવી રહેલ છે. ગુજરાત પોલીસ દ્વારા આ મામલે સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરી જાહેર જનતાને ભાડુઆત નોંધણીના નિયમોનું ચુસ્ત પાલન કરવા વાકેફ કરવામાં આવેલ છે. નાગરિકોએ ભાડુઆત નોંધણી માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી. તેઓ ગુજરાત સિટીઝન ફસ્ટર એપ મારફતે ઘરે બેઠાં સરળતાથી ઓનલાઈન નોંધણી કરી શકે છે. આ ખાસ ઝુંબેશ દરમિયાન પોલીસ દ્વારા ભાડુઆતોની કે મકાન માલિકોની ખોટી રીતે કનડગત કે હેરાનગતિ ન થાય તેમજ પોલીસ કાર્યવાહીમાં પુરતો શિષ્ટાચાર જળવાઈ રહે તે માટે તમામ એકમોના પોલીસ વડાઓને રાજ્ય પોલીસ વડા દ્વારા જરૂરી તકેદારી તથા સુપરવિઝન રાખવા સુચના આપવામાં આવી છે. મકાન ભાડે રાખી ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા કેટલાક ગુનેગારોની અગાઉ ધરપકડ કરવામાં આવી છે. ગુનાહિત પ્રવૃત્તિઓમાં ભાડાના મકાન કે અન્ય પ્રોપર્ટીનો ઉપયોગ થતો હોય જેને અટકાવી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા ભાડુઆતની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. આ ખાસ ઝુંબેશ દરમિયાન તા. ૧૩ થી ૧૮-૧૦-૨૦૨૪ સુધીમાં મકાન ભાડુઆત ચેકીંગ દરમિયાન રાજયમાં કુલ ૩૦,૩૦૫ ભાડુઆતોને ચેક કરવામાં આવેલ છે. જેમાંથી નોંધણીના નિયમોનું પાલન નહીં કરનારા કુલ ૨૫૧૫ ભાડુઆતો / માલિકો વિરૂદ્ધ પોલીસ દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં અમદાવાદ શહેર ૧૨૧, સુરત શહેર ૧૯૨, વડોદરા શહેર ૧૧૨, રાજકોટ શહેર ૯૦, અમદાવાદ રેન્જ-૩૨૨, ગાંધીનગર રેન્જ-૧૧૨, વડોદરા રેન્જ-૪૯૦, પંચમહાલ રેન્જ-૧૦૧, સુરત રેન્જ-૫૨૭, રાજકોટ રેન્જ-૨૩૬, જૂનાગઢ રેન્જ-૩૭, ભાવનગર રેન્જ-૧૦ અનેસરહદી રેન્જ-૧૬૫ ભાડુઆતો/માલિકોનોસમાવેશ થાયછે.

પોલીસ સ્ટેશનમાં રજિસ્ટરમાં સહી કરવા માટે જઈ રહ્યા હતા

# અમદાવાદમાં બસે ટક્કર મારતા TRB જવાનનું ઘટના સ્થળે જ મોત

## પોલીસે કોલેજ બસ ચાલકની અટકાયત કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

અમદાવાદના મેઘાણીનગર એફએસએલ ચાર રસ્તા પાસે અકસ્માતે ટીઆરબી જવાનનું મોત થયાની ઘટના સામે આવી છે.

શહેર પોલીસ દ્વારા હેલ્મેટ પહેરવા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે અને હેલ્મેટ પહેરવાનું મહત્વ સમજાવવામાં આવી રહ્યુ છે. ત્યારે પોલીસના જ ટીઆરબીમાં ફરજ બજાવતા કર્મચારીનું સવારના સમયે બસ સાથે અકસ્માત થતા મોત નીપજ્યું છે. ટીઆરબી જવાન બાઇક ઉપર પોતાની ફરજ પર જવા માટે જઈ રહ્યો હતો, તે દરમિયાન બસે ટક્કર મારતા ટીઆરબી જવાનને માથામાં ગંભીર ઈજા થઈ હતી. જેના કારણે તેમનું સ્થળ પર જ મોત થયું હતું. ટીઆરબી જવાનનો જ્યાં અકસ્માત થયો તે જ જગ્યા પર તેમના પિતા ત્રણ મહિના અગાઉ એએસઆઇ તરીકે જ ફરજ બજાવતા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર મેઘાણીનગર FSL ચાર રસ્તા પાસેથી એફ ડિવિઝનમાં ફરજ બજાવતા TRB જવાન સચિન પટણી પોલીસ સ્ટેશનમાં રજિસ્ટરમાં સહી કરવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન ગાંધીનગર યુનિવર્સિટીની કોલેજ બસ ત્યાંથી પસાર થતી હતી. જેણે સચિનના બાઈકને ટક્કર મારી હતી, જેના કારણે સચિનનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. બાઈક સ્લીપ થતા સચિનને પગ અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ગંભીર ઈજા થતાં જ સચિનનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે બસ ચાલકની અટકાયત કરી છે. આ અંગે F ડિવિઝન ટ્રાફિક પોલીસે બસ ડ્રાઈવર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતક સચિનના પિતા ગણપતભાઈ પોલીસ વિભાગમાં ASI તરીકે જ ફરજ બજાવે છે. આજથી ૩ મહિના અગાઉ તેઓ FSL ચાર રસ્તા ખાતેના ટ્રાફિક પોઈન્ટ પર જ ફરજ બજાવતા હતા. તેમની બદલી આવતા ૧ મહિના અગાઉ તેમને છૂટા કરવામાં આવ્યા છે. પુત્રના મોતના કારણે પરિવાર આઘાતમાં સરી પડયો છે.

# શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ દ્વારા જશ્ને સૈયદ તથા જશ્ને પીરાની અમ્મા (રહે.) ઉજવાયો



અમદાવાદ, તા.૨૧

શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાનીની અધ્યક્ષતામાં અને સૈયદ હમ્ઝા અશરફ અશરફીની આગેવાનીમાં શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ દ્વારા રવિવારે મિરઝાપુર પ્રેયસ હાઈસ્કુલ મદની મસ્કન પાસે જશ્ને સૈયદ-૨૦૨૪ તથા જશ્ને પીરાની અમ્મા (રહે.) શાનો શૌકત થી મનાવવામાં આવ્યો હતો. જેમાં શૈખુલ ઈસ્લામ હઝરત હમ્ઝા અશરફે ઈમાનફરોઝ નૂરાની તકરીર કરી હતી. ત્યારબાદ તેમણે સજરહ શરીફનુ પઠન કર્યું હતું. આ અગાઉ હલ્કાએ ઝિક્ર હઝરત સકલૈન અશરફે કરાવી હાજરજનોને રૂહાની ઝિકરે ઈલાહીથી ફૈઝયાબ કર્યા હતા. શાયરે ઈસ્લામ હઝરત ખાલીદ અનવર અશરફે આગવી શૈલીમાં મક્રબત પેશ કરી હતી. શહેઝાદાએ ગાઝીએ મિલ્લત હઝરત સમદાની મિયાં પણ ઉપસ્થિત રહ્યા હતા. શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની મિયાંએ હાજર જનોને બૈત કરાવી અશરફી સિલસિલામાં દાખલ કર્યા હતા. ત્યારબાદ હઝરત શૈખુલ ઈસ્લામના હસ્તે 'કિતાબતે નિસ્વાં ઔર અસરી તકાઝે' તથા 'અસ્માઉન્નબી લી હુસુલી બરકાતીસ્સમી' એમ બે કિતાબોનું વિમોચન કરવામાં આવ્યું હતું. અંતમાં સૈયદ હમ્ઝા અશરફએ દુઆ ફરમાવી હતી. આ કાર્યક્રમમાં દેશ અને રાજ્યભરમાંથી અશરફી સિલસિલાના ખલીફાઓ, મુરીદો અને અકીદતમંદોએ હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટના અગ્રણી જનાબ શૌક્ત ખાન અશરફીએ પ્રોગ્રામનું સફળ સંચાલન કર્યું હતું અને અંતે તેમણે તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટના સભ્યો અને સ્વયં સેવકોએ ખુબ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ચાર મહિના બાદ સ્માર્ટ વીજ મીટર લગાવવાનું ભૂત ફરી ધૂણ્યું

# વડોદરાના ગોરવામાં પુનઃ સ્માર્ટ વીજ મીટર લગાવવાની કામગીરી શરૂ થતાં લોકોનો વીજ કચેરીએ હોબાળો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરામાં અગાઉ સ્માર્ટ વીજ મીટર લગાવવાથી અનેક ગણું બિલ આવતું હોવાના આક્ષેપો સાથે જુદા-જુદા વિસ્તારોમાંથી ભારે વિરોધ થતાં વીજ નિગમ કચેરી દ્વારા ગ્રાહકોને જુના કોમ્પ્યુટરાઈઝ્ડ વીજ મીટર કાઢીને નવા સ્માર્ટ વીજ મીટરો લગાવવાની શરૂ થયેલી કાર્યવાહીમાં ભારે હોબાળો થયો હતો. વિરોધ થતાં કાર્યવાહી તાત્કાલિક ધોરણે બંધ રાખવાને ફરજ પડી હતી. કેટલોક સમય આ કાર્યવાહી બંધ રહ્યા બાદ ફરી એકવાર નવા સ્માર્ટ વીજ મીટરનું ભૂત ધુણ્યું છે ત્યારે સુભાનપુરા-સમતા વિસ્તારની સ્વામી વિવેકાનંદ હાઈટ્સ-૩માં શરૂ થયેલી કાર્યવાહીથી ઉશ્કેરાયેલા સ્થાનિક રહીશોના ટોળાએ સુભાનપુરાની કચેરીએ ભારે હોબાળા સાથે સૂત્રોચાર કરી હોબાળો મચાવ્યો હતો.

જે વિસ્તારમાં નવા સ્માર્ટ વીજ મીટર લગાવવાની કાર્યવાહી થઈ હતી ત્યાં તથા અન્ય વિસ્તારમાં ઠેક ઠેકાણે ભારે હોબાળો થયો હતો. પરિણામે વીજ નિગમ કચેરી દ્વારા તાત્કાલિક ધોરણે સ્માર્ટ વીજ મીટર લગાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ચારેક મહિના સુધી નવા સ્માર્ટ વીજ મીટર લગાવવાની કાર્યવાહી મુકુફ રખાયા બાદ ફરી એક વખત સ્માર્ટ વીજ મીટરનું ભૂત ધૂણ્યું છે.ગોરવા વિસ્તારના સમતા ખાતે આવેલી સ્વામી વિવેકાનંદ હાઈટ્સ ૩માં આજે ફરી એકવાર વીજ નિગમ કચેરી દ્વારા સ્માર્ટ વિજ મીટર લગાવવા અંગે વીજકર્મીઓ પહોંચી ગયા હતા. વીજકર્મીઓએ સ્થાનિક રહીશોના જુના લાઈટ બિલની માગણી કરી હતી. આ અંગે વીજ ગ્રાહકોએ પૂછપરછ કરતા સ્માર્ટ વીજ મીટર લગાવવાની કાર્યવાહી વીજ નિગમ કચેરી દ્વારા ફરી એક વાર શરૂ થઈ ગઇ હોવાની સ્થાનિક રહીશોને વાયુવેગે જાણ થઈ ગઈ હતી. પરિણામે ઉશ્કેરાયેલા લોકોનું ટોળું સુભાનપુરા એમજીવીસીએલની કચેરીએ તાત્કાલિક ધોરણે પહોંચી ગયું હતું. વીજ કચેરીએ પહોંચેલા ટોળાએ ભારે સૂત્રોચાર કરીને નવા સ્માર્ટ વીજ મીટર લગાવવાના બંધ કરોના સૂત્રોચ્ચાર કર્યો હતો. આમ હવે આગામી દિવસોમાં સ્માર્ટ વીજ મીટર લગાવવા અંગે વીજ નિગમ કચેરી અને સ્થાનિક રહીશો વચ્ચે ભારે ઘર્ષણ થવાની શક્યતા રહેલી છે.

ગુજરાતમાંથી વરસાદ વિદાય લેવાનો નામ નથી લેતો

# દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ

## ગ્લોબલ વોર્મિંગ અને અન્ય કેટલાક વૈજ્ઞાનિક કારણોને પગલે વરસાદ તેમજ ગરમી પણ પડી રહી છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ચોમાસુ પુરૂ થવા છતા ગુજરાતમાંથી વરસાદ વિદાય થવાનું નામ લેતો નથી. ઉપરાંત ઓક્ટોબરમાં અંગ દઝાડતી ગરમી અને વરસાદ સાથે પડી રહ્યો છે. જેને પગલે શિયાળો ક્યારે શરૂ થશે તે નક્કી થતું નથી. દેશમાં ૧૪ ઓક્ટોબરે નૈઋત્યના ચોમાસાની વિદાય થઈ ગઈ છે. તેમ છતાં વરસાદ પણ ગુજરાતમાંથી વિદાય લેવાનું નામ નથી લઈ રહ્યો. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ તો ક્યાંક ભારે વરસાદ પડી રહ્યો છે. તો કેટલાક ઠેકાણે અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ છે. ત્યારે આ પરિસ્થિતિમાં હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે અલી નીનો અસરોને કારણે વહેલા વિદાય લીધી હતી અને શિયાળાની શરૂઆત પણ ઓક્ટોબર મહિનાથી જ થઈ ગઈ હતી. પરંતુ આ વર્ષે લા નીનાની અસરને કારણે ચોમાસું સામાન્ય કરતાં લાંબુ ચાલ્યું છે અને હજુ સુધી પણ અનેક ભાગોમાં વરસાદ વરસી રહ્યો હોવાથી તાપમાન અને બફારાનું પ્રમાણ પણ વધુ રહેવાથી ગરમીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ હજુ પણ ૫ નવેમ્બર સુધી યથાવત રહેવાની શક્યતાઓ છે. ગ્લોબલ વોર્મિંગ અને અન્ય કેટલાક વૈજ્ઞાનિક કારણોને પગલે વરસાદ પડી રહ્યો છે અને ગરમી પણ પડી રહી છે. હજુ પણ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે, જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં મહત્તમ તાપમાન દિવસને દિવસે વધી રહ્યું છે. એટલે કે વર્ષ ૨૦૨૪માં શિયાળો, ઉનાળો, ચોમાસુ અને ફરી એક વખત ઉનાળાની શરૂઆત થઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ વર્ષે ઓક્ટોબર મહિનામાં ગત વર્ષની સરખામણીમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધુ નોંધાયું છે. અમદાવાદ શહેરમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મહત્તમ તાપમાન વધુ રહેતા આ વર્ષનો ઓક્ટોબર મહિનો ગરમ રહ્યો છે.

રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં આગામી સમયમાં આકર્ષણોનો વધારો થશે

# અમદાવાદ રિવરફ્રન્ટ પર ફરવાનું હવે થોડું મોંઘું પડશે, એન્ટ્રી ફીમાં વધારો

## પ્રોજેક્ટ કમિટી તથા બોર્ડની મીટિંગમાં દર વધારવા લેવાયો નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અમદાવાદના લોકો માટે પસંદગીનું સ્થળ રહ્યું છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા લોકોના આનંદ માટે ઘણી જાહેર મનોરંજનની સુવિધાઓ વિકસાવવામાં આવી છે. અને નવા નવા આકર્ષણો ઉમેરવામાં આવી રહ્યા છે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ૨૨ કિમી નદીના બંને કિનારે વિકસાવવામાં આવેલ એક અનેરૂં આકર્ષણ છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત અલગ અલગ ૬ પાર્ક્સ અને ગાર્ડન્સ આવેલા છે. જેમાં રિવરફ્રન્ટ વેસ્ટ બાજુ ઉસ્માનપુરા પાર્ક, બી જે પાર્ક, ફ્લાવર પાર્ક, બાયો ડાયવર્સિટી પાર્ક અને રિવરફ્રન્ટ ઈસ્ટ બાજુ સુભાષ બ્રિજ પાર્ક અને ચિલ્ડ્રન પાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરદાર બ્રિજ અને એલિસ બ્રિજ વચ્ચે પૂર્વ અને પશ્ચિમ કાંઠાને જોડતો અટલ ફૂટઓવર બ્રિજ બનાવવામાં આવેલો છે. સાબરમતી રિવરફ્રન્ટ શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

આ પાર્ક્સ અને ગાર્ડન્સ તેમજ અટલ બ્રિજમાં લોકો માટે સામાન્ય એન્ટ્રી ફી રાખવામાં આવેલી છે.આજદિન સુધીમાં અનેક મુલાકાતીઓએ સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લીધેલી છે. રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં આગામી સમયમાં અનેક આકર્ષણોનો વધારો થશે, જેનાથી રિવરફ્રન્ટ પર આવનારા મુલાકાતીઓની સંખ્યામાં વધારો થશે. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત આવેલ પાર્ક્સ અને ગાર્ડન્સ તેમજ અટલ બ્રિજની ટિકિટના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો. ત્યારે હવે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની ૨૧-૦૯-૨૦૨૪ના રોજ યોજાયેલ પ્રોજેક્ટ કમિટી તેમજ તારીખ ૧૫/૧૦/૨૦૨૪ના રોજ યોજાયેલી બોર્ડ મિટિંગ અંતર્ગત આ ટિકિટના દરમાં નજીવો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. એટલે કે હવે મુલાકાતીઓને એન્ટ્રી ફી તરીકે વધુ રૂપિયા ખર્ચ કરવા પડશે.

# લગભગ ૧,૪૦૦ ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતીઓએ સુક્કોટની ઉજવણી કરવા માટે જેરૂસલેમની અલ-અક્સા મસ્જિદ પર હુમલો કર્યો

(એજન્સી) જેરૂસલેમ, તા.૨૧

પેલેસ્ટીની એજન્સીના જણાવ્યા અનુસાર લગભગ ૧,૩૯૦ ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતીઓએ રવિવારના રોજ કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમમાં અલ-અક્સા મસ્જિદ પરિસરમાં સુક્કોટના યહૂદી તહેવારની ઉજવણી કરવા દબાણ કર્યું હતું.

જેરૂસલેમમાં જોર્ડન દ્વારા સંચાલિત ઈસ્લામિક ભંડોળ વિભાગે જણાવ્યું હતું કે,વસાહતીઓ ઈઝરાયેલી પોલીસના રક્ષણ હેઠળ મસ્જિદની પશ્ચિમી દીવાલમાં મુગરાબી ગેટ દ્વારા ફ્લેશ પોઈન્ટ સાઈટમાં પ્રવેશ્યા હતા.



સાક્ષીઓના જણાવ્યા અનુસાર દૂરના જમણેરી ઈઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈટામર બેન ગ્વિરે પરિસરમાં મુસ્લિમ ઉપાસકોના પ્રવેશ પરના પ્રતિબંધો વચ્ચે ગેરકાયદે વસાહતીઓની સાથે તાલમુદિક ધાર્મિક વિધિઓ કરી હતી. જો કે, બેન-ગવીરના કાર્યાલયે જણાવ્યું હતું કે, ઉગ્રવાદી પ્રધાન સાઈટમાં પ્રવેશ્યા ન હતા, પરંતુ સંકુલના પ્રવેશદ્વાર પર ઈઝરાયેલી વસાહતીઓનું સ્વાગત કર્યું હતું. ૨૦૦૩થી ઈઝરાયેલે શુક્રવાર અને શનિવાર સિવાય લગભગ દરરોજ ગેરકાયદેસર વસાહતીઓને ફ્લેશપોઈન્ટ પ્રાંગણમાં પ્રવેશવાની મંજૂરી આપી છે. અલ-અક્સા મસ્જિદ મુસ્લિમો માટે વિશ્વનું ત્રીજું સૌથી પવિત્ર સ્થળ છે. યહૂદીઓ આ વિસ્તારને ટેમ્પલ માઉન્ટ કહે છે અને દાવો કરે છે કે તે પ્રાચીન સમયમાં બે યહૂદી મંદિરોનું સ્થળ હતું. ઈઝરાયેલે ૧૯૬૭ના આરબ-ઈઝરાયેલ યુદ્ધ દરમિયાન પૂર્વ જેરૂસલેમ પર કબજો કર્યો, જ્યાં અલ-અક્સા સ્થિત છે. તેણે ૧૯૮૦માં આખા શહેરને કબજે કર્યું, જેને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ક્યારેય માન્યતા આપવામાં આવી ન હતી.

# ઈઝરાયેલે પ્રતિબંધિત ફોસ્ફરસ દારૂગોળાથી લેબેનોન પર હુમલો કર્યો : મીડિયા રિપોર્ટ

(એજન્સી) તા.૨૧

લેબેનોનની રાજ્ય સમાચાર એજન્સીએ રવિવારે અહેવાલ આપ્યો કે ઈઝરાયેલી દળોએ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત ફોસ્ફરસ શસ્ત્રોથી દક્ષિણ લેબેનીઝ શહેર કાફ્ર શુબા પર હુમલો કર્યો. કોઈ નુકસાન કે ઈજાઓ વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી. રાજ્ય સંચાલિત નેશનલ ન્યૂઝ એજન્સીએ પણ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ નજીકના શહેર અલ-કાંતારા પર ગોળીબાર કર્યો. ઈઝરાયેલના યુદ્ધ વિમાનોએ બૈરૂતના દક્ષિણી ઉપનગરો પર પણ હવાઈ હુમલા કર્યા હતા, જેમાં હેરેટ હરેકના હિઝબુલ્લાહના ગઢનો પણ સમાવેશ થાય છે. વધુમાં, હિઝબુલ્લાહે જણાવ્યું કે તેના લડાકુઓએ ઉત્તરી ઈઝરાયેલમાં મિસગાવ એમ સેટલમેન્ટમાં ઈઝરાયેલની સૈન્ય તૈનાતી અને સીરિયન હસ્તકના ગોલાન હાઈટ્સમાં માઆલે ગોલાની બેરેકને રોકેટ વડે નિશાન બનાવ્યા હતા. ઈઝરાયેલે ગયા મહિનાના અંતથી લેબેનોનમાં હિઝબુલ્લાહ લક્ષ્યો સામે એક મોટી હવાઈ ઝુંબેશ શરૂ કરી છે,



જેમાં ૧,૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૩.૪ લાખથી વધુ વિસ્થાપિત થયા છે. ગયા ઓક્ટોબરમાં ગાઝા યુદ્ધ બાદથી બંને પક્ષો વચ્ચે સીમા પાર લડાઈ ચાલુ છે.

# ઈઝરાયેલી દળોએ ઉત્તરી ગાઝામાં કમલ અડવાન હોસ્પિટલ પર બોમ્બમારો કર્યો

(એજન્સી) તા.૨૧

એક અધિકારીએ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ રવિવારે બીટ લાહિયામાં કમલ અડવાન હોસ્પિટલ પર સીધો હુમલો કર્યો, જ્યારે ઉત્તરી ગાઝામાં ભારે બોમ્બમારો ચાલુ છે. હોસ્પિટલના ડાયરેક્ટર હોસમ અબુ સફિયાએ એક નિવેદનમાં સમર્થન કર્યું કે ઈઝરાયેલના હુમલાઓએ હોસ્પિટલની પાણીની ટાંકીઓ અને વીજળીના ગ્રીડને નુકસાન પહોંચાડ્યું હતું, જેનાથી તબીબી સેવાઓમાં ગંભીર વિક્ષેપ પડ્યો હતો. તેમણે જણાવ્યું કે હોસ્પિટલની આસપાસનો વિસ્તાર ભારે બોમ્બમારો અને કેટલાક કલાકો સુધી ગોળીબારથી પ્રભાવિત થયો હતો, જેના કારણે દર્દીઓ અને તબીબી કર્મચારીઓ ગંભીર જોખમમાં મુકાયા હતા. હોસ્પિટલ પરનો હુમલો ઉત્તરી ગાઝામાં ૧૬ દિવસથી ચાલુ રહેલા સતત હવાઈ અને આર્ટિલરી હુમલાના વ્યાપક અભિયાનનો એક ભાગ છે. જબલિયા શરણાર્થી શિબિર અને આસપાસના વિસ્તારો પણ ખાસ કરીને ખરાબ રીતે પ્રભાવિત થયા હતા, સાક્ષીઓએ બરબાદ થયેલા વિસ્તારોમાંથી ગાઢ ધુમાડો નીકળતો હોવાની જાણ કરી હતી. અલ-અવદા અને અલ-યમન અલ-સૈયદ હોસ્પિટલોની આસપાસના વિસ્તારો પર તીવ્ર અને સતત હુમલાની જાણ સાક્ષીઓ સાથે, ચાલુ હુમલાએ નાગરિક માળખાગત સુવિધાઓ પર ગંભીર અસર



કરી છે. દરમિયાન, તબીબી સૂત્રોએ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ ઉત્તરી ગાઝામાં હજારો પેલેસ્ટીનીઓને તેમના ઘરોમાં ફસાવ્યા છે, બે અઠવાડિયાથી વધુ સમય માટે ખોરાક અને પાણીની તેમની ઍક્સેસને અવરોધિત કરી દીધી છે, જેના કારણે ભયંકર માનવતાવાદી પરિસ્થિતિ સર્જાઈ છે. ઓક્ટોબર ૭, ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા સરહદ પારના આક્રમણથી ઈઝરાયેલે ગાઝામાં ૪૨,૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની ગાઝા પટ્ટીને કાટમાળમાં ફેરવી દીધી છે અને તેની મોટાભાગની વસ્તી વિસ્થાપિત થઈ છે.

# લેબેનોન પરના ઈઝરાયેલી હવાઈ હુમલામાં ત્રણ લેબેનીઝ સૈનિકો માર્યા ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

લેબેનીઝ આર્મી કમાન્ડ દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦ ઓક્ટોબર, રવિવારની બપોરે ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબેનોનમાં સરહદી વિસ્તારના સેન્ટ્રલ સેક્ટરમાં એક વાહનને નિશાન બનાવતા ત્રણ લેબનીઝ સૈનિકો માર્યા ગયા હતા. સિન્હુઆ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ આર્મી કમાન્ડે જણાવ્યું હતું કે, ઈઝરાયલી દુશ્મને દક્ષિણમાં આઈન એબેલ-હાનિન રોડ પર સૈન્યના વાહનને નિશાન બનાવ્યું હતું, જેના કારણે ત્રણ લેબેનીઝ સૈનિકો મૃત્યુ પામ્યા હતા. લેબેનીઝ સૈન્ય સૂત્રોએ નામ ન આપવાની શરતે સિન્હુઆને જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ વાહન પર સીધો રોકેટ શેલ છોડ્યો. ઈઝરાયલી યુદ્ધ વિમાનોએ દક્ષિણ લેબેનોનમાં ગામડાઓ, નગરો અને ખુલ્લા વિસ્તારો પર લગભગ ૪૩ હવાઈ હુમલા કર્યા અને પૂર્વી લેબેનોનમાં ૧૫ હુમલા કર્યા. દરમિયાન, હિઝબોલ્લાએ જણાવ્યું હતું કે, તેના લડવૈયાઓએ ઈઝરાયેલના ફિલોન બેઝ, ઉત્તર ઈઝરાયેલમાં ૨૧૦મી ડિવિઝનના મુખ્ય મથક અને આર્ટિલરી અને મિસાઈલો સાથે કેટલાક લેબેનીઝ ગામોની બહાર ઈઝરાયેલી સૈન્યના મેળાવડાને નિશાન બનાવ્યું હતું. ઈઝરાયેલી દળો સપ્ટેમ્બરના અંતથી હિઝબુલ્લાહ સાથેના ખતરનાક તણાવ વચ્ચે લેબનોન પર તીવ્ર હુમલાઓ કરી રહ્યા છે. લેબેનીઝ આંકડાઓ અનુસાર, ૮ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હિઝબુલ્લાહ અને ઈઝરાયેલી દળો વચ્ચે સરહદ પારથી અથડામણ શરૂ થઈ ત્યારથી ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછાં આઠ લેબેનીઝ સૈનિકો માર્યા ગયા છે. ઈઝરાયેલે ૨૩ સપ્ટેમ્બરથી લેબેનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો સામે મોટા પ્રમાણમાં હવાઈ હુમલાઓ



શરૂ કર્યા છે, જેમાં ઓછામાં ઓછાં ૧,૪૩૭ લોકો માર્યા ગયા છે, ૪,૧૨૪ થી વધુ ઘાયલ થયા છે અને ૧.૩૪ મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. હવાઈ હુમલાઓ ગાઝા પટ્ટી પરના આક્રમણની શરૂઆતથી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે એક વર્ષ સુધી ચાલેલા ક્રોસ બોર્ડર યુદ્ધનું પરિણામ છે, જેમાં ગયા વર્ષે હમાસે આક્રમણ શરૂ કર્યું ત્યારથી ઈઝરાયેલે ૪૨,૨૦૦ થી વધુ લોકોને માર્યા છે, જેમાંથી મોટાભાગના સ્ત્રીઓ અને બાળકો છે. ગાઝા અને લેબેનોન પર ઈઝરાયેલના સતત હુમલાઓ વચ્ચે મધ્ય પૂર્વ પ્રાદેશિક યુદ્ધની અણી પર હોવાની આંતરરાષ્ટ્રીય ચેતવણીઓ હોવા છતાં, તેણે ૧લી ઓક્ટોબરના રોજ દક્ષિણ લેબેનોનમાં આક્રમણ કરીને સંઘર્ષને વધુ વેગ આપ્યો.







નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# પાકિસ્તાનની ધરતી પર જઈને ભારતે કરી સ્પષ્ટ ટકોર

પાકિસ્તાન ખાતે યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની શિખર બેઠકમાં ભાગ લેતી વેળાએ ભારતે સ્પષ્ટપણે જણાવી દીધું છે કે આતંકવાદનો માર્ગ ત્યજ્યા વિના વિકાસના માર્ગે આગળ વધી શકાય નહીં. આમ તો ભારત દુનિયાના કોઈપણ ખૂણામાં જઈને પોતાનું સ્પષ્ટ વલણ પહેલાથી જ દર્શાવતું આવ્યું છે જેમાં વધુ એક કડી ઈસ્લામાબાદ ખાતે યોજાયેલી SCOની બેઠકમાં ઉમેરાઈ ગઈ જ્યાં ભારતે એ હિંમત દેખાડી છે કે ત્યાં જઈને પોતાની વાત કહે કે જ્યાં આતંકને આશરો અપાય છે. માત્ર પાકિસ્તાન નહીં પણ ચીનનેય ભારતે શીખામણ આપી છે કે જો પ્રાદેશિક અખંડતાને માન્યતા નહીં અપાય તો સહકારની ભાવના વાસ્તવિકતામાં પરિણમી શકે નહીં. આમ તો બધાયને ખબર છે કે ઈકોનોમિક કોરિડોરના નામે ચીન અને પાકિસ્તાનનું જોડાણ કેટલું સ્વાર્થી છે. ચીનની આ મહત્ત્વાકાંક્ષી યોજના છે અને તેના અમલ માટે તે પાકિસ્તાનના તમામ કરતૂતોનું સમર્થન કરે છે. આ કોરિડોર અંતર્ગત ચીનના ઝિનઝિયાંગ ઉઈગુરથી પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી અંદાજે ત્રણ હજાર કિલોમીટર જેટલી લાંબી પાયાની માળખાકીય પરિયોજના બનાવવાની છે. આ કોરિડોર ભારતની સરહદથી સાવ અડીને પસાર થશે અને એમાં ગિલગિટ તથા બાલ્ટિસ્તાન વિસ્તારનો પણ સમાવેશ થાય છે. જે પાક. કબજાગ્રસ્ત કાશ્મીર (POK)નો ભાગ છે કે જેના અંગે ભારત પાકિસ્તાન વચ્ચે શરૂઆતથી જ વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે આ કોરિડોરના કારણે આપણી કાશ્મીરની સરહદ સુધી પણ ચીન પહોંચી જશે. એટલે વ્યૂહાત્મક રીતે પણ આ કોરિડોર ભારતના હિતમાં નથી ત્યારે ભારત તો તેનો વિરોધ કરી જ રહ્યું છે પરંતુ બલૂચિસ્તાન પ્રાંતમાં પણ તેનો ભારે વિરોધ જારી છે. આ બલૂચી વિરોધના પ્રતાપે જ આ ઈકોનોમિક કોરિડોરના બાંધકામમાં લાગેલા ચીની નાગરિકો પર હુમલા થતા રહે છે. પાકિસ્તાનની સરકાર માટે આ બલુચી બળવાખોરો સામે કામ પાર પાડવું માથાનો દુઃખાવો બનેલો છે. છેલ્લા કેટલાયે સમયથી તે ઘાતક હુમલાઓ કરી રહ્યા છે. આમ ભારતમાં આતંકી પ્રવૃત્તિઓને પોષતા આવેલા પાકિસ્તાનને ઘરઆંગણે માથું ઉંચકી રહેલા આતંકવાદનો સામનો કરવો પડી રહ્યો છે અને એટલે જ પાકિસ્તાન ગયેલા ભારતના વિદેશમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે આતંકવાદ અને વિકાસ ક્યારેય સાથે સાથે ચાલી શકે નહીં. જો કે જયશંકરે ચીન કે પાકિસ્તાનનું નામ લીધું ન હતું પરંતુ તેમનો ઈશારો સ્પષ્ટ જ હતો.

બીજું પાકિસ્તાનની આર્થિક હાલત સાવ ખરાબ છે અને આ બદહાલીનો લાભ લઈને ચીન તેને પોતાની છાવણીમાં સાચવી રહ્યું છે. ચીન તેને આમાં નાણાકીય સહાય આપી રહ્યું છે પરંતુ તેનાથી પાકિસ્તાનનું દળદર ફીટે તેમ નથી. પરંતુ ખંધા ચીનનો આની પાછળનો હેતુ ભારતને જમીન, જળ અને હવાઈ એમ ત્રણેય માર્ગે ઘેરવાનો છે. પાકિસ્તાનને તો તેણે આમાં એક પ્યાદું બનાવ્યું છે. પોતાનો સ્વાર્થ સધાઈ ગયા બાદ ચીન પાકિસ્તાનનું શું કરશે એ મોટો સવાલ છે. વળી પાકિસ્તાનના શાસકોએ એવો ગેરવહીવટ કર્યો છે કે આખું રાષ્ટ્ર આર્થિક બદહાલીમાં ગરકાવ થઈ ચૂક્યું છે ત્યારે ત્યાંના રાજકારણીઓ પાસે ભારતનો વિરોધ કરવા સિવાય અને અંદરોઅંદરની લડાઈઓ સિવાય બીજા કોઈ મુદ્દા જ નથી...ભારત સાથેના વિરોધની આ રાજનીતિમાં પાકિસ્તાનના શાસકો ચીનના ખોળામાં ખેલી રહ્યા છે પરંતુ ચીન તેમને કેવા ફંદામાં ફસાવશે એ જોવું રહ્યું...ચીન આમેય સામ્રાજ્યવાદી અને વિસ્તારવાદી રહ્યું છે તે સતત તેની સરહદો વધારવાની જ મથામણમાં છે એટલે જ તેનો સરહદી દેશો સાથે વિવાદ ચાલતો રહે છે. પછી તે તાઈવાન હોય, ભારત હોય કે બીજું કોઈ હોય...જો કે ચીનના ઘણા સરહદી દેશો તેની આ ચાલને સમજી ગયા છે. એટલે તેઓ ચીનની ચુંગાલમાંથી છટકીને ફરીથી ભારતની નજીક આવવા મથી રહ્યા છે. પરંતુ પાકિસ્તાન તો સામે ચાલીને ચીનની સોડમાં ભરાયું છે ત્યારે ચીન તેને હડપ ન કરી જાય એ પાકિસ્તાનીઓએ જોવું રહ્યું.

# NCPCRનો વિવાદાસ્પદ અને પક્ષપાતી રિપોર્ટ : તે બાળકોના બંધારણીય અધિકારોની હિમાયત કરે છે કે 'મદ્રેસા' પ્રત્યે નકારાત્મક વિચારધારા ધરાવે છે ?

**(ભાગ-૨)**

છે અને તે કહે છે કે કાફિર ક્યારેય મુક્તિ પ્રાપ્ત કરી શકશે નહીં અને તેઓ શાશ્વત સજા અને યાતનાઓ અને વિનાશકારી જીવન ભોગવશે. તે પ્રથમ કલિમા પર પણ વાંધો ઉઠાવે છે : લા ઈલાહા ઈલ્લાલ્લાહ મુહમ્મદ-ઉર-રસુલુલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ પણ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ સ.અ.વ.) અલ્લાહના પયગંબર છે). આ ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતો છે જે ઈસ્લામનો પાયો છે અને જો આ બાબતોને મદ્રેસાના અભ્યાસક્રમમાંથી કાઢી નાખવામાં આવે તો ઈસ્લામનું શું બાકી રહેશે ? શું મદરેસાઓમાં ધર્મનો કયો ભાગ ભણાવવામાં આવે છે અને શું બાકાત રાખવું જોઈએ તે નક્કી કરવાનું NCPCRનું કાર્ય છે ? આ રિપોર્ટનું ખૂબ જ નકારાત્મક પાસું છે.

આ અહેવાલનું પ્રકરણ ૮ સમકાલીન ભારતમાં મદ્રેસાઓના ઉત્ક્રાંતિને સંપૂર્ણ રીતે સમર્પિત છે. સમગ્ર ભાર એ છે કે મદરેસા કટ્ટરવાદને પ્રોત્સાહન આપે છે અને ઈસ્લામના સિદ્ધાંતો પર આધારિત સરકારની સ્થાપનાને પ્રોત્સાહન આપે છે. આ અહેવાલમાં મુગલ સમ્રાટ ઔરંગઝેબના શાસન દરમિયાન મુલ્લા નિઝામુદ્દીન સિહાલવી (જે લખનૌના મુલ્લા નિઝામુદ્દીન તરીકે પણ ઓળખાય છે)ની દેખરેખ હેઠળ કેવી રીતે દરસ-એ-નિઝામી અભ્યાસક્રમની રચના કરવામાં આવી હતી તે આવરી લેવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, દરસ-એ-નિઝામી કોર્સ ઈસ્લામિક ધર્મશાસ્ત્ર, કાયદો (ફીકહ), ફિલસૂફી અને અન્ય સંબંધિત શાખાઓમાં વિદ્વાનોને તાલીમ આપવા માટે રચાયેલ છે અને આ કોર્સને દેવબંદી, બરેલવી અને અહલ-એ-હાદીસ શાળાઓ દ્વારા અનુસરવામાં આવે છે.

અહેવાલમાં જણાવાયું છે કે શાહ વલીઉલ્લાહ દેહલવીના સમયથી અત્યાર સુધી મદ્રેસાઓએ ઈસ્લામિક શાસનને પુનર્જીવિત કરવા અને ભારતમાં મુસ્લિમોમાં બિન-ઈસ્લામિક પ્રથાઓના પ્રભાવનો સામનો કરવાનો પ્રયાસ કર્યો છે. આ અહેવાલ મુજબ, અહમદ શાહ અબ્દાલીને શાહ વલીઉલ્લાહ દેહલવી દ્વારા ભારતમાં ઈસ્લામિક શાસનને પુનર્જીવિત કરવા માટે ભારત પર હુમલો કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું જેના પરિણામે પાણીપતનું ત્રીજું યુદ્ધ થયું જેમાં લાખો ભારતીય સૈનિકો અને નાગરિકોની હત્યા કરવામાં આવી હતી. આ અહેવાલમાં શાહ અબ્દુલ અઝીઝ દેહલવી, શાહ મુહમ્મદ ઈશાક, શાહ અબ્દુલ ગની, શાહ ઈસ્માઈલ દેહલવી, શાહ અહમદ બરેલવી અને શાહ સુહેદની ભૂમિકાઓનો સારાંશ રજૂ કરવામાં આવ્યો છે જેથી કરીને ઈસ્લામના સિદ્ધાંતોને હિંદુ રીતિ-રિવાજો અને સાંસ્કૃતિક પ્રથાઓથી શુદ્ધ કરવામાં આવે અને ભારતની મુક્તિ માટે અને શુદ્ધિકરણ માટે સશસ્ત્ર સંઘર્ષ (જેહાદ) કરવામાં આવે. મૌલાના કાસિમ નનૌતવી અને અહેમદ રશીદ ગંગોહી દ્વારા દારૂલ ઉલૂમ દેવબંદની સ્થાપના વિશે વાત કરતા, આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મદરેસાના સ્થાપકોએ મુસ્લિમોને અપીલ કરી હતી કે તેઓ બ્રિટિશ કબજાના દળો સામે તેમના સંબંધિત પ્રદેશોમાં મુસ્લિમોના રાજકીય વર્ચસ્વનો બચાવ કરે. જ્યારે હકીકત એ છે કે દારુલ ઉલૂમના સ્થાપકોએ કહ્યું હતું કે, મદ્રેસાની સ્થાપનાનો ઉદ્દેશ્ય ભારતને અંગ્રેજોના કબજામાંથી મુક્ત કરાવવાનો હતો. અહેવાલ મુજબ દારૂલ ઉલૂમ દેવબંદે જમીયત-ઉલમા-એ-હિંદ, તબલીગી જમાત, મજલસ-એ-અહરાર-એ-ઈસ્લામ, જમિયત-ઉલમા-એ-ઈસ્લામ અને દારૂલ ઈફતા જેવા સંકળાયેલા રાજકીય અને ધર્માંતર કરનારા સંગઠનોનું વિશાળ નેટવર્ક સ્થાપ્યું છે. તે કહે છે કે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)ની રચના ૧૯૭૨માં દારૂલ ઉલૂમ દેવબંદના સક્રિય સમર્થન સાથે ભારત સરકાર દ્વારા લાવવામાં આવેલા એડોપ્શન બિલનો વિરોધ કરવા માટે કરવામાં આવી હતી. જમીયત ઉલમા-એ-હિંદની સ્થાપના દારુલ ઉલૂમ દેવબંદના રાજકીય પાંખ તરીકે કરવામાં આવી હોવાનું જણાવતા, અ અહેવાલમાં જણાવાયું છે કે દેવબંદ સેમિનરી ભારતીય ઉપ-ખંડ અને બાકીના દક્ષિણ એશિયામાં મદરેસાઓના નેટવર્ક દ્વારા 'ઈસ્લામનું કડક સંસ્કરણ' શીખવે છે અને પ્રોત્સાહન આપે છે. અહેવાલમાં બિન-મુસ્લિમો પર આત્મઘાતી હુમલાઓ અંગે પાકિસ્તાન તરફથી પૂછવામાં આવેલા પ્રશ્નનો યોગ્ય જવાબ ન આપવા બદલ દૌલ ઉલૂમ દેવબંદના ફતવા જારી વિભાગ સામે પણ વાંધો લેવામાં આવ્યો છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રશ્ન 'અમાન્ય અથવા ગેરકાયદેસર' છે તે જવાબ આપવાને બદલે, દારૂલ ઉલૂમ દેવબંદે જવાબ આપ્યો કે, તમારા સ્થાનિક વિદ્વાનોની સલાહ લો. આ જવાબમાંથી, NCPCR રિપોર્ટના લેખક નિષ્કર્ષ પર આવે છે કે દારૂલ ઉલૂમ દેવબંદના આવા નિવેદનો ઈરાદાપૂર્વકની હત્યા, બિન-મુસ્લિમોમાં આતંકવાદી હુમલાને કાયદેસર બનાવવાની માન્યતાને વધુ મજબૂત બનાવે છે અને તે દેશ માટે તેમજ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દારુલ ઉલૂમ દેવબંદ ગઝવા-એ-હિંદ અને આવા અન્ય મુદ્દાઓ વિશે ફતવા જારી કરી રહ્યું છે જે બાળકોને તેમના પોતાના દેશ વિરૂદ્ધ નફરત ઊભી કરે છે. રિપોર્ટના પ્રકરણ ૯માં જમિયત ઉલેમા-એ-હિંદ (JUH) પર ઓપન સ્કૂલ સિસ્ટમનો દુરૂપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. JUHનો અહેવાલમાં 'રાજકીય-ધાર્મિક' પક્ષ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, તેણે મદરેસા વિદ્યાર્થીઓને ઔપચારિક શિક્ષણ આપવા માટે ઓપન સ્કૂલ ચલાવવા માટે ૨૦૨૨ માં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓપન સ્કૂલિંગ (NIOS) સાથે સમજૂતીના મેમોરેન્ડમ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા. હાલમાં સમગ્ર દેશમાં JUH દ્વારા સંચાલિત NIOSમાં ૧૪,૦૦૦થી વધુ બાળકો નોંધાયેલા છે. JUH દ્વારા મદરેસાના વિદ્યાર્થીઓને ઔપચારિક શિક્ષણ પ્રદાન કરવા અને તેમને આધુનિક જ્ઞાનથી સજ્જ કરવાના પ્રયાસોની પ્રશંસા કરવાને બદલે, NCPCR એ તેમાં ખામી શોધી કાઢી છે કે JUH એ તેના NIOS કેન્દ્રોને જમિયત ઓપન સ્કૂલ તરીકે નામ આપ્યું છે. NCPCR દાવો કરે છે કે એમઓયુ ક્યાંય JUHને 'જમિયત ઓપન સ્કૂલ' શબ્દનો ઉપયોગ કરવા માટે અધિકૃત કરતું નથી. NCPCRએ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૫ અને ૪૧૫ હેઠળ આ મામલાની તપાસની ભલામણ કરી છે. કમિશને શિક્ષણ મંત્રાલયને JUH સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં NIOSની ભૂમિકાની તપાસ શરૂ કરવાની પણ ભલામણ કરી છે, અને કહ્યું કે, મદરેસાના બાળકો આઠમા ધોરણ સુધી શાળાઓમાં ઔપચારિક શિક્ષણ લેતા નથી. NCPCRએ તેની વેબસાઈટ (https://www.jamiatulama.co.uk/projects) પર ભારતમાં જમીયત ઓપન સ્કૂલને એક પ્રોજેક્ટ તરીકે હાઈલાઈટ કરતી જમિયત ઉલેમા-એ-હિંદ યુકે સામે પણ વાંધો ઉઠાવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જમીયત ઉલેમા-એ-હિંદ યુકે જમિયતને સમર્થન આપવાના નામે આ જ વેબસાઈટ દ્વારા દાન માંગે છે. ઈંગ્લેન્ડ અને વેલ્સના ચેરિટી કમિશનને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે જમીયત ઉલેમા-એ-હિંદ યુકે લિમિટેડ (ચેરિટી નંબર ૧૧૨૯૨૪૫) પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ કામ કરે છે, આમ તે ચતુરાઈપૂર્વક પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં JUH સાથે ભારતની JUHને જોડે છે. રિપોર્ટ અનુસાર, તેના વિશેની વિગતો http://register-of-charities.charitycommission.gov.uk/charity-search/-/charity-details/4042518/what-who-how-where પર ઉપલબ્ધ છે.

રિપોર્ટમાં જમિયત ઉલેમા-એ-હિંદ પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સિવાયની કોઈ બેંક દ્વારા વિદેશી દાન મેળવવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિદેશી ચેરિટી મની માત્ર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નવી દિલ્હી શાખામાં NGOના FCRA ખાતામાં મેળવી શકાય છે, અન્ય કોઈ બેંકમાં નહીં. NCPCRએ ગૃહ મંત્રાલયની FCRA વિંગ દ્વારા તેની તપાસ કરવાની ભલામણ કરી છે. સવાલ એ થાય છે કે શું આ ગૃહ મંત્રાલયનું કામ છે કે વિદેશી નાણા કોણ અને કેવી રીતે મેળવે છે તે જોવાનું અને ઉલ્લંઘન થયું છે કે કેમ તેની તપાસ કરવાનું છે કે પછી આ NCPCRનું કામ છે ? NCPCR એવા ક્ષેત્રોમાં ભટકી રહ્યું હોય તેવું લાગે છે જે તેના કાર્યક્ષેત્રની બહાર છે.

**- સૈયદ ખાલિક અહેમદ**
**(સૌ : ઈન્ડિયા ટુમોરો)**

# પાકિસ્તાનમાં ૨૬મા બંધારણીય સુધારા બિલથી રાજકીય તોફાન જાગ્યું : સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવા ૧૨ સભ્યોના પંચને છૂટ આપતી જોગવાઈ

## આ વિવાદાસ્પદ બિલ કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે, આ ખરડો ન્યાયતંત્ર પર સરકારના સંપૂર્ણ અંકુશની જોગવાઈ ધરાવે છે જેનાથી વિવાદ, PPPની આગેવાની હેઠળની ગઠબંધન સરકાર વ્યાપક રાજકીય સર્વસંમતિ માટે સંઘર્ષ કરી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

પાકિસ્તાનમાં ૨૬મા બંધારણીય સુધારાના ડ્રાફ્ટને મંજૂરી આપવા માટે પાકિસ્તાનની ફેડરલ કેબિનેટ રવિવારે બોલાવવામાં આવી હતી, જેનો હેતુ દેશની ન્યાયિક પ્રણાલીના મુખ્ય પાસાઓને સુધારવાનો છે, જો કે રાજકીય ખેંચતાણ વચ્ચે ઘણી વખત આ બેઠક વિલંબિત થઈ હતી. વિવાદમાં રહેલા આ પ્રસ્તાવિત સુધારાઓ એકસાથે 'બંધારણીય પેકેજ' બનાવે છે અને રાજકીય કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેની સત્તાની ગતિશીલતાને અસર કરે તેવી અપેક્ષા છે. ફેડરલ સરકાર શનિવારે પેકેજની સમીક્ષા કરવાની હતી, પરંતુ બંને સંસદીય સત્રોમાં વિલંબ થયો હતો. હવે, કેબિનેટની મંજૂરી પછી, સેનેટ અને પછી નેશનલ એસેમ્બલી રવિવારે સાંજે ચર્ચા અને ત્યારબાદ મતદાન માટે બિલને રજૂ કરવામાં આવશે. જમીયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલ (JUI-F)ના વડા મૌલાના ફઝલુર રહેમાને વિરોધપક્ષના ધારાશાસ્ત્રીઓની કથિત સતામણીનો ઉલ્લેખ કરીને વાટાઘાટોમાંથી ખસી જવાની ધમકી આપ્યા બાદ શુક્રવારે સેનેટમાં બંધારણીય સુધારો રજૂ કરવાની સરકારની યોજના નિષ્ફળ ગઈ હતી. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના સૈયદ ખુર્શીદ શાહે શરૂઆતમાં દાવો કર્યો હતો કે સર્વસંમતિ થઈ ગઈ છે, પરંતુ પાર્ટીના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ચેતવણી આપી હતી કે જો વ્યાપક સર્વસંમતિ નહીં બને તો તેઓ પાકિસ્તાન મુસ્લિમ લીગ (એન)ના સમર્થન સાથે સુધારાને આગળ ધપાવશે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના નેતૃત્વ સાથે મુલાકાત કરનાર રહેમાને કથિત રીતે જણાવ્યું હતું કે તેમને સુધારા અંગે ઈમરાન ખાન તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને PTI રવિવારે તેનો ઔપચારિક જવાબ આપશે તેવી અપેક્ષા છે. જો કે, પીટીઆઈના નેતા ગોહર ખાને કહ્યું કે પાર્ટી આજે રહેમાનને મળશે, પરંતુ પીટીઆઈના બેરિસ્ટર અલી ઝફરે સ્પષ્ટ કર્યું કે તેઓ આ સુધારા માટે મત આપશે નહીં. પીટીઆઈની રાજકીય સમિતિએ પણ મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

પીપીપીની આગેવાની હેઠળની ગઠબંધન સરકાર દ્વારા બંધારણીય સુધારાઓ સૌપ્રથમ સપ્ટેમ્બરમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ સુધારાનો હેતુ સુપ્રીમ કોર્ટની સુઓમોટુ સત્તાઓને અંકુશમાં લેવા, પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશની મુદત ત્રણ વર્ષની નક્કી કરવાનો અને વડાપ્રધાનને ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશોમાંથી CJPની નિમણૂક કરવાની મંજૂરી આપવાનો છે. પેકેજમાં અન્ય જોગવાઈઓમાં



બલૂચિસ્તાનની એસેમ્બલીમાં સીટો વધારવા અને લશ્કરી વડાઓની નિમણૂક પ્રક્રિયામાં ફેરફાર સામેલ છે. અહીં કેટલાક મુખ્ય સૂચિત ફેરફારો આપવામાં આવ્યા છે:

**CJPની નિમણૂક :** મુખ્ય ન્યાયાધીશની નિમણૂક સુપ્રીમ કોર્ટના ત્રણ સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોમાંથી વિશેષ સંસદીય સમિતિ દ્વારા કરવામાં આવશે. સમિતિ નોમિનીનું નામ વડાપ્રધાનને મોકલશે, જે તેને નિમણૂક માટે રાષ્ટ્રપતિને મોકલશે.

**ન્યાયિક નિમણૂંકો માટે વિશેષ સંસદીય પેનલ :** આ પેનલ ૧૨ સભ્યોની હશે (આઠ નેશનલ એસેમ્બલીમાંથી અને ચાર સેનેટમાંથી). પક્ષનું પ્રતિનિધિત્વ સંસદમાં તેમની બેઠકના પ્રમાણમાં હશે. સમિતિએ સીજેપીની નિવૃત્તિના ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલા તેનું નામાંકન કરવું આવશ્યક છે. ૨૬મા સુધારા પછી પ્રથમ નોમિનેશન માટે, તે CJPની નિવૃત્તિના ત્રણ દિવસ પહેલા કરવું આવશ્યક છે. ખાલી જગ્યા અથવા સભ્યોની ગેરહાજરીને કારણે કમિશન અથવા સમિતિના કોઈપણ નિર્ણયોને અમાન્ય કરવામાં આવશે નહીં.

**સંસદીય પેનલની સત્તાઓ :** પેનલને ન્યાયાધીશોની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટેની પ્રક્રિયાઓ અને માપદંડો સહિત નિયમો બનાવવાની સત્તા આપવામાં આવશે. CJP પાસે હવે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની અનુપલબ્ધતાના વિકલ્પની નિમણૂક કરવાની સત્તા રહેશે નહીં. આ જવાબદારી સંસદીય પંચની રહેશે. ન્યાયાધીશોની નિમણૂક માટે કમિશનની રચના (કલમ ૧૭૫-૭) : આ સુધારા સૂચવે છે કે સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને ફેડરલ શરિયત કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક કરવા માટે જવાબદાર કમિશનમાં વરિષ્ઠ તરીકે સુપ્રીમ કોર્ટની ઓછામાં ઓછી ૧૫ વર્ષની પ્રેક્ટિસ ધરાવતા સભ્યો હોવા જોઈએ.

**રાષ્ટ્રપતિની સલાહ (કલમ ૪૮) :** પાકિસ્તાન બંધારણના અનુચ્છેદ ૪૮માં ફેરફાર કોઈપણ અદાલત, ટ્રિબ્યુનલ અથવા સત્તાને વડાપ્રધાન અથવા કેબિનેટ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સલાહને અટકાવશે.

**CJPનો કાર્યકાળ (કલમ ૧૭૯) :** CJPનો કાર્યકાળ ત્રણ વર્ષનો છે, અથવા રાજીનામું આપવા સુધી, ૬૫ વર્ષની ઉંમર છે, અને ત્રણ વર્ષની મુદત પછી, CJP વયને ધ્યાનમાં લીધા વિના નિવૃત્ત થશે.

**કામગીરીનું મૂલ્યાંકન :** સંસદીય કમિશન ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની વાર્ષિક કામગીરીની સમીક્ષા કરશે. જેઓ ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે તેમને સુધારવા માટે એક નિશ્ચિત સમયગાળો આપવામાં આવશે, ત્યારબાદ તેમના કેસને સુપ્રીમ જ્યુડિશિયલ કાઉન્સિલને મોકલવામાં આવશે.

**ટોચની અદાલત માટે ઘટાડાયેલ સુઓમોટુ અધિકારક્ષેત્ર (કલમ ૧૮૪) :** આ સુપ્રીમ કોર્ટના સુઓમોટુ અધિકારક્ષેત્રને માત્ર સંબંધિત કલમ હેઠળ દાખલ કરાયેલી અરજીઓ સુધી મર્યાદિત કરશે.

**બંધારણીય બેન્ચ :** પાકિસ્તાનનું ન્યાયિક કમિશન જ્યાં શક્ય હોય ત્યાં દરેક પ્રાંતમાંથી સમાન પ્રતિનિધિત્વ સાથે, જરૂરિયાત મુજબ બંધારણીય બેન્ચની રચના કરશે. કલમ ૧૮૪ હેઠળ સુપ્રીમ કોર્ટના મૂળ અધિકારક્ષેત્રનો ઉપયોગ માત્ર બંધારણીય બેન્ચ જ કરી શકે છે.

દેશના કાયદામાં સમાવિષ્ટ થવા માટે બિલને બે તૃતિયાંશ બહુમતી સાથે સંસદના બંને ગૃહોમાંથી મંજૂરીની જરૂર છે. જો કે, વર્તમાન સરકાર પાસે સુધારો પસાર કરવા માટે જરૂરી બેઠકો નથી. તેણે તેના સાથી JUI-Fનો ટેકો માંગ્યો હતો, જેણે સંસદમાં બિલને ટેકો આપવાનો ઈન્કાર કર્યો હતો. પીટીઆઈ સહિત તમામ પક્ષોના પ્રતિનિધિત્વ સાથે ગયા મહિને રચાયેલી વિશેષ સંસદીય સમિતિએ વિવિધ દરખાસ્તો પર ચર્ચા કરી હતી. ૧૧ ઓક્ટોબરના રોજ, PPPએ તેની દરખાસ્તો બહાર પાડી, જે પછી તે JUI-F સાથે સુધારાના સંયુક્ત ડ્રાફ્ટ પર સર્વસંમતિ થઈ હતી.

તે પછી, સૈયદ ખુર્શીદ શાહની અધ્યક્ષતાવાળી વિશેષ સંસદીય સમિતિએ શુક્રવારે બંધારણીય સુધારાના ડ્રાફ્ટને મંજૂરી આપી હતી. PPP ચીફ ભુટ્ટો-ઝરદારીની સાથે JUI-Fના રહેમાને શુક્રવારે જાહેરાત કરી હતી કે તે પાર્ટી PTIના પ્રતિભાવ પછી ૨૬મા બંધારણીય સુધારાને સમર્થન આપશે અને ચર્ચા માટે વધારાનો દિવસ માંગ્યો હતો. સરકાર JUI-F માટે અસ્વીકાર્ય એવા સુધારાના ભાગોને દૂર કરવા સંમત થયા પછી સર્વસંમતિ થઈ હતી. ભુટ્ટો-ઝરદારીએ વ્યાપક રાજકીય સર્વસંમતિ સાથે આ સુધારો પસાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પીટીઆઈ, જેલમાં બંધ વડા ઈમરાન ખાનના માર્ગદર્શન માટે તેના નિર્ણયમાં વિલંબ કર્યો છે. પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે સુધારાને સમર્થન આપવાના બદલામાં તેના સભ્યોને ૩ અબજ રૂપિયાની ઓફર કરવામાં આવી રહી છે. આ સુધારાને સમર્થન આપવા માટે ધારાસભ્યોને દબાણ કરવામાં આવતા હોવાના આક્ષેપોને નકારી કાઢવામાં આવ્યા છે.

**સંસદમાં સંખ્યાઓ શા માટે મહત્ત્વપૂર્ણ છે ?**

શાહબાઝ શરીફની આગેવાની હેઠળના વહીવટીતંત્રને સુધારાઓ પસાર કરવા માટે જરૂરી મત મેળવવામાં નોંધપાત્ર અવરોધોનો સામનો કરવો પડ્યો છે. સરકારને સંસદના બંને ગૃહોમાં બે-તૃતિયાંશ બહુમતીની જરૂર છે - જે નેશનલ એસેમ્બલીમાં ઓછામાં ઓછા ૨૨૪ અને સેનેટમાં ૬૪ મતો છે. જો કે, તેના વર્તમાન ગઠબંધન પાસે એસેમ્બલીમાં માત્ર ૨૧૩ અને સેનેટમાં ૫૨ સભ્યો છે, જે જરૂરી સંખ્યા કરતા ઓછા છે. પીપીપીની આગેવાની હેઠળની સરકારને જેયુઆઈ-એફ સમર્થન આપી રહી છે, જે નેશનલ એસેમ્બલીમાં આઠ અને સેનેટમાં પાંચ બેઠકો ધરાવે છે. રાજકીય વિશ્લેષકો દ્વારા આ બિલને ન્યાયતંત્રની સ્વતંત્રતાને ઘટાડવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. ૧૭ સપ્ટેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં સૂચિત સુધારાને ગેરબંધારણીય અને ન્યાયિક સ્વતંત્રતા માટે જોખમ ગણીને પડકારવામાં આવ્યા હતા. બલૂચિસ્તાનમાં વરિષ્ઠ વકીલોએ પણ આ પ્રસ્તાવિત ફેરફારોનો વિરોધ કર્યો હતો.

# 'કેનેડા ભારતીયોથી ઉભરાઈ ગયું છે, પાછા જાઓ' : ભારતીય મૂળના માણસને ઑન્ટેરિયોમાં નફરતી ભાષણનો સામનો કરવો પડ્યો

(એજન્સી) તા.૨૧

કેનેડાના ઑન્ટારિયોમાં કિચનર-વોટરલૂ પ્રદેશમાં ચાલતી વખતે ભારતીય મૂળના એક વ્યક્તિએ તાજેતરમાં દ્વેષપૂર્ણ વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો, જ્યાં તેને વચલી આંગળી બતાવવામાં આવી હતી અને નફરતપૂર્ણ શબ્દોનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વિડિયોમાં અશ્વિન અન્નામલાઈએ એક વૃદ્ધ મહિલાનો ભેટો થયો હોવાનું જણાવ્યું હતું જેણે તેને ભારતીય વારસાને કારણે 'ભારત પાછા ફરવાનું' કહ્યું હતું. X પર પોસ્ટમાં, અન્નામલાઈએ આ અનુભવને ઊંડો આઘાતજનક ગણાવ્યો હતો, જે પ્રદેશમાં અશ્વેત લોકો સામે વધતા દ્વેષપૂર્ણ ગુનાઓના વલણને પ્રકાશિત કરે છે. તેણે એક પોસ્ટમાં પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું, 'કિચનર-વોટરલૂના એક સમયે સ્વાગત કરતા સમુદાયમાં નફરતમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે જ્યારે હું ફરવા માટે બહાર હતો ત્યારે એક અજાણી મહિલાએ મને વચલી આંગળી દેખાડી હતી અને નફરતપૂર્ણ શબ્દો કહ્યા હતા.'

**'ભારત પાછા જાઓ'**

ભારતીય મૂળના પુરૂષ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં એક કેનેડિયન મહિલા તેના ભારતીય વારસા માટે તેની સાથે દુર્વ્યવહાર કરતી સાંભળી શકાય છે. જ્યારે પુરૂષે મહિલાના તેના પ્રત્યે આક્રમકતાનું કારણ પૂછ્યું તો મહિલાએ કહ્યું, 'હું તમારા માટે આક્રમક છું કારણ કે કેનેડામાં ઘણા બધા ભારતીયો છે અને હું ઈચ્છું છું કે તમે પાછા જાઓ. ભારત પાછા જાઓ. તમારા માતા-પિતા કેનેડિયન નથી અને તમારા દાદા દાદી કેનેડિયન નથી. આ ઘટનાને સોશિયલ મીડિયા પર શેર કરતાં અન્નામલાઈએ કહ્યું, "તેણે ખોટી રીતે માની લીધું કે હું ભારતીય છું અને મારે તરત જ નીકળી જવું જોઈએ. જ્યારે મેં તેને ખૂબ જ નમ્રતાથી પડકારી ત્યારે તેણે તેના જાતિવાદી ગાળો આપી. તે એ વાતથી પણ નારાજ છે કે સમુદાયમાં કાળા લોકો છે. તેણે મારા પર અંગ્રેજી બોલતા ન હોવાનો પણ આરોપ મૂક્યો છે અને કહ્યું કે મારે હમણાં જ દેશ છોડી દેવો જોઈએ.



**ભારતીય-કેનેડિયને કેનેડામાં વધતા ધિક્કાર અપરાધો પર સીબીસી સમાચારના સમાચાર અહેવાલની લિંક શેર કરી**

**'સારા હેતુ ધરાવતા કેનેડિયનોની હેરાનગતિ'**

તેમણે નોંધ્યું હતું કે મહિલાના ગુસ્સામાં માત્ર તેમને જ નિશાન બનાવ્યા નથી પરંતુ અન્ય સમુદાયો વિશે અપમાનજનક ટિપ્પણીઓ પણ સામેલ છે. અન્નામલાઈએ એક અહેવાલ શેર કર્યો છે જે દર્શાવે છે કે વોટરલૂ પ્રદેશમાં દેશમાં પોલીસ દ્વારા નોંધાયેલા દ્વેષપૂર્ણ ગુનાઓનો સૌથી વધુ દર છે. ભારતીય મૂળના વ્યક્તિએ X પર લખ્યું, "આ કોઈ એકલ-દોકલ ઘટના નથી. આવા નફરતથી ભરેલા એન્કાઉન્ટરો વર્ષની શરૂઆતથી નિયમિતપણે થઈ રહ્યા છે અને લોકો વધુ ઉત્સાહિત થઈ રહ્યા હોય તેવું લાગે છે. મેં અમારા સમુદાયમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા જાતિવાદ વિશે વાત કરી છે," તેમણે ઉમેર્યું, "સડક પર સારા હેતુ ધરાવતા કેનેડિયનોને હેરાન કરવા અને કારણ વિના તેમને દોષી ઠેરવવા એ આપણે જે પડકારોનો સામનો કરીએ છીએ તેનો ઉકેલ નથી. આપણે એક સમુદાય તરીકે ચોક્કસપણે એકબીજાને દોષી ઠેરવવા કરતાં વધુ સારૂં કરી શકીએ છીએ અને આપણા બધા પીડિતો સમસ્યાઓના ઉકેલો શોધવા માટે એકસાથે આવી શકીએ છીએ,". તાજેતરના વર્ષોમાં ભારતમાંથી કેનેડામાં ઈમિગ્રેશનના વલણમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે આ ઘટના બની છે. નવા ભારતીય કાયમી નિવાસીઓ (PRs)ની સંખ્યા આસમાને પહોંચી છે, જે ૨૦૧૫માં ૩૯,૩૪૦થી વધીને ૨૦૨૩માં ૧,૩૯,૭૮૫ થઈ ગઈ છે.

**હદીસ બોધ**

એકબીજાની ઈર્ષ્યા ન કરો, આથી શત્રુતા ઉત્પન્ન થશે. (હદીસ બોધ)

**બોધ વચન**

જે માણસ ડગતો નથી તે જ ખરો વીર છે. -ઈમર્સન

**આજની આરસી**

૨૨ ઓક્ટોબર મંગળવાર ૨૦૨૪
૧૮ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો વદ છઠ્ઠ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૨૦ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૪૦ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૦૯ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**હૈ અઝલસે ઈન ગરીબોંકી મુકદરમેં સુજૂદ**
**ઈનકી ફીતરતકા તકાઝા હૈ નમાઝ-એ-કયામ**

ઈબ્લીસકી મજલિસ એ શૂરામાં પહેલો સલાહકાર જણાવે છે કે શયતાને ગોઠવેલા તંત્રમાં ગરીબો સદીઓથી મજબૂર અને લાચાર છે. જુલ્મીઓની આગળ ઝૂકવાનું આ લોકોનું નસીબ બની ગયું છે. ગરીબોની જિંદગીની મિસાલ એવી બની ગઈ છે કે કોઈ વ્યક્તિ એવી નમાઝમાં હોય જેમાં સજદો કરવાનો છે પણ કયામ નથી (નમાઝમાં ઊભા રહેવું) અર્થાત પ્રજા ગુલામી, જુલ્મથી ટેવાઈ ગઈ છે. સહન કરવાની આદત પડી ગઈ છે પણ પોતાનો હક મેળવવાનું ભૂલી ગઈ છે. **-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

### ૨૪ અને ૨૫ નવેમ્બરે બોલી લાગશે

# IPL 2025 મેગા ઓક્શન રિયાધમાં આયોજિત થઈ શકે

નવી દિલ્હી, તા.૨૧

આઈપીએલ ૨૦૨૫નું મેગા ઓક્શન આગામી મહિને આયોજિત થવાનું છે. રિપોર્ટનું માનીએ તો ૨૪ અને ૨૫ નવેમ્બરે આ વખતે મેગા ઓક્શન આયોજિત થઈ શકે છે અને આના માટે એક શહેરને પણ લગભગ ફાઈનલ કરી દેવાયું છે. અનેક શહેરો વિશે બીસીસીઆઈએ વિચાર કર્યો પણ સઉદી અરબની રાજધાની રિયાધને રેસમાં સૌથી આગળ માનવામાં આવે છે. જો કે, હજુ સુધી બીસીસીઆઈ તરફથી કંઈપણ સત્તાવાર રીતે ફાઈનલ નથી પણ તારીખ અને સ્થળ લગભગ આ જ હશે. ક્રિકબઝના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આમ તો લગભગ ૨૪-૨૫ નવેમ્બર અને રિયાધ ફાઈનલ છે પણ બીસીસીઆઈના અધિકારીઓ સામે એક સંભવિત મુદ્દો એ છે કે, પ્રસ્તાવિત તારીખો ઓસ્ટ્રેલિયામાં ભારતની પ્રથમ ટેસ્ટ મેચ સાથે મેળ ખાય છે. જે ૨૨થી ૨૬ નવેમ્બર સુધી પર્થમાં આયોજિત થશે. આ મેચ ડિઝની સ્ટાર પર બતાવવામાં આવશે. જે આઈપીએલના સત્તાવાર પ્રસારકોમાંથી એક છે. આદર્શ રૂપથી જોઈએ તો બધા પક્ષ કોઈપણ ઓવરલેપથી બચવા માંગે છે. જો કે, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં ટાઈમ ડિફરન્સ વધારે છે તો પછી ઓક્શન બપોરે આયોજિત કરી શકાય છે. રિપોર્ટનું માનીએ તો બીસીસીઆઈના અમુક અધિકારી પહેલા જ સઉદી અરબનો પ્રવાસ કરી ચૂક્યા છે. બીસીસીઆઈએ સંભવિત સ્થાનોને રિયાધ અને જેદ્દાહ સુધી સીમિત કરી દીધા છે, જેમાં રિયાધ આ આયોજન માટે સૌથી સંભવિત યજમાન શહેર છે. બીસીસીઆઈએ દુબઈ, સિંગાપુર અને લંડન જેવા અમુક અન્ય શહેરો પર પણ વિચાર કર્યો હતો પણ અંતિમ નિર્ણય થયો નહીં. હવે માનવામાં આવી રહ્યું છે કે, રિયાધ જ ફાઈનલ થશે.

# કાનપુર : દલિત વિદ્યાર્થી પર હુમલો, સનાતન ધર્મ વિરોધી પોસ્ટ પર સાથીઓ દ્વારા 'જય શ્રી રામ' બોલવા દબાણ; વીડિયો સરફેસ થયાં પછી કેસ નોંધાયો

### કાનપુરના સેન પશ્ચિમ પરામાં ઈન્ટર-કોલેજની બહાર વિદ્યાર્થીઓના જૂથ દ્વારા માર મારવામાં આવ્યા બાદ એક દલિત વિદ્યાર્થી બળપૂર્વક 'જય શ્રી રામ'ના નારા લગાવતો જોવા મળ્યો હતો

(એજન્સી) તા.૨૧

રવિવારે સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વિડિયોમાં કાનપુરના સેન પશ્ચિમ પરામાં ઈન્ટર-કોલેજની બહાર વિદ્યાર્થીઓના જૂથ દ્વારા માર મારવામાં આવ્યા બાદ એક દલિત વિદ્યાર્થી બળપૂર્વક 'જય શ્રી રામ'ના નારા લગાવતો જોવા મળ્યો હતો. આ ઘટનામાં અડધો ડઝનથી વધુ વિદ્યાર્થીઓ સામેલ હતા જેમણે હાઈસ્કૂલના છોકરાને ધાર્મિક સૂત્રોચ્ચાર ન કરવા બદલ નિશાન બનાવ્યો હતો. આરોપીએ આ કૃત્ય રેકોર્ડ કર્યું અને વીડિયો ઓનલાઈન શેર કર્યો, જે પછીથી વાયરલ થઈ ગયો. પીડિતે તેના પરિવાર સાથે પોલીસને ઘટનાની જાણ કરી હતી. તેણે ખુલાસો કર્યો કે તે અને તેનો પરિવાર બૌદ્ધ ધર્મને અનુસરે છે અને તે





ઘણીવાર ડૉ. બી.આર આંબેડકર અને અન્ય બૌદ્ધ નેતાઓ સંબંધી પોસ્ટ તેમના મોટા ભાઈના ફોનનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર શેર કરે છે. પીડિતે કહ્યું કે હુમલા પાછળ તેની સોશિયલ મીડિયા પ્રવૃત્તિ કારણભૂત છે, કારણ કે અન્ય વિદ્યાર્થીઓએ તેની પોસ્ટ સામે વાંધો ઉઠાવ્યો હતો. પીડિતના જણાવ્યા મુજબ, આ ઘટના શાળાના સમય પછી બની હતી જ્યારે મધ્યવર્તી અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓના એક જૂથે તેને 'જય શ્રી રામ' બોલવાની માગણી કરીને ઘરે જતા અટકાવ્યો હતો. જ્યારે તેણે ના પાડી ત્યારે તેઓએ તેના પર જાતિ આધારિત અપશબ્દો કહ્યા અને તેના પર હુમલો કર્યો. તેને માર માર્યા પછી જૂથે તેને સૂત્રોચ્ચાર કરવા દબાણ કર્યું અને સમગ્ર ઘટનાનું શૂટિંગ કર્યું, બાદમાં તેનો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો. આરોપી વિદ્યાર્થીઓએ કથિત રીતે દાવો કર્યો હતો કે તેઓ પીડિતનો વિરોધ કરતા હતા કારણ કે તે ઘણીવાર ઈન્ટરનેટ પર સનાતન ધર્મ (હિંદુ ધર્મ) વિરૂદ્ધ પોસ્ટ શેર કરતો હતો. તેઓએ હિંસાનો ઉપયોગ કરવાનો ઈન્કાર કર્યો હતો, ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓએ છોકરાને ફક્ત આવી પોસ્ટ કરવાનું બંધ કરવાનું કહ્યું હતું. જો કે, વીડિયો પુરાવા અન્યથા સૂચવે છે. આ મામલે કેસ નોંધાયો પોલીસે પુષ્ટિ કરી છે કે પીડિત અને આરોપી વિદ્યાર્થીઓ બંને સગીર છે. પોલીસે મીડિયાને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

### ગાવસ્કરે પસંદગીકારોની ઝાટકણી કાઢી

# સરફરાઝ ખાનનું કમબેક તેની કમરથી વધારે મોટું છે : ગાવસ્કર

નવી દિલ્હી, તા.૨૧

સતત ડોમેસ્ટિક ક્રિકેટમાં પોતાની બેટિંગથી હાહાકાર મચાવનાર સરફરાઝ ખાનને ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી માટે ઘણી રાહ જોવી પડી. સરફરાઝ ખાને અત્યાર સુધી ચાર ટેસ્ટ મેચ જ રમી છે પણ આ દરમ્યાન બેટિંગથી બધાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. સરફરાઝ ખાન પોતાના વજનને લઈ ઘણીવાર ચર્ચાનો વિષય બન્યો છે પણ આ બધા વચ્ચે તેને પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુનિલ ગાવસ્કરનું સમર્થન મળ્યું છે. જેમણે ભારતીય ટીમના પસંદગીકારોની ઝાટકણી કાઢી છે. સરફરાઝને લઈ ગાવસ્કરે કહ્યું કે, મેદાન પર જે રીતે તેણે પોતાના બેટથી



**ડિસીઝન મેકર્સમાં અમુક લોકો એવા હતા જેમને લાગતું હતું કે, સરફરાઝની કમર સ્લિમ નથી અને તે ઈન્ટરનેશનલ ક્રિકેટ માટે સૂટેબલ નથી : સુનિલ**

પુનરાગમન કર્યું છે તે તેની કમરથી વધારે મોટું છે. આજ વર્ષે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સિરિઝમાં ટીમ ઈન્ડિયાના અનેક બેટ્સમેન ઉપલબ્ધ ન હતા, જેના કારણે સરફરાઝને ડેબ્યુ કરવાની તક મળી. સરફરાઝે ત્રણ ટેસ્ટ મેચ રમી અને આ દરમ્યાન ત્રણ અર્ધસદી ફટકારી હતી પણ તેમ છતાં બાંગ્લાદેશ વિરુદ્ધ બે મેચોની ટેસ્ટ સિરીઝમાં ડ્રોપ કરી દેવાયો હતો. ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝમાં શુભમન ગિલ પૂરી રીતે ફિટ નહીં હોવાના કારણે તેનું પ્લેઈંગ ઈલેવનમાં પુનરાગમન થયું અને તેણે બીજી ઈનિંગમાં ૧૫૦ રન પણ ફટકાર્યા. સુનિલ ગાવસ્કરે પોતાની કોલમમાં લખ્યું કે, મેદાન પર બેટ સાથે સરફરાઝનું કમબેક તેની કમરથી વધારે મોટું છે. દુ:ખની વાત એ છે કે, ઈન્ડિયન ક્રિકેટમાં ઘણા બધા ડિસીઝન મેકર છે. સરફરાઝને લાંબા સમય સુધી ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું નહીં, જ્યારે તે ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત રન બનાવતો રહ્યો છે. આવું એટલા માટે થયું કારણ કે, ડિસીઝન મેકર્સમાં અમુક લોકો એવા હતા જેમને લાગ્યું કે, તેની કમર સ્લિમ નથી અને તે ઈન્ટરનેશનલ ક્રિકેટ માટે સૂટેબલ નથી. તેમણે કહ્યું કે, રિષભ પંત વધુ એક એવો ખેલાડી છે જેની પાસે સ્લિમ કમર નથી પણ તે કેટલો શાનદાર ઈમ્પેક્ટ ખેલાડી છે.

# ગિલના બેટિંગ વીડિયો બાદ રાહુલના ભાગ્યને લઈ નિષ્ણાતોમાં મતભેદ વચ્ચે સરફરાઝ ખાને 'કરૂણ નાયર'ની ક્રૂર યાદ અપાવી

નવી દિલ્હી, તા.૨૧ : ગત મહિને બાંગ્લાદેશ વિરુદ્ધ સિરીઝની જેમ જ સરફરાઝને ન્યુઝીલેન્ડ વિરુદ્ધ મેચમાં પણ બહાર બેસવાની આશા હતી. કારણ કે, ભારત નવેમ્બરના અંતમાં રમાનારી બોર્ડર-ગાવસ્કર સિરીઝની તૈયારીઓને ધ્યાનમાં રાખતા અનુભવી રાહુલને પરત લાવવા માંગતું હતું. જો કે, બેંગ્લોર ટેસ્ટની શરૂઆત પહેલા શુભમન ગિલની ગરદનમાં દુ:ખાવાના કારણે મુંબઈના આ બેટ્સમેનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરાયો અને તેણે આ તકનો ભરપૂર ફાયદો ઊઠાવતા પોતાની પ્રથમ ઈન્ટરનેશનલ સદી ફટકારી દીધી. આ દરમ્યાન બાંગ્લાદેશ સિરીઝમાં પોતાના ટેસ્ટ પુનરાગમનમાં ફક્ત એક અર્ધસદી બનાવનાર રાહુલ ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ૦ અને ૧૨ રને આઉટ થઈ ગયો હતો. બેંગ્લોર ટેસ્ટ સમાપ્ત થયા બાદ જિયો સિનેમાએ ગિલના પ્રેક્ટિસના લાઈવ વીડિયો બતાવ્યા છે, જેનાથી પ્રશંસકોને પ્લેઈંગ ઈલેવનમાં તેના પુનરાગમનની આશા જાગી છે. ત્યારબાદ આ વાત પર ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, જો ગિલ મેચમાં નંબર ત્રણની ભૂમિકા નિભાવશે તો શું ભારત પુણે ટેસ્ટમાં રાહુલને બહાર કરી દેશે. પ્રસારકો સાથે વાત કરતા પૂર્વ ભારતીય ક્રિકેટર પાર્થિવ પટેલે કહ્યું કે, સરફરાઝનું શાનદાર પ્રદર્શન છતાં ટીમ મેનેજમેન્ટ રાહુલ પર વિશ્વાસ વ્યક્ત કરશે તેવી સંભાવના છે. જો કે, બેટ્સમેન પર પોતાની યોગ્યતા સાબિત કરવાનું દબાણ રહેશે. તેણે કહ્યું કે, હું હજુ પણ કે.એલ. રાહુલને રમાડીશ. જે રીતે ટીમે તેના પર વિશ્વાસ બતાવ્યો છે. હું ટીમ મેનેજમેન્ટની વિચારસરણીના આધારે કહી રહ્યો છું. સરફરાઝે ૧૫૦ રન જરૂર બનાવ્યા છે પણ તે મોહમ્મદ સિરાજ અથવા આકાશ દીપ જેવી જ સ્થિતિમાં છે. રાહુલ પર ચોક્કસ રીતે દબાણ હશે પણ હું તેને જ રમાડીશ.



આ ટિપ્પણીએ કરૂણ નાયરની યાદ અપાવી દીધી. આકાશ ચોપડાએ યાદ અપાવ્યું કે, ૨૦૧૬માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૩૦૦ રનની ઐતિહાસિક ઈનિંગ બાદ આ અનુભવી ભારતીય બેટ્સમેનને શું-શું ભોગવવું પડ્યું હતું. આગામી ટેસ્ટમાં રહાણે માટે નાયરને બહાર કરી દેવાયો હતો. કારણ કે, તે ચેન્નાઈ મેચમાં ફક્ત સિનિયર બેટ્સમેનોની જગ્યા ભરી રહ્યો હતો. તે દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની યાદ અપાવવા છતાં આકાશનું માનવું છે કે, સરફરાઝ સાથે આવું થવાની સંભાવના નથી. કારણ કે, ભારતીય ક્રિકેટમાં વધુ એક મહત્ત્વપૂર્ણ વસ્તુ છે તે છે બહારનો હોબાળો અને તે હજી સરફરાઝના પક્ષમાં છે. પૂર્વ ક્રિકેટર અજય જાડેજાએ કહ્યું કે, આપણે હમણા રોહિત શર્માને પ્રેસ કોન્ફરન્સમાં સાંભળ્યો હતો. જ્યાં તેણે કહ્યું હતું કે, દરેક ખેલાડીને એક મેસેજ આપવામાં આવ્યો છે તો તે સ્થિતિમાં જો મોહમ્મદ સિરાજને બહાર કરે છે તો રાહુલને પણ બહાર બેસાડવો જોઈએ. કારણ કે, તે હાલ ફોર્મમાં નથી.

# મુઝફ્ફરપુર : ક્લાસરૂમમાં માર મારવાથી દલિત વિદ્યાર્થીનું મોત, વિદ્યાર્થીઓના બે જૂથો વચ્ચે મારામારી, એક વિદ્યાર્થીની ધરપકડ

### બિહારના મુઝફ્ફરપુરમાં એક સરકારી શાળાનો વર્ગખંડ યુદ્ધનું મેદાન બની ગયો હતો, હાલમાં જ વિદ્યાર્થીઓના બે જૂથ વચ્ચે થયેલી મારામારીનો વીડિયો સામે આવ્યો છે, તે જ સમયે, આમાં એક દલિત વિદ્યાર્થીનું મૃત્યુ થયું છે, મૃતક વિદ્યાર્થી સૌરભ કુમાર કુધની બ્લોક સ્થિત તુર્કી સરકારી હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો

(એજન્સી) તા.૨૧

બિહારના મુઝફ્ફરપુરમાં એક હાઈસ્કૂલનો ક્લાસરૂમ થોડી જ વારમાં યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો. વર્ગખંડમાં વિદ્યાર્થીઓના બે જૂથો પરસ્પર દુશ્મનાવટને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી. ધોરણ ૧૦ના વિદ્યાર્થીને બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. જેના કારણે તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. વિદ્યાર્થીઓએ મળીને વિદ્યાર્થી સૌરભને એટલો માર માર્યો હતો કે તે હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝઝૂમી રહ્યો હતો. દરમિયાન બ્રેઈન હેમરેજને કારણે વિદ્યાર્થીનું મોત થયું હતું. ક્લાસરૂમમાં થયેલી લડાઈનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. દલિત વિદ્યાર્થીને માર માર્યા બાદ હુમલાખોર છોકરાઓ ત્યાંથી ભાગી ગયા હતા. શિક્ષકોએ



ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના પરિવારને ઘટના અંગે જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા પરિવારજનોએ વિદ્યાર્થીને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમિયાન વિદ્યાર્થીનું મોત થયું હતું.

**વાંસની લાકડીથી નિર્દયતાથી માર માર્યો**

ક્લાસરૂમમાં બનેલી આ સમગ્ર ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં વિદ્યાર્થીઓનું એક જૂથ વર્ગખંડમાં એક વિદ્યાર્થીને માર મારી રહ્યું છે. ઘાતકી મારપીટમાં ઘણા વિદ્યાર્થીઓ સામેલ છે. વિદ્યાર્થીને વાંસની લાકડીથી પણ નિર્દયતાથી મારવામાં આવ્યો હતો. તેને માર મારનાર લોકો દબંગ પ્રકારના હોવાનું જણાય છે. મૃતક સૌરભ કુમાર કુધની બ્લોક સ્થિત તુર્કી સરકારી હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો.

**પરિવારના સભ્યોની હાલત ખરાબ, એક વિદ્યાર્થીની ધરપકડ**

વિદ્યાર્થીના મોત બાદ પરિવારજનોમાં આક્રંદ જોવા મળી રહ્યો છે. માહિતી મળ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી છે. ગ્રામીણ એસપી વિદ્યા સાગરે જણાવ્યું કે વર્ગખંડમાં કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો. સૌરભ અને તેના મિત્રોની ઓમ પ્રકાશ અને પ્રહલાદની આગેવાની હેઠળના અન્ય જૂથ સાથે મારામારી થઈ હતી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે બીજા જૂથના યુવકે સૌરભને માથા પર વાંસની લાકડી વડે માર્યો હતો. ઓમ પ્રકાશ અને પ્રહલાદ કુમારે સૌરભને માર માર્યો હતો. પોલીસે ઓમ પ્રકાશની ધરપકડ કરી છે. બંને પક્ષો તરફથી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. પોલીસ તમામ સંભવિત પાસાઓની તપાસ કરી રહી છે, જેમાં પ્રેમ પ્રકરણના કારણે અથડામણ થઈ હોવાની અફવા પણ સામેલ છે.

### વકાર યુનુસનો વર્ષો જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

# રબાડાએ ઈતિહાસ રચ્યો, સૌથી ઓછા બોલમાં ૩૦૦ વિકેટ લેનાર બોલર બન્યો

ઢાકા, તા.૨૧

દ.આફ્રિકાના ઝડપી બોલર રબાડા ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછા બોલમાં ૩૦૦ વિકેટ લેનાર બોલર બની ગયો છે. રબાડાએ પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર વકાર યુનિસનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો છે. આ ઉપરાંત રબાડા ફક્ત છઠ્ઠો એવો દ.આફ્રિકાનો બોલર બની ગયો છે, જેણે ૩૦૦થી વધારે ટેસ્ટ વિકેટ ઝડપી છે. ઢાકામાં રમાઈ રહેલી બાંગ્લાદેશ સામેની ટેસ્ટ મેચમાં રહીમ રબાડાનો ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦મો શિકાર બન્યો.



રબાડાએ ૧૧,૮૧૭ બોલમાં ૩૦૦ વિકેટ પૂરી કરી. આ પહેલા આ વર્લ્ડ રેકોર્ડ વકાર યુનુસના નામે નોંધાયેલો હતો, જેણે ૩૦૦ ટેસ્ટ વિકેટ લેવા માટે ૧૨,૬૦૫ બોલ ફેંક્યા હતા. આ લિસ્ટમાં ત્રીજા સ્થાને ડેલ સ્ટેન છે. ત્યારબાદ દ.આફ્રિકાના એક અન્ય ઝડપી બોલરનું નામ આવે છે. એલેન ડોનાલ્ડે ૧૩,૭૬૨ બોલમાં ૩૦૦ વિકેટ પૂરી કરી હતી. વેસ્ટઈન્ડિઝના માલ્કમ માર્શલે ૧૩,૭૨૮ ટેસ્ટ વિકેટ ઝડપી હતી. દ.આફ્રિકા તરફથી સૌથી વધારે ટેસ્ટ વિકેટ લેવાનો રેકોર્ડ સ્ટેનના નામે છે, જેણે ૪૩૯ ટેસ્ટ વિકેટ ઝડપી છે. ૪૨૧ ટેસ્ટ વિકેટ સાથે શોન પોલાક બીજા સ્થાને છે. ત્રીજા સ્થાને મખાયા એન્ટિની છે, જેણે ૩૯૦ વિકેટ ઝડપી છે. ૩૩૦ ટેસ્ટ વિકેટ એલેન ડોનાલ્ડે ઝડપી છે, જ્યારે મોર્ને મોર્કલના નામે ૩૦૯ ટેસ્ટ વિકેટ છે.

# દલિત સગીરા પર દુષ્કર્મ આચરવાના ગુના સબબ એક આરોપીને આજીવન કેદની સજા

(એજન્સી) આગ્રા, તા.૨૧

ગયા વર્ષે ૧૭ વર્ષની ઉંમરની એક દલિત સગીરાનું અપહરણ કરીને તેના પર દુષ્કર્મ આચરવાના ગુના બદલ ફૈઝાબાદની સ્પેશિયલ પોકસો અદાલતે એક આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે અને રૂપિયા ૬૬,૦૦૦નો દંડ પણ કર્યો છે જે રકમ તેણે પીડિતાને ચૂકવવાની રહેશે.

કેસની વિગતો મુજબ બીજી જૂન ૨૦૨૩ના રોજ પરિહા પોલીસ મથક વિસ્તારમાં આ ઘટના બની હતી. દલિત સગીરાની



પડોશમાં રહેતો રઈસ ખાન નામનો શખ્સ તેને ધમકી આપીને અને સાથે ન આવે તો તેના પરિવારજનોને મારી નાખવાની ધમકી આપીને તેનો ઉપાડી ગયો હતો. પરિવારની સુરક્ષાને લઈને ડરી ગયેલી સગીરા ખાનના મોટરસાયકલ પર બેસી ગઈ હતી ત્યારે સિકોહાબાદ ગામમાંથી ખાન તેને ટ્રેન મારફત એ જ્યાં કામ કરે છે એ પંજાબ સુધી લઈ ગયો હતો અને હવે પછી બેથી ત્રણ દિવસ સુધી સગીરા પર તેને બળાત્કાર ગુજાર્યો હતો તેવું પોલીસ તપાસમાં જાહેર થયું હતું. પોલીસમાં ફરિયાદ થયા બાદ પોલીસે પંજાબથી સગીરાને બચાવી લીધી હતી અને રઈસ ખાનની ધરપકડ કરી લીધી હતી અને તેની પર આઈપીસીની કલમ ૩૬૩ તથા ૩૬૬ અને ૩૭૬ તથા પોક્સો કાયદાની કલમ ૩ અને ૪ મુજબ તથા એસ.સી એસટી કાયદા મુજબ કલમો દાખલ કરીને ગુનો દાખલ કર્યો હતો. સ્પેશિયલ જજ રાજીવ સિંઘની અદાલતમાં આ કેસ અંગે ૮ સાક્ષીઓએ જુબાની આપી હતી અને પુરાવાની ચકાસણી કર્યા બાદ તથા તબીબી અને ફોરેન્સી રિપોર્ટ જોયા બાદ અદાલતે રઈસ ખાનને દોષિત જાહેર કર્યો હતો અને તેને માફી આપવાની વિનંતી કર્યા છતાં અદાલતે તેને આજીવન કેદની સજા ફટકારી હતી અને દંડ પણ કર્યો હતો.

### હવે ફાઈનલમાં પહોંચવાનું સમીકરણ બદલાઈ ગયું

# ન્યુઝીલેન્ડે બગાડ્યું ભારતનું WTC ફાઈનલનું ગણિત

નવી દિલ્હી, તા.૨૧ : બેંગ્લોર ટેસ્ટમાં આઠ વિકેટે થયેલા પરાજય બાદ ભારતનું WTC ફાઈનલમાં પહોંચવાનું ગણિત બગડી ગયું છે. ન્યુઝીલેન્ડ સામેની સિરીઝ પહેલા WTC પોઈન્ટ ટેબલમાં ભારતની જીતની ટકાવારી ૭૪.૨૪ હતી જે હવે ઘટીને ૬૮.૦૬ થઈ ગઈ છે. જો કે, ટીમ ઈન્ડિયા હજુ પણ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને યથાવત્ છે પણ હવે ફાઈનલમાં પહોંચવાનું સમીકરણ બદલાઈ ગયું છે. ભારતને WTCના હાલના ચક્રમાં વધુ સાત મેચ રમવાની છે. જો ભારતે WTC ફાઈનલ માટે ક્વોલિફાઈ કરવું છે તો ૭માંથી પાંચ મેચોમાં જીત મેળવવી પડશે. જો ટીમ ઈન્ડિયા આવું કરવામાં સફળ રહેશે તો અંતમાં તેના ખાતામાં ૬૮.૪૨ ટકા પોઈન્ટ હશે. જો ગત બે WTC ચક્ર પર નજર કરીએ તો ભારતે ૨૦૨૧માં ૭૦.૫૮ ટકા પોઈન્ટ સાથે તો ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયાએ ૬૬.૭ ટકા પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને રહેતા ફાઈનલ માટે ક્વોલિફાઈ કર્યું હતું. આ દરમ્યાન બીજા સ્થાને રહેનાર ન્યુઝીલેન્ડ અને ભારતની ટીમો ક્રમશ: ૬૩.૬૩ અને ૫૮.૮ ટકા સાથે ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. આવામાં ભારત પાસે ફાઈનલ માટે ક્વોલિફાઈ કરવા માટે ૬૮.૪૨ પર્યાપ્ત હશે. જો ટીમ સાતમાંથી ચાર મેચ જીતે છે અને બે મેચ ડ્રો રહે છે તો પણ ભારત પાસે ફાઈનલમાં પહોંચવાની તક છે. આ સ્થિતિમાં ટીમ ઈન્ડિયાના ખાતામાં ૬૬.૬૭ ટકા પોઈન્ટ હશે. જો ટીમ ઈન્ડિયા ૭માંથી બેથી વધારે મેચ હારશે તો તેને બીજી ટીમોના રિઝલ્ટ પર નિર્ભર રહેવું પડશે.

**જાહેર ચેતવણી**

આથી અમો નાસીરહુસેન અલ્લારખા મનસુરી રહે- ૨૯૫૪, રાજનગર શાક માર્કેટ પાસે, ભરૂચીનો ખાંચો, ઢાલગરવાડ, અમદાવાદના આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવવાનું કે...

અમો ઉપરોક્ત સરનામે અમારા પરિવાર સાથે રહીએ છીએ. અમારા ત્રણ બાળકો પૈકી એક પુત્ર ઉસામા નાસીરહુસેન મનસુરી અમારા કહ્યા મુજબનો ધંધો ના કરીને તેના મુજબ વેપાર ધંધો કરતા તે ધંધામાં નુકશાન થયેલ જેથી ડીપરેશનમા રહેતો હતો અને અમારી કોઇ વાત માનતો નહતો અને અમારા કહ્યામા નથી જેથી અમોએ ઉસામા નાસીરહુસેન મનસુરી અમારા ઘરેથી કાઢી મુકેલ છે અને અમારા પરિવારે તેની સાથેના તમામ સંબંધો કાપી નાંખેલ છે અને આજરોજ અમારી તમામ સ્થાવર તથા જંગમ મીલકતમાંથી તેને બેદખલ કરેલ છે. આજ પછી અમારો કે અમારા પરિવારનો તેની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ કે લેવાદેવા નથી જેથી આજ પછી અમારા નામે તેની સાથે કોઇપણ સગા-સંબંધી કે ત્રાહીત વ્યક્તિએ કોઇપણ પ્રકારનો આર્થિક, નાણાકીય, સામાજીક કે અન્ય કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહી અને તેમ છતાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થાએ આવો કોઇપણ પ્રકારનો નાણાકીય વ્યવહાર તેની સાથે અગાઉ કરેલ હશે કે હવે પછી કરશે તો તે અંગેની અમારી કોઇ જવાબદારી રહેશે નહીં. ઉસામા નાસીરહુસેન મનસુરી સાથે કરેલા કોઇપણ વ્યવહાર કે કૃત્ય માટે અમારી કે અમારા પરિવારની જવાબદારી રહેશે નહીં અને તેની સાથે કરેલા કોઇ વ્યવહાર બાબતે અમારી પાસે કોઇ માંગણી પત્રવ્યવહાર કે કોઇ કાર્યવાહી કરવી કરાવવી નહી જો તેમ કરશો તો તેઓની સામે કાયદાકીય પગલા લેવામા આવશે તો આ અંગેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ: ૧૯-૧૦-૨૦૨૪
મારી સુચના અને ફરમાઇશથી

સઇદએહમદ એમ. શેખ
(એડવોકેટ) મો. ૯૯૭૪૦૦૭૫૭૨
૬, પહેલોમાળ, નવરંગ કોમ્પલેક્ષ,
પીર કમાલ ચાર રસ્તા, દાણીલીમડા,
અમદાવાદ.

# ગરીબીમાં જીવતા લોકોની સંખ્યામાં ભારતનું સ્થાન ટોચ પર : UN રિપોર્ટ

## આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ૧.૧ અબજ ગરીબ લોકોમાંથી અડધાથી વધુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો (૫૮ કરોડ) છે

(એજન્સી) યુનાઈટેડ નેશન્સ,તા.૨૧

ભારત વૈશ્વિક સ્તરે એવા પાંચ દેશોમાં સામેલ છે જ્યાં સૌથી વધુ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે. યુએનના આ અહેવાલ મુજબ વિશ્વના ૧.૧ અબજ લોકોમાં અડધાથી વધુ સગીર છે, અને તેઓ વિશ્વભરમાં તીવ્ર ગરીબીમાં જીવી રહ્યા છે.

યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને ઓક્સફર્ડ યુનિવર્સિટી સ્થિત ઓક્સફર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ (OPHI) દ્વારા ગુરુવારે વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI)નું નવીનતમ અપડેટ બહાર પાડવામાં આવ્યું હતું. તે જણાવે છે કે વિશ્વભરમાં ૧.૧ અબજ લોકો તીવ્ર ગરીબીમાં જીવે છે, જેમાં ૪૦ ટકા લોકો યુદ્ધ, સંઘર્ષ અને/અથવા ઓછી શાંતિ હોય તેવા દેશોમાં રહે છે.



ભારતમાં ૨૩ કરોડ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે, જે મધ્યમ માનવ વિકાસ સૂચકાંક છે, અને આ સાથે ગરીબીમાં જીવતા લોકોની સૌથી વધુ સંખ્યા સાથે ભારત દેશ વૈશ્વિક સ્તરે પાંચ દેશોમાં સામેલ છે. અન્ય ચાર દેશોમાં પાકિસ્તાન (૯.૩ કરોડ), ઈથોપિયા (૮.૬ કરોડ , નાઈજીરીયા (૭.૪ કરોડ) અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (૬.૬ કરોડ) છે. એકસાથે જોઈએ તો, ૧.૧ અબજ ગરીબ લોકોમાંથી લગભગ અડધા (૪૮.૧ ટકા) લોકો આ પાંચ દેશોમાં રહે છે.

આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વિશ્વના ૪૫ કરોડ ગરીબો એવા દેશોમાં રહે છે જેઓને હિંસક સંઘર્ષનો સામનો કરવો પડે છે, અને ગરીબી ઘટાડવા માટે તેમની સખત મહેનતથી થયેલી પ્રગતિમાં અવરોધ આવે છે.

યુએનડીપી એડમિનિસ્ટ્રેટર, અચિમ સ્ટેઈનરે જણાવ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં સંઘર્ષો વધુ તીવ્ર બન્યા છે અને જાનહાનિ વધુ થઈ રહી છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે અને તેમના જીવન અને આજીવિકામાં વ્યાપક વિક્ષેપ આવ્યા છે. અમારું નવું સંશોધન બતાવે છે કે બહુપરીમાણીય ગરીબીમાં જીવતા ૧.૧ અબજ લોકોમાંથી લગભગ ૫૦ કરોડ જેટલા લોકો હિંસક સંઘર્ષના દેશોમાં રહે છે. આપણે તેમને ટેકો આપવા માટે ઝડપી કાર્યવાહી કરવી જોઈએ. ગરીબી અને કટોકટીના ચક્રને તોડવા માટે અમને વિશિષ્ટ વિકાસ અને પ્રારંભિક પુનઃપ્રાપ્તિ દરમિયાનગીરી માટે સંસાધનો અને ઍક્સેસની જરૂર છે. આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ૧.૧ અબજ ગરીબ લોકોમાંથી અડધાથી વધુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો (૫૮ કરોડ) છે. વૈશ્વિક સ્તરે, ૨૭.૯ ટકા બાળકો ગરીબીમાં જીવે છે, જ્યારે પુખ્ત વયના ૧૩.૫ ટકા બાળકો છે. ૧.૧ અબજ ગરીબ લોકોમાં મોટા પ્રમાણમાં પર્યાપ્ત સ્વચ્છતા (૮૨.૮ કરોડ), આવાસ (૮૮.૬ કરોડ) અથવા રસોઈ ઈંધણ (૯૯.૮ કરોડ)નો અભાવ છે. ૧.૧ કરોડ ગરીબોમાંથી અડધાથી વધુ લોકો (૬૩ કરોડ) એવા વ્યક્તિ સાથે રહે છે જે તેમના પરિવારમાં કુપોષિત છે.

દક્ષિણ એશિયામાં ૨૭ કરોડ ગરીબ લોકો ઓછામાં ઓછા એક કુપોષિત વ્યક્તિ સાથેના ઘરોમાં રહે છે, અને સબ-સહારન આફ્રિકામાં ૨૫ કરોડ આવા લોકો રહે છે. લગભગ ૮૩.૭ ટકા ગરીબ લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. વિશ્વના તમામ પ્રદેશોમાં ગ્રામીણ વિસ્તારના લોકો શહેરી વિસ્તારના લોકો કરતાં વધુ ગરીબ છે. એકંદરે, વૈશ્વિક ગ્રામીણ વસ્તીના ૨૮.૦ ટકા શહેરી વસ્તીના ૬.૬ ટકાની સરખામણીમાં વધુ ગરીબ છે.

૧.૧ અબજ ગરીબ લોકોમાંથી ૨૨ કરોડ (૧૯.૦ ટકા) યુદ્ધ પ્રભાવિત દેશોમાં રહે છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લગભગ ૪૦ ટકા ગરીબ લોકો (૪૫ કરોડ) એવા દેશોમાં રહે છે જેઓ યુદ્ધ, સંઘર્ષ અને/અથવા ઓછી શાંતિ હોય તેવા દેશોમાં રહે છે. આ રાષ્ટ્રીય દરો બદલાય છે, એકંદરે, યુદ્ધથી પ્રભાવિત દેશોમાં, ગરીબી ૩૪.૮ ટકા છે, જે યુદ્ધ અથવા નાના સંઘર્ષોથી પ્રભાવિત નથી તેવા દેશોમાં ૧૦.૯ ટકા કરતાં ઘણી વધારે છે. બહુપરિમાણીય ગરીબી સંઘર્ષથી પ્રભાવિત અને નિમ્ન-શાંતિવાળા દેશોમાં બમણી કરતાં વધુ છે. આ વર્ષના અહેવાલમાં ૧૧૨ દેશો અને ૬.૩ અબજ લોકો માટે બહુપરીમાણીય ગરીબી પરના મૂળ આંકડાકીય સંશોધન તેમજ સંઘર્ષ અને ગરીબી વચ્ચેના સંબંધનું ઝીણવટભર્યું વિશ્લેષણ દર્શાવવામાં આવ્યું છે. યુએનએ નોંધ્યું હતું કે અમુક ડેટાના અભાવને કારણે, વૈશ્વિક સ્તરો અને વલણોનો તુલનાત્મક ઈન્ડેક્સ બનાવવા માટે વૈશ્વિક MPI ૧૦-વર્ષના સમયગાળા (૨૦૧૨-૨૦૨૩)માં માપવામાં આવે છે.

# ભારતીય મુસ્લિમો વિરુદ્ધ ઝેર ઓકે છે કર્ણાટક ભાજપના ધારાસભ્ય, કહે છે કોંગ્રેસ મુસ્લિમોની દયા પર છે અને દેશમાં બે પાકિસ્તાન હશે

(એજન્સી) વિજયપુરા, તા.૨૧

કર્ણાટક ભાજપના ધારાસભ્ય બસનગાવડા પાટીલ યતનાલે ભારતીય મુસ્લિમ વિરુદ્ધ ઝેર ઓકવાનું શરૂ કર્યું છે અને કર્ણાટક સરકાર પર એવા આક્ષેપ કર્યો છે કે એ મુસ્લિમો તરફ ખૂબ જ મોટા પ્રમાણમાં પક્ષપાતી થઈ ગઈ છે. બસનગુડા પાટીલ યતનાલે મીડિયા સાથેની વાતચીતમાં માંગણી કરી હતી કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાજીનામું આપી દેવું જોઈએ. ભાજપના ધારાસભ્યએ એવો દાવો પણ કર્યો હતો કે મંત્રી જહીર અહમદ ખાનની સાથે જોડાયેલી વિવાદ આસ્શાપદ જગ્યા ધ્યાનમાં આવ્યા બાદ મુખ્યમંત્રીએ તુરંત પરત કરી દેવી જોઈતી હતી. આ સરકાર મુસ્લિમોની દયા પર છે એવું લાગે છે. યતનાલે વધુ વિષવમન કરતાં જણાવ્યું હતું કે કેટલા વિજયપુરમાં સોળ હજાર એકર અને રાજ્યભરમાં ૬.૫ લાખ એકર જમીન મુસ્લિમો માંગી રહ્યા છે. જો આ ચાલુ રહ્યો તો દેશભરમાં કેટલી બધી જમીનો



માંગશે? રાજ્ય સરકારની પરિસ્થિતિ પર કાબૂ મેળવવાની પદ્ધતિ અને નીતિ પર ભારે ટીકા પ્રહારો કર્યા હતા અને યતનાલે કહ્યું હતું કે આ સરકાર મુસ્લિમોની દયા પર જીવી રહી છે. જમીનની આવી લ્હાણી કરતા રહેવામાં આવશે તો ભારતમાં બે પાકિસ્તાન બનશે. તો વિધાનસભા અને નવી સંસદની પણ માંગણી કરવામાં આવી શકે છે. ધારાસભ્ય પાટીલ યતનાલે મોગલોને મોગલ સમ્રાટોને ઠગ ગણાવ્યા હતા અને દાવો કર્યો હતો કે અફઘાન આક્રમણખોરો તથા ટીપુ સુલતાન અને આદિલ શાહ જેવા બાદમાં પરિવર્તન કરીને મુસ્લિમ બનેલા લોકો માટે ભારતના ઈતિહાસમાં કોઈ સ્થાન નથી. આપણો ઈતિહાસ રામ અને પાંડવોથી ભરાયેલો છે અને એવા મહાનુભાવો સાથે આપણો ઈતિહાસ જોડાયેલો છે અને ધર્મ પરિવર્તન કરનારાઓ સાથે સંકળાયેલો નથી. ટીપુ સુલતાન તથા આદિલશાહી બાદશાહો અને મંત્રી જમીન અહેમદ ખાન જેવા ઉપર તેમણે બળજબરીથી ભારતમાં ધર્મ પરિવર્તનનો વારસો ચાલુ રાખવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપના આ ધારાસભ્યના હુમલાથી દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પણ બાકાત રહ્યા નથી અને આ ધારાસભ્ય કહે છે કે મહાત્મા ગાંધી અને દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુને કારણે દેશની આજની હાલત થઈ છે. એમની નીતિઓને કારણે આ બધું પતન થયું છે.

# મદ્રાસ હાઈકોર્ટે CBIને હિમાલયમાં સંન્યાસીનું નિવેદન રેકોર્ડ કરવા જણાવ્યું

(એજન્સી) તા.૨૧

સદ્ગુરૂ નિરંજનાનંદ ગિરી સ્વામીગલના ઠેકાણા અંગેના વિરોધાભાસી નિવેદનોને કારણે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માગતા મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને નિર્દેશ આપ્યો હતો કે તેઓ હાજર થાય ત્યારથી તેમને મળવા અને તેમનું નિવેદન નોંધવા માટે એક અધિકારીની નિયુક્તિ કરે. અદાલતે માત્ર વીડિયો કોલ દ્વારા અને હિમાલયમાં ‘ઊંડી તપાસ (ધ્યાન)’ માં ધ્યાન આપ્યો હોવાનો દાવો કર્યો હતો. જસ્ટિસ એમ. ધંડાપાનીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શા માટે સંન્યાસીનું પ્રતિનિધિત્વ કરતા વકીલે દાવો કર્યો કે તેમનો અસીલ તિરૂવન્નમલાઈ જિલ્લાના વંદાવાસી તાલુકાના થેન્નગુર ગામમાં કેસોની બેચની સુનાવણીના બપોરના સત્રમાં સંપૂર્ણપણે ઉપલબ્ધ છે, જ્યારે બપોરના સત્રમાં સંત, જેઓ દ્વારા હાજર થયા હતા. વીડિયો કોલ,



ઉત્તરાખંડમાં બદ્રીનાથ નજીકથી વાત કરવાનો દાવો કર્યો હતો. અગાઉ, વરિષ્ઠ વકીલ એસ. પાર્થસારથી, જી.એ. થેન્નાગુરમાં પાંડુરંગા રુકમયી મંદિરનું સંચાલન કરતા ટ્રસ્ટે કોર્ટને જણાવ્યું હતું કે તપસ્વી ઓકટોબર ૨૦૧૮થી ગુમ હતો જ્યારે અન્ય ટ્રસ્ટીઓ રોજિંદા બાબતોનું ધ્યાન રાખતા હતા. કોર્ટને એ પણ કહેવામાં આવ્યું હતું કે સંન્યાસીએ તેની જવાબદારીઓ છોડી દીધી છે અને ટ્રસ્ટ તેમજ તેના દ્વારા સંચાલિત મંદિરોનો ત્યાગ કર્યો છે. બીજી બાજુ, પોન્ટિફે કહ્યું કે તેઓ તેમના ગુરૂની સલાહ મુજબ હિમાલયમાં ઊંડી તપાસમાં હતા અને તેમણે ટ્રસ્ટ તેમજ મંદિરોનું સંચાલન કરવા માટે વ્યક્તિઓના જૂથની નિમણૂક કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે સંસ્થાઓ તેમની સલાહ મુજબ સુચારૂ રીતે કામ કરી રહી છે અને તેમના અસરકારક વહીવટ માટે તેઓ સમયાંતરે જરૂરી સૂચનો પણ આપતા હતા. જજે કહ્યું કે તમારા વકીલને સવારે કોર્ટને કહેવાથી શું અટકાવ્યું કે તમે હિમાલયમાં છો ? આ અદાલત તમારી સલામતી વિશે ચિંતિત છે અને ખાતરી કરવા માંગે છે કે તમે કોઈ વ્યક્તિના પ્રભાવ હેઠળ નથી. તે વીડિયો કોલ દ્વારા કરી શકાતું નથી. સીબીઆઈના અધિકારીને તમે જ્યાં પણ હોવ ત્યાં તમને રૂબરૂ મળવા દો, તમારૂં નિવેદન રેકોર્ડ કરો અને ૮ નવેમ્બર સુધીમાં કોર્ટમાં સબમિટ કરો.



ફરી એકવાર ગુજરાતના પ્રવાસે આવેલ શાહ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નેશનલ કોન્ફરન્સમાં તથા વિધાનસભામાં સંબોધન કરશે

## ૧૪મી ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ-હોમગાર્ડ્ઝ કોન્ફરન્સનું આજે ઉદ્‌ઘાટન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે તા.૨૨ ઓકટોબરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ૨૨ ઓકટોબરને લઈ અનેક કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અનેક કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. કેન્દ્રીય અમિત શાહના ૧૪મી ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ હોમગાર્ડઝ કોન્ફરન્સનું આવતીકાલે ઉદઘાટન કરશે. તેમજ વિધાનસભામાં પણ સંબોધન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી એક દિવસમાં ઘણા બધા કાર્યક્રમોમાં હાજરી આપશે. પ્રવાસની શરૂઆત તેઓ આણંદથી કરવાના છે. આણંદ ખાતે આવેલી નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની ડાયમંડ જુબલી સેલિબ્રેશન કાર્યક્રમ



અને ત્રિભોવન પટેલના બર્થ એનિવર્સરી સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા આયોજિત ડાયમંડ જુબલી સેલિબ્રેશન સમારોહ કેન્દ્રીયના અધ્યક્ષ સ્થાને યોજાવાનો છે. જેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ રંજનસિંહ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેવાના છે. આણંદ બાદ વધુ એક કાર્યક્રમ ગાંધીનગર ખાતે આયોજિત થઈ રહ્યો છે. એટલે કે લેજિસ્લેટીવ ડ્રાફિટંગ તાલીમ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બપોરે ૨:૦૦ વાગે વિધાનસભાના ગૃહમાં સંબોધન કરવાના છે. કેન્દ્રીય ગૃહમંત્રીના ક્ષેત્ર એવા ગાંધીનગર ખાતે ભાજપના નવા કાર્યાલય કમલમનું ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. ગાંધીનગર સેકટર ૮માં આવેલા સમર્પણ કોલેજની બાજુમાં ગાંધીનગર મહાનગરના નવા કમલમ કાર્યાલયનું તેઓ ખાતમુહૂર્ત કરશે. જેમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહેશે. આ સાથે સાંજે ૪:૦૦ વાગે મહાત્મા મંદિર ખાતે ૧૪માં અખિલ ભારતીય નાગરિક સંરક્ષણ અને ગૃહ સંરક્ષણ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. મહાત્મા મંદિર ખાતે આયોજિત આ સંમેલનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા અગ્રણીઓ જોડાશે અગાઉ પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. જેમાં તેમના સંસદીય ક્ષેત્રમાં ૨૦થી વધુ વિકાસ કાર્યોના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

કેન્દ્રીય નાણા પંચ સમક્ષ કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે રાજ્યના હિતમાં કરી રજૂઆતો અને ભલામણો

# રાજ્યના કર વિતરણનો હિસ્સો ૪૧ ટકાથી વધારી ૫૦ ટકા કરવા નાણા પંચને કોંગી પ્રતિનિધિ મંડળની રજૂઆત

## સરચાર્જ-સેસ પર ધ્યાન દોરવા સાથે વિવિધ મુદ્દે વિશેષ પેકેજ-સીધી ગ્રાન્ટ આપવા માટે કરી ભલામણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

ગુજરાતની મુલાકાતે આવેલ ૧૬મા કેન્દ્રીય નાણા પંચને વિપક્ષ કોંગ્રેસ પક્ષ દ્વારા આજે રાજ્યના હિતમાં વિસ્તૃત મુદ્દાસર ભલામણો રજૂઆતો કરવામાં આવી હતી. કોંગ્રેસના પ્રતિનિધિ મંડળમાં પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ, ધારાસભ્ય શૈલેષ પરમાર, પ્રવકતા ડૉ.મનીષ દોશી દ્વારા નીચે મુજબ રજૂઆતઓ કરવામાં આવી હતી. કેન્દ્રમાંથી રાજ્યોમાં કર આવકના વિતરણમાં વધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા પ્રતિનિધિ મંડળે કેન્દ્ર મુખ્યત્વે આ આયકર, કોર્પોરેટ ટેક્સ અને જીએસટી જેવા મોટા કરો વસૂલે છે, જ્યારે રાજ્યોને શિક્ષણ, આરોગ્ય અને પોલીસીંગ જેવી આવશ્યક સેવાઓ પ્રદાન કરવાની જવાબદારી છે. આને ધ્યાનમાં રાખીને, નાણાકીય આયોગ રાજ્યના કર વિતરણનો હિસ્સો ૪૧% થી વધારીને ૫૦% કરવા



ભલામણ કરે છે. પ્રતિનિધિ મંડળે સરચાર્જ અને સેસ પર ધ્યાન દોર્યું છે.

વર્ષ ૨૦૦૯-૧૦થી લઈ વર્ષ ૨૦૨૩-૨૪ સુધી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાંથી ૩૬.૬ લાખ કરોડ રૂપિયાનો સેસ અને સરચાર્જ વસુલાયો. કેન્દ્ર સરકારની સેસ અને સરચાર્જની આવકમાં રાજ્યનો ફાળો વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૦.૪ ટકાનો હતો જે વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં આશરે ૨૮.૧ ટકાનો થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૨-૨૩માં સરચાર્જ અને સેસની વસૂલાતમાં ૧૩૩% નો વધારો થયો છે. પ્રતિનિધિ મંડળે ભલામણ કરી કે સામાન્ય રીતે સરચાર્જ એ કુદરતી આપત્તિ, રોગચાળો અથવા ધરતીકંપ, વગેરે જેવી કેટલીક આકસ્મિકતાઓને ભંડોળ પૂરું પાડવા માટે ખૂબ જ અસ્થાયી માપદંડ હોવો જોઈએ. પ્રતિનિધિ મંડળે મેન્યુફેક્ચરિંગ રાજ્યો પર નાણાકીય ભાર અંગે ધ્યાન દોર્યું, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય અને પર્યાવરણીય ઘટાડાના ખર્ચનો સામનો કરે છે, જો કે તેઓ જીએસટી આવકનો સંપૂર્ણ લાભ મેળવતા નથી. માર્કેટિંગ રાજ્યોને વેચાણ પરથી ફાયદો થાય છે, જ્યારે ઉત્પાદિત સામાન અન્ય રાજ્યોમાં જ વેચાઈ જાય છે. ગુજરાત ભારતના કુલ ઉદ્યોગ ઉત્પાદનના ૧૮.૦૧ % યોગદાન આપે છે, પરંતુ તેને તેના નાણાકીય પ્રયાસોમાં અનુરૂપ લાભો નથી મળતા.

કૃષિ ક્ષેત્ર વિવિધ રીસર્ચ અને કૃષિ લગતી કામગીરી માટે ૫ વર્ષમાં રૂા. ૫,૦૦૦ કરોડની રકમ ફાળવણીની ભલામણ કરી. પ્રતિનિધિ મંડળે ખેડૂતો માટે સ્જી માટે સમર્થન વ્યક્ત કર્યું, MSP વગરનો ખેડૂતો શહેરી વિસ્તારોમાં કામ માટે સ્થળાંતર કરી શકે છે, જે ખાદ્ય સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે.

શહેરીકરણમાં વધારાની સમસ્યાને નિવારવા ૪૦% થી વધુ શહેરીકરણ ધરાવતા રાજ્યો, જેમ કે ગુજરાત, માટે ગ્રામ અને શહેરી વિસ્તારોને જોડનારી શ્રેષ્ઠ પાયાની સવલતો વિકસાવવી જરૂરી છે. પ્રતિનિધિ મંડળે નાના અને માઈક્રો ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે અલગ ફંડની ભલામણ કરી. અગાઉના માનદંડ પ્રમાણે એસ.એસ.આઈ.ને પ્રોત્સાહન આપી શ્રમ આધારિત ઉદ્યોગો માટે ખાસ કાયદા ઘડવા માંગ કરી છે. અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ, ઓ.બી.સી. માટે પ્રતિનિધિ મંડળે રજુઆત કરી હતી કે, જ્યારે આયોજન પંચ અસ્તિત્વમાં હતું ત્યારે આ યોજનાઓની ફાળવણી વસ્તીના આધારે થતી હતી. તે વધુ સારી રીત હતી. નીતિ આયોગ પછી ફાળવણી વસ્તીને અવગણીને 'યોજના' મુજબ છે. જેથી આયોજન પંચ દ્વારા ઉપયોગ કરવામાં આવતી પદ્ધતિને અનુસરવાની ભલામણ છે. પર્યાવરણને થઈ રહેલા નુકસાનથી ઉનાળામાં તાપમાન તમામ રેકોર્ડ તોડી રહ્યું છે. ગત વર્ષે હીટ સ્ટ્રોકના કારણે ૪૦૦૦ જેટલા લોકોના મોત થયા હતા. એર ક્વોલિટી મોનિટરિંગ જેવી જ લાઈન પર રાજ્યોને પણ કુદરતી આપત્તિ તરીકે ધ્યાનમાં લેતા હીટ સ્ટ્રોકમાં મૃત્યુ પામેલ લોકોને વળતર મળવું જોઈએ તેમ વધુમાં જણાવ્યું હતું.

# મંજૂરી વગર પ્રવાસ બદલ બોપલની સ્કૂલને નોટિસ ફટકારાઈ

## શિવ આશિષ સ્કૂલ દ્વારા લોનાવાલા-ઈમેજિકા ખાતે ૧૪૫ વિદ્યાર્થીઓને પ્રવાસે લઈ જવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં પ્રવાસને લઈને નવી માર્ગદર્શિકા તૈયાર થઈ રહી હોવાથી હાલમાં પ્રવાસ નહી યોજવાની સૂચના હોવા છતાં વધુ એક સ્કૂલ દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હોવાની વિગતો સામે આવી છે. મણીનગરની સેવન્થ ડે સ્કૂલ બાદ હવે બોપલની શિવ આશિષ સ્કૂલ દ્વારા ૧૪૫ જેટલા વિદ્યાર્થીઓને મહારાષ્ટ્રનો પ્રવાસ કરાવ્યો હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બોપલ ખાતે આવેલી શિવ આશિષ સ્કૂલ દ્વારા ૧૬ ઓકટોબરથી ૧૮ ઓકટોબર દરમિયાન સ્કૂલના ૧૪૫ જેટલા વિદ્યાર્થીઓને મહારાષ્ટ્રના લોનાવાલા અને ઈમેજિકા ખાતે પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસને લઈને નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી રહી છે. જેથી જ્યાં સુધી નવી માર્ગદર્શિકા તૈયાર ન થાય ત્યાં સુધી પ્રવાસનું આયોજન ન કરવા માટે સુચના આપી હોવા છતાં સ્કૂલ દ્વારા પ્રવાસનું આયોજન મંજુરી વગર કરવામાં આવ્યું હોવાથી ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપા જહાએ સ્કૂલને નોટિસ ફટકારી છે. DEO દ્વારા સ્કૂલને ફટકારવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગ દ્વારા શાળાકીય પ્રવાસ માટે નવા નિયમો ન બને ત્યાં સુધી પ્રવાસ લઈ જવા આયોજન કરવાની કે પ્રવાસ લઈ જવા માટે સ્પષ્ટ ના પાડવામાં આવેલી છે. જોકે આ અંગે તમામ સ્કૂલોને પણ પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવી હોવા છતાં સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓનો પ્રવાસ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ મળી છે. આમ, સ્કૂલ દ્વારા સરકારના પરિપત્રનું સ્કૂલના આચાર્ય અને સંચાલક મંડળ દ્વારા સ્પષ્ટ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. આમ ગેરકાયદે પ્રવાસનું આયોજન કરી વિદ્યાર્થીઓના હિતને જોખમમાં મૂકવામાં આવ્યુ હોવાથી શાળા મંડળ સામે દંડનાત્મક કાર્યવાહી અને શાળાની માન્યતા રદ કરવા માટે કાર્યવાહી શા માટે ન કરવી એ બાબતે એક દિવસમાં ખુલાસો કરવા આદેશ કરાયો છે.

રૂા.૭૦૦૦/-ની મર્યાદામાં બોનસ ચૂકવવાનો નિર્ણય

# રાજ્ય સરકારના વર્ગ-૪ના હજારો કર્મચારીઓને દિવાળીની ભેટ

## વર્ગ-૪ના બોર્ડ નિગમ સહિતના અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મીઓને મળશે લાભ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

રાજ્ય સરકારે વર્ગ ૪ના કર્મચારીઓને દિવાળી પહેલા જ ભેટ આપી દીધી છે. આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઈને વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે રૂપિયા ૭૦૦૦ની મર્યાદામાં બોનસ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વર્ગ-૪ના અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મીઓને આ બોનસનો લાભ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળીના તહેવારો વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક ઉજવી શકે તે માટે એડહોક બોનસ આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના નાણાં વિભાગને આ અંગેના જરૂરી આદેશો કરવાના દિશાનિર્દેશો પણ આપી દીધા છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને સાત હજારની મર્યાદામાં એટલે કે હજાર સુધી બોનસ આપશે. સરકાર આ નિર્ણયનો લાભ સરકારના કર્મીઓ તથા બોર્ડ નિગમના વર્ગ-૪ ના કર્મીઓને થશે. અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મચારીઓને તેનો લાભ મળશે.

સેટેલાઈટ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહી

# પોલીસે પીછો કરતા ચાલક દારૂ ભરેલી કાર રસ્તામાં મૂકી નાસી ગયો : ૧૯૦૮ બોટલ મળી

## રૂા.૧૦.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં રોજ મોટી માત્રામાં અલગ અલગ જગ્યાએથી દારૂનો જથ્થો ઝડપાય જ છે. ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમીના આધારે સેટેલાઈટ વિસ્તારમાંથી દારૂ ભરેલી ગાડી ઝડપી પાડી છે. પોલીસે પીછો કરતા ચાલક મોકો મળતા કાર રસ્તામાં મૂકીને નાસી ગયો હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતા ગાડીમાંથી ૧૯૦૮ દારૂની બોટલ કબજે કરી છે. પોલીસે દારૂના જથ્થા સહિત કુલ ૧૦.૬૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે ૪ શખસ સામે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ બાતમીના આધારે દારૂ ભરેલી વેન્યું ગાડી પકડવા માટે ઊભી હતી. ત્યારે ગાડી આવતા જ તેણે રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગાડી ચાલક ઉભો રહ્યો નહતો અને ગાડી ભગાવી નાસી ગયો હતો. જેથી SMCની ટીમે ગાડીનો પીછો કર્યો હતો. ત્યારે રામદેવનગર ટ્રાફિક સિગ્નલ હોવાથી વેન્યુ ગાડીનો ચાલક ચાર રસ્તા પાસે જ ગાડી મૂકીને નાસી ગયો હતો. પોલીસ તેની પાછળ દોડી પરંતુ ડ્રાઈવર પકડાયો નહોતો. ત્યારબાદ ગાડીમાં પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. ગાડીમાં ચેક કરતા બિયર અને દારૂની ૧૯૦૮ બોટલ મળી આવી હતી. જેની કિંમત ૨,૫૯,૯૬૦ રૂપિયા છે. આ ઉપરાંત ગાડી પણ કબ્જે કરવામાં આવી હતી. કુલ ૧૦.૬૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરીને સેટેલાઈટ પોલીસને સોંપવામાં આવ્યો છે. SMCએ ગાડીના ડ્રાઈવર, ગાડીના માલિક, દારૂ મોકલનાર અને દારૂ મંગાવનાર એમ ચાર લોકો સામે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટ પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ શહેરમાં બુટલેગરોએ સ્કૂલવાનમાં દારૂ છુપાવી દીધો હતો. આ મામલે પોલીસે કાર્યવાહી કરી છે.

# રાજ્યના ૧૧ લાખ વિદ્યાર્થીઓને આજે સ્કોલરશીપનો હપ્તો ચૂકવાશે

## નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજના અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ચૂકવણી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યના શિક્ષણ વિભાગની નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના અંતર્ગત શૈક્ષણિક શિષ્યવૃત્તિ વિતરણનો કાર્યક્રમ મંગળવારના રોજ યોજાશે. ગાંધીનગર ખાતે આવેલી કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં યોજાનારા આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે રાજ્યના ૧૧ લાખ જેટલા વિદ્યાર્થીઓના માતાના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ DBTથી જમા કરાવવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના અમલમાં મુકી હતી. રાજ્યના મુખ્યમંત્રી દ્વારા ૯ માર્ચના રોજ આ યોજનાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. નમો લક્ષ્મી યોજના અંતર્ગત રાજ્યમાં ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજે ૧૦ લાખ જેટલી વિદ્યાર્થિનીઓને ૪ વર્ષના અભ્યાસક્રમ દરમિયાન રૂા.૫૦ હજારની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૯ અને ૧૦માં રૂા.૧૦-૧૦ હજાર અને ધોરણ-૧૧ અને ૧૨માં રૂા. ૧૫-૧૫ હજારની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

આ જ રીતે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના અંતર્ગત ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં ગુજરાત ગુજરાત બોર્ડ અને CBSE સંલગ્ન શાળાઓના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ માટે રૂા.૧૦ હજાર અને ધોરણ-૧૨ માટે રૂા.૧૫ હજારની સહાય ચુકવવા માટેની જોગવાઈ કરવામાં આવેલી છે. આ યોજના અંતર્ગત ચાલુ વર્ષે જૂન માસમાં ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને પ્રથમ હપ્તો ચૂકવવામાં આવ્યો હતો. જોકે હવે જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર એમ કુલ ત્રણ મહિનાના ત્રણ હપ્તાની રકમ એકસાથે મંગળવારના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે ચુકવવાનું આયોજન કરવામાં આવ્યુંછે.

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ

# સોસાયટીમાં પાર્ક કારમાં જ્વલંતશીલ પદાર્થ વડે ચાર શખ્સો આગ લગાવી ફરાર

## ગણતરીની મિનિટમાં જ કાર બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેર હવે સલામત શહેર રહ્યો નથી તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. અસામાજિક તત્વોનો આતંક શહેરમાં દિવસેને દિવસે વધી રહ્યો છે. શહેરમાં કાયદા-વ્યવસ્થાની સ્થિતિ પર પણ સવાલ થઈ રહ્યા છે. ત્યારે શહેરના દૂધેશ્વર રોડ ઉપર આવેલી સોસાયટીની પાસે પાર્ક કરેલી સ્વિફ્ટ ડિઝાઈર કારમાં અજાણ્યા ચાર શખ્સે આગ લગાવી હતી. જ્વલંતશીલ પદાર્થ વડે ચાર શખ્સ આગ લગાવીને ત્યાંથી નાસી ગયા હતા. આ અંગે માધુપુરા પોલીસે કારમાલિકની ફરિયાદ નોધીને તપાસ શરૂ કરી છે. બનાવના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. દુધેશ્વર રોડ પર આવેલી વાટીકા રેસીડેન્સી બહાર એક સ્વિફ્ટ ડિઝાઈર ગાડી પાર્ક કરી હતી. મોડી રાત્રે ચાર શખ્સ ગાડી પાસે આવ્યા હતા અને કોઈ જ્વલંતશીલ પદાર્થ કારમાં નાખીને આગ લગાવી હતી. ચાર શખ્સ જ્યારે આગ લગાવીને ભાગી રહ્યા હતા, ત્યારે એક શખ્સના હાથ ઉપર પણ આગ લાગી હતી. જે દોડી રહ્યો હતો, તેવું સીસીટીવી ફૂટેજમાં દેખાઈ રહ્યું છે. આગ લાગતા જ ચારેય ત્યાંથી નાસી ગયા હતા. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે, ગણતરીની મિનિટમાં જ કાર સંપૂર્ણ બળી ગઈ હતી. આ અંગે કારમાલિકે માધુપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચાર શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

# સ્પોર્ટ્સ આઈકોન સાઈના નેહવાલની હાજરીમાં ચિરીપાલ ગ્રુપના સ્થાપના દિનની ઉજવણી



અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં પોતાનું વડું મથક ધરાવનારા વૈવિધ્યસભર સમૂહ ચિરીપાલ ગ્રુપે ૧૮ ઓકટોબર, ૨૦૨૪ના રોજ તેમના સ્થાપના દિવસની ઉજવણી કરી હતી, જેમાં સ્પોર્ટસ આઈકોન અને આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન પ્લેયર સાઈના નેહવાલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. સ્થાપના દિવસની આ ઉજવણીમાં હાલમાં જ સમાપ્ત થયેલા ચિરીપાલ સ્પોર્ટસ ફેસ્ટ ૨૦૨૪નો સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં સ્પેશિયલ અચીવર્સની સાથે અલગ અલગ સાત રમતોના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલી શાંતિ બિઝનેસ સ્કૂલ (એસબીએસ)ના વિશાળ કેમ્પસમાં યોજવામાં આવ્યો હતો. ચિરીપાલ ગ્રુપના પ્રમોટરો વેદપ્રકાશ ચિરીપાલ, જયોતિપ્રકાશ ચિરીપાલ, જયપ્રકાશ ચિરીપાલ, બ્રિજમોહન ચિરીપાલ, દીપક ચિરીપાલ, વિશાલ ચિરીપાલ, રોનક ચિરીપાલ અને વંશ ચિરીપાલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને સાઈના નહેવાલની સાથે સ્ટેજ શેર કર્યું હતું. આ સમારોહમાં ચિરીપાલ ગ્રુપના પ્રમોટરોએ જ્ઞાનવર્ધક વ્યકતવ્યો આપ્યા હતાં, જેમાં કંપનીની વિકાસયાત્રા, છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન તેણે સાધેલા વિકાસ અને ભવિષ્ય માટેના તેમના વિઝનનું પ્રતિબિંબ જોવા મળ્યું હતું. ચિરીપાલ ગ્રુપના પ્રમોટર રોનક ચિરીપાલએ જણાવ્યું હતું કે, છેલ્લા પર વર્ષોમાં ચિરીપાલ ગ્રુપની વિકાસયાત્રા સ્થિતિસ્થાપકતા, નવીનીકરણ અને શ્રેષ્ઠતાની નિરંતર શોધને સમર્પિત રહી હતી.

# હજ-૨૦૨૫ માટે એડવાન્સ રકમ અને જરૂરી ડોક્યુમેન્ટ જમા કરાવવાની મુદતમાં વધારો

અમદાવાદ,તા.૨૧

હજ ૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના તા.૨૧-૧૦-૨૦૨૪ના પરિપત્ર મુજબ પસંદગી પામેલા હજ યાત્રિકોએ હાજી દીઠ એડવાન્સ હજ અમાઉન્ટ રૂા. ૧,૩૦,૩૦૦/- નિયત કરેલ બેન્કમાં જમા કરાવવા માટેની આખરી તારીખ ૨૧-૧૦-૨૦૨૪ સુધી હતી, જેની મુદત વધારી હવે તા.૩૧-૧૦-૨૦૨૪ સુધી હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં ઓનલાઈન કે ઓફલાઈન (નિયત નમૂના મુજબની પે-સ્લીપમાં) રકમ જમા કરાવી શકાશે. ઉકત રકમ ભરી ડોકયુમેન્ટ હજ હાઉસ, કાલુપુર, અમદાવાદ ખાતે જમા કરાવવાની તા.૨૩-૧૦-૨૦૨૪ સુધી હતી જેની મુદત વધારી તા.૫-૧૧-૨૦૨૪ કરવામાં આવેલ છે. એડવાન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો તો આપની પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજય સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં એમ ગુજરાત રાજય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ.એમ. ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# શહેરમાં 'શેહેરઝાદે આઈસ શો' રજૂ કરાયો

અમદાવાદ,તા.૨૧

ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા અને વિશ્વ પ્રસિદ્ધ ફિગર સ્કેટર તાતિયાના નવ્કા પોતાનો જાણીતા શેહેરઝાદે આઈસ શો પહેલીવાર ભારતમાં લઈને આવી હતી. અમદાવાદના ઈકેએ એરિના ખાતે તેનો ભવ્ય પ્રિમિયર થયો હતો. શોનો મુખ્ય ભાગીદાર રોઝનેફટ ઓઈલ કંપનીએ આ શો રજૂ કર્યું હતું. શેહેરઝાદે આઈસ શો ૨૦ ઓકટોબર ૨૦૨૪ સુધી રજૂ થયું હતું. જેમાં વિશ્વસ્તરીય ફીગર સ્કેટિંગ, અદ્યતન ટેકનોલોજી, મીઠું સંગીત અને ઉત્તેજક કોરિયોગ્રાફીનું મોહક મિશ્રણ જોવા મળ્યું હતું. આ શો અરેબિયન નાઈટસની રહસ્યમય કથાઓમાંથી પ્રેરિત હતું.


**જાહેર નોટિસ**



અમો નીચે સહી કરનાર એડવોકેટ એસ.એચ. પઠાણ એન્ડ એમ.ડી. પઠાણ અમારા અસીલ **નસરીનબાનો નુરમોહંમદ શેખ** રહે. ૭૧૪/૧૩, અલમીના પાર્ક, વટવા, અમદાવાદનાઓની સૂચના અને ફરમાઈશથી આથી જાહેર જનતાને જણાવવાનું કે અમારો પુત્ર નામે **અબ્દુલરફાન અબ્દુલસલામ મલેક** તથા તેની પત્ની નામે **કનીજફાતેમા અબ્દુલરફાન મલેક** બંને છેલ્લા ઘણાં સમયથી અમારા ઘરનો ત્યાગ કરી જતા રહેલ છે અને અમારા કોઈપણ જાતના કહ્યામાં નથી તથા છેલ્લા ઘણાં સમયથી અમારી સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કે કોઈ સંબંધો રાખેલા નથી તથા તેઓની સાથે અમો કે અમારા પરિવારને કોઈ લેવા દેવા લેવા નથી તથા અમારી સ્થાવર તથા જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે અને આજપછી અમારી સ્થાવર અને જંગમ મિલકતમાં તેઓનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો કે લાગભાગ રહેશે નહીં તથા તેઓની સાથે કોઈપણ શખ્સ વ્યક્તિ કે સંસ્થા કોઈપણ જાતના પારિવારિક નાણાકીય કે ધંધાકીય વ્યવહારો કરવા કરાવવા નહીં અને જો કોઈપણ ઉપર મુજબના વ્યવહારો કરશે કરાવશે તો તેની તમામ જવાબદારી તેઓની પોતાની રહેશે તેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી.

અમદાવાદ

તારીખ : ૨૧-૧૦-૨૦૨૪

એસ.એચ. પઠાણ (એડવોકેટ)



**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

બુધવાર, 23 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
તિલક રેસ્ટોરન્ટ, બ્લોક નંબર 1729, ખાટા નંબર 917, પાંચોટ બાયપાસ સર્કલ, મહેસાણા – 384 002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

બુધવાર, 23 ઓક્ટોબર 2024 અને ગુરૂવાર, 24 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લુઆઈવી, ગણેશ મંદિર પાસે, 80 ફીટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

ગુરૂવાર, 24 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી, (આ IAP માત્ર મહિલાઓ માટે છે).
બ્લુબેરી રેસ્ટોરન્ટ, અંબા આશ્રમની સામે, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 9979739737.

ગુરૂવાર, 24 ઓક્ટોબર 2024; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
હોટેલ સન પ્લાઝા, વાલિયા રોડ, અંકલેશ્વર – 393 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.

ગુરૂવાર, 24 ઓક્ટોબર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ ક્રાઉન પ્લાઝા, શાપથ વી પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ – 380 015, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત થાકા, મોબાઈલ : 98790 00070.

ગુરૂવાર, 24 ઓક્ટોબર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ આરામ, ડીકેવી સર્કલ પાસે, જામનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ પિયુષ સાવલાણી, મોબાઈલ : 79843 56913.

શુક્રવાર, 25 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
બ્લુબેરી રેસ્ટોરન્ટ, અંબા આશ્રમની સામે, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 9979739737.

શુક્રવાર, 25 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
તારા રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ, ગુજરાત સ્ટેટ હાઈવે 701, નવા ગામ રોડ, ખેરગામ – 396 040, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ભાવેશ પાટીલ, મોબાઈલ : 97143 02647.

શુક્રવાર, 25 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
એનરિચ સ્કોયોટેલ, એક્સિસ બેંક પાસે, લુન્સીકુઈ, નવસારી – 396 445, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કેયુર ઠક્કર, મોબાઈલ : 98987 24101.

શુક્રવાર, 25 ઓક્ટોબર 2024; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
રીજેન્ટા હોટેલ, એબીસી સર્કલ, ભરૂચ – 392 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.

શુક્રવાર, 25 ઓક્ટોબર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રિયો કાર્નિવલ, આરજેડી ફાર્મ, સરથાણા પોલીસ ચોકી, સરથાણા જકાતનાકા, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઈલ : 99249 59993.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે. વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોએ એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# બહરાઈચમાં ડિમોલિશન અટકાવતી હાઈકોર્ટ : જેમને નોટિસ મળી એમને જવાબ આપવા ૧૫ દિવસની મહેતલ

**અદાલતે ડિમોલિશનની કાર્યવાહી સામે સ્પષ્ટપણે કોઈ સ્ટે આપ્યો નથી પણ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, ઉત્તરપ્રદેશની સરકાર ડિમોલિશનને લગતા સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરશે**

(એજન્સી) અલ્હાબાદ,તા.૨૧

એસોસિએશન ફોર પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ્સના યુપી પૂર્વના ઉપપ્રમુખ સૈયદ મહેફૂઝુર રહેમાને રજૂ કરેલી જાહેર હિતની અરજી પર અલ્હાબાદ હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. બહેરાઈચમાં થયેલી હિંસા પછી કેટલીક વ્યક્તિઓની અને આરોપીની મિલકતોને ડિમોલિશન માટે યુપી સરકારે આપેલી નોટિસને પડકારતી પીઆઈએલ કરવામાં આવી હતી જેની સુનાવણી દરમિયાન જસ્ટિસ અતાઉર રહેમાન મસુદી અને જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીએ રાજ્ય સરકારે આપેલી ડિમોલિશનની નોટિસ પર ૧૫ દિવસમાં જવાબ આપવા માટે અસરગ્રસ્તોને તાકીદ કરી છે. અગાઉ એ લોકોને ત્રણ દિવસનો જ સમય અપાયો હતો. પરંતુ હાઈકોર્ટે એમને જવાબ આપવા માટે પંદર દિવસનો સમય આપ્યો છે. અદાલતે જોકે ડિમોલિશન સામે ચોક્કસપણે ચોખ્ખો સ્ટે આપ્યો નથી પરંતુ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ડિમોલિશન અંગેના સુપ્રીમ કોર્ટના આદેશોનું ઉત્તર પ્રદેશ સરકાર સન્માન કરશે અને તેનું પાલન કરશે. અદાલતે નોંધ કરી હતી કે ડિમોલિશન નોટિસ સામે હિંસાના પીડિત દ્વારા અદાલતમાં કોઈ અરજી કરવામાં આવી નથી જેથી કરીને એસોસિયેશનને કરેલી અરજીનું મહત્વ ઓછું થઈ જાય છે. જોકે પીઆઈએલના અરજદાર તરફથી વકીલે એવી દલીલ કરી હતી કે સુપ્રીમ



કોર્ટે ડિમોલિશનની સામે વચગાળાનો આદેશ આપેલો જ છે. આ તકે અદાલતે ટકોર કરી હતી કે યુપી સરકાર સુપ્રીમના આદેશનું પાલન નહીં કરે એવું માનવાનું અમારી પાસે કોઈ કારણ નથી. અલ્હાબાદ હાઈકોર્ટે ડિમોલિશન નોટિસ અંગે રાજ્ય સરકારના વકીલને પણ ત્રણ દિવસમાં રાજ્ય તરફથી જવાબ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. જ્યાં મોટી સફાઈ છે એ રોડ ઉપર બાંધકામ માટે મંજૂરીના નકશા સહિતની વિગતો રજૂ કરવા અદાલતે આદેશ આપ્યો છે. પીઆઈએલના અરજદારે બહરાઈચની પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે હિંસાને કારણે અનેક પરિવારોને એમના ઘર છોડી દેવા પડ્યા છે કારણ કે એમની સામે કિન્નાખોરીભરી કાર્યવાહી કરવામાં આવી રહી હતી. આ દલીલ સાંભળીને અલ્હાબાદ હાઈકોર્ટે અસરગ્રસ્તોને એમના જવાબ ૧૫ દિવસમાં રજૂ કરવાનો સમય આપ્યો હતો. પીડબ્લ્યુડી વિભાગ તરફથી અપાયેલી નોટિસમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે જેમને નોટિસ અપાય છે એમના બાંધકામો ગેરકાયદે જણાયા છે કેમ કે ગ્રામ્ય માર્ગો પર મુખ્ય પોઈન્ટથી ૬૦ ફૂટની અંદર બાંધકામ થવું જોઈએ. એવું કહીને સત્તાવાળાઓએ એમની કાર્યવાહીનો બચાવ કર્યો છે.

# બહરાઈચ હિંસાના આરોપીઓએ ડિમોલિશન નોટિસ સામે તાત્કાલિક રાહત માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી

(એજન્સી) તા.૨૧

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં હિંસાના મામલામાં બુલડોઝર કાર્યવાહીનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવીને આવી કાર્યવાહીને રોકવાની વિનંતી કરવામાં આવી છે. બહરાઈચ હિંસા પછી, સુપ્રીમ કોર્ટમાં એક હસ્તક્ષેપ અરજી દાખલ કરવામાં આવી છે જેમાં પ્રસ્તાવિત બુલડોઝરની કાર્યવાહીને રોકવા અને પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જારી કરાયેલી નોટિસને રદ કરવા અને બુલડોઝરની કાર્યવાહી રોકવાની વિનંતી કરવામાં આવી છે. આ સાથે અરજીમાં સ્થાનિક ધારાસભ્ય દ્વારા આપવામાં આવેલા નિવેદનને પણ ટાંકવામાં આવ્યું છે જેમાં કહેવામાં આવ્યું છે કે બહરાઈચની ઘટના બાદ પ્રશાસને મુખ્ય આરોપી અબ્દુલ હમીદના ગેરકાયદેસર રીતે બનેલા ઘર પર ડિમોલિશન નોટિસ ચોંટાડી દીધી છે.



આગામી કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે. હકીકતમાં, ઉત્તર પ્રદેશ સરકારના ૨૩ પરિવારોને ત્રણ દિવસમાં જવાબ દાખલ કરવા માટે નોટિસ ફટકારવાના આદેશની વિરૂદ્ધ, ત્રણ લોકોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને બુલડોઝરની કાર્યવાહીને રોકવાની માંગ કરી છે. એક દિવસ પહેલા અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે બહરાઈચમાં બુલડોઝરની કાર્યવાહી પર ૧૫ દિવસ માટે પ્રતિબંધ મુક્યો હતો. આ મામલે હવે બુધવારે સુનાવણી થશે. PWD વિભાગ દ્વારા ૨૩ લોકો જેમના ઘરો અને દુકાનો પર નોટિસો ચોંટાડી દેવામાં આવી હતી. તેમને જવાબ દાખલ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ૨૩ ઓક્ટોબરે સુનાવણી બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે. બહરાઈચ હિંસા કેસના મુખ્ય આરોપી અબ્દુલ હમીદના વકીલ કલીમ હાશ્મીએ કહ્યું કે પીડબ્લ્યુડીએ ૨૩ લોકોના ઘર તોડવાની નોટિસ આપી હતી. આના પર, APCR (એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ) વતી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જેના પર તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને હાઈકોર્ટે નોટિસ મેળવનાર તમામ ૨૩ લોકોને પોતાનો પક્ષ રજૂ કરવા માટે ૧૫ દિવસનો સમય આપ્યો છે. આ દરમિયાન સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ૧૫ દિવસમાં કોઈ બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવશે નહીં અને અમને અમારી બાજુ રજૂ કરવાની તક આપવામાં આવશે.

# 'ગ્રોસ' : આરોગ્ય તપાસમાં નિષ્ફળ રહેલ મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટમાં કામ કરતી વખતે ફૂડ સેફ્ટી ઉલ્લંઘન બદલ ટ્રમ્પ સામે આક્રોશ

## ડોનાલ્ડ ટ્રમ્પે મેકડોનાલ્ડ્સની મુલાકાત લીધી જ્યાં તેમણે ટૂંકા ગાળા માટે કામ કર્યું હતું દસ્તાવેજો અનુસાર રેસ્ટોરન્ટ તેની સૌથી તાજેતરની આરોગ્ય તપાસમાં નિષ્ફળ ગઈ

(એજન્સી) તા.૨૧

ડોનાલ્ડ ટ્રમ્પે મેકડોનાલ્ડ્સની મુલાકાત લીધી હતી જ્યાં તેમણે ૫ નવેમ્બરની ચૂંટણી પહેલા ટૂંકા ગાળા માટે કામ કર્યું હતું. દસ્તાવેજો અનુસાર, રેસ્ટોરન્ટ તેની સૌથી તાજેતરની આરોગ્ય તપાસમાં નિષ્ફળ ગઈ. ટ્રમ્પની મુલાકાત દરમિયાન રેસ્ટોરન્ટ સામાન્ય લોકો માટે બંધ રહી હતી. GOP પ્રમુખપદના ઉમેદવારે ફ્રાય સ્ટેશનનું સંચાલન કર્યું હતું અને ફિસ્ટરવિલે-ટ્રેવોઝમાં ડ્રાઈવ-થ્રુ લેનમાં ગ્રાહકોને તેમણે બનાવેલ ખોરાક ઓફર કર્યો હતો, ફિસ્ટરવિલે-ટ્રેવોઝ ચૂંટણી યુદ્ધના મેદાન પેન્સિલવેનિયામાં એક નિર્ણાયક સ્વિંગ મતદાન વિસ્તાર છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, જે જર્મોફોબ હોવાનો દાવો કરે છે અને એક વિશાળ મેકડોનાલ્ડ્સ ફૂડ ચાહક છે, તેમણે તેમના શર્ટ પર એપ્રોન પહેર્યું હતું પરંતુ તેમના હાથ "સરસ અને સ્વચ્છ" હોવાનું કહીને મોજા અને હેરનેટ છોડી દીધા હતા. મીડાસ ટચ દાવો કરે છે કે તેમણે હાથ ધોવાનું છોડી દીધું અને સીધા કામ પર ગયા.

**મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટનું નિરીક્ષણ નિષ્ફળ ગયું**

રેસ્ટોરન્ટનું સૌથી તાજેતરનું નિરીક્ષણ તેના સ્ટાફ દ્વારા હાથ ધોવામાં નિષ્ફળતાને કારણે અસફળ રહ્યું હતું. ૨૭ માર્ચના રોજ એક નિરીક્ષણ બાદ, બક્સ કાઉન્ટી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થે આરોગ્ય સંહિતા ભંગનું દસ્તાવેજીકરણ કર્યું, જેમાં સ્ટાફ સભ્યોની તેમના "હાથ સાફ અને યોગ્ય રીતે ધોયેલા" રાખવામાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે. વધુમાં, તે જણાવે છે કે કામદારોને મોજા પહેરતા પહેલા અને તેમને દૂષિત કરી શકે તેવા ઘણા કાર્યો કર્યા પછી તેમના હાથ સાફ કર્યા વિના જોવામાં આવ્યા હતા. કાઉન્ટી ઈન્સ્પેક્ટરે અહેવાલમાં જણાવ્યું હતું કે, "ખાદ્ય કર્મચારીઓ મોજા પહેરતા પહેલા,



ગંદા ટેબલવેરને હેન્ડલ કર્યા પછી, કાચા માંસને હેન્ડલ કર્યા પછી, સ્વચ્છ ટેબલવેર, સાધનસામગ્રી, વાસણો સંભાળતા પહેલા જરૂરિયાત મુજબ હાથ ધોતા નથી." તેમણે એ પણ અવલોકન કર્યું હતું કે," કર્મચારીઓ મોજા સાથે કાચું બીફ હેન્ડલ કરતા અને પછી હાથ ધોયા વગર ગ્લોવ્સ બદલતા હતા."

નિરીક્ષકે વધુમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્ટાફ કામદારોએ "જરૂરીયાત મુજબ વાળના નિયંત્રણો પહેર્યા ન હતા, જેમાં પેકેજિંગ અને ખોરાક તૈયાર કરવામાં મદદ કરતી વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે."

રિપોર્ટમાં જણાવ્યા મુજબ, કામદારોએ કેપ્સ, નેટ અથવા વાળના કવર જેવા વાળના નિયંત્રણો પહેરવા જોઈએ, જે ખુલ્લા ખોરાકના સંપર્કમાં આવતા વાળને રોકવા માટે બનાવવામાં આવે છે.

રેસ્ટોરન્ટની તેના કેટલાક ખોરાકને યોગ્ય તાપમાને રાખવામાં નિષ્ફળ રહેવા બદલ ટીકા પણ કરવામાં આવી હતી. "ભારે બરફ અને હિમ બિલ્ડઅપ" સાથે વોક-ઈન ફ્રીઝર હતું જેને જાળવણી અને સમારકામની જરૂર હતી.

**સોશિયલ મીડિયા યુઝર્સ દ્વારા ટ્રમ્પનો ખાદ્ય સુરક્ષાના ઉલ્લંઘન બદલ ઉધડો**

દરમિયાન, કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે ટ્રમ્પ પર ગ્લોઝ કે વાળનું કોઈ કવર ન પહેરવા બદલ ઝાટકણી કાઢી હતી. રેસ્ટોરન્ટ નજીક હોવાથી તેઓએ તેમની મેકડોનાલ્ડની મુલાકાતને સ્ટંટ પણ ગણાવી હતી. "મેકડોનાલ્ડ્સ / ટ્રમ્પ સ્ટેજીંગ સાથે મારી સમસ્યા ૫ તેઓએ સ્ટોર બંધ કરી દીધો. લોકો એક વ્યક્તિ માટે વેતન ગુમાવે છે જે કલાકદીઠ વેતનને ઓવરટાઈમ ચૂકવવામાં માનતા નથી. તેણે ખોરાક સંભાળતા મોજા પહેર્યા ન હતા. આ મૂંગું છે," X યુઝરે લખ્યું. બીજાએ લખ્યું, "મેકડોનાલ્ડ્સમાં 'કામ કરતા' ટ્રમ્પની તસવીરો જોઈને મને ચીસો પાડવાનું મન થાય છે. વાળની જાળીનો અભાવ અને મોજા ન હોવા સહિત અનેક ખાદ્ય સુરક્ષા ઉલ્લંઘનો. શરમ કરો." ત્રીજા વપરાશકર્તાએ લખ્યું, "ટ્રમ્પ ખોરાક સંભાળવા માટે તેના ખુલ્લા હાથનો ઉપયોગ કરે છે, કોઈ મોજા નથી. આરોગ્ય અને સલામતી કોડનું ઉલ્લંઘન." પત્રકાર સેઠ અબ્રામસને કહ્યું, "મેકડોનાલ્ડ્સ બંધ હતું, ગ્રાહકો નકલી હતા, ટ્રમ્પે કંઈ કર્યું નથી."

# રાજસ્થાન : JDAએ RSS કાર્યકર્તાઓ પર હુમલો કરનાર આરોપીઓનું ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું

(એજન્સી) જયપુર, તા.૨૧

જયપુર ડેવલપમેન્ટ ઓથોરિટી (JDA)એ રવિવારના રોજ જયપુરમાં થોડાં દિવસ પહેલાં RSS કાર્યકર્તાઓ પર હુમલો કરનાર આરોપીઓના કથિત ગેરકાયદે બાંધકામને તોડી પાડ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, કેસની સ્થળ ચકાસણી દરમિયાન ગેરકાયદે બાંધકામ મળી આવ્યું હતું. આરોપી નસીબ ચૌધરીએ મંદિરની જમીન અને પાર્ક પર ગેરકાયદે કબજો કરી બે રૂમનું માળખું બનાવ્યું હતું. રૂમમાં જીમના સાધનો અને મોટા ડ્રમ રાખવામાં આવ્યા હતા. એસીપી ગૌરીશંકર શર્માએ જણાવ્યું હતું કે, મકાનમાલિક નસીબ ચૌધરી એ જવાબ ન આપતાં આના પર કાર્યવાહી કરીને JDA એ શનિવારના રોજ તેને નોટિસ પાઠવી અને ગેરકાયદે બાંધકામ તોડી



પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે, આરોપી નસીબ ચૌધરી એ તેના પુત્ર અને અન્ય કેટલાક લોકો સાથે બે દિવસ પહેલા શરદ પૂર્ણિમાના અવસર પર મંદિરમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન RSS કાર્યકર્તાઓ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં દસ લોકો ઘાયલ થયા છે.

# ભારત અને ચીન વચ્ચે પૂર્વ લદાખમાં LAC પર પેટ્રોલિંગ અંગે સમજૂતી થઈ

(એજન્સી) તા.૨૧

ભારત અને ચીન વચ્ચે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (LAC) પર પેટ્રોલિંગ કરવા મામલે સમજૂતી કરાર થયો છે. આ કરાર દેપસાંગ અને ડેમચોક વિસ્તારમાં પેટ્રોલિંગ સંબંધિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બંને સરહદ પર પેટ્રોલિંગ શરૂ થઈ ચૂકી છે અને ટૂંક સમયમાં બંને દેશ પોતાના સૈનિકોને પાછા ખેંચી લેશે. જે વર્ષોથી તણાવમાં રહેલી લદાખ સરહદ વિવાદ ઘટવાની અપેક્ષા દર્શાવે છે. એલએસી પરથી સૈન્ય દળોને પાછા ખેંચી લેવાના આ સમજૂતી કરારને મિલિટ્રી ટર્મમાં ડિસઈન્ગેજમેન્ટ કહે છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ આ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, બંને દેશો વચ્ચે પેટ્રોલિંગની વ્યવસ્થા અંગે સમજૂતી કરવામાં આવી છે. જે ૨૦૨૦માં પૂર્વીય લદાખમાં સર્જાયેલા તણાવમાં ઘટાડો કરશે. આવતીકાલે ૨૨થી ૨૪ ઓક્ટોબરે યોજાનારા ૧૬માં બ્રિક્સ શિખર સંમેલન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રશિયા



પ્રવાસ પહેલાં જ આ કરાર કરવામાં આવ્યા છે. આ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠકો થવાની છે. આ મામલે વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક સપ્તાહથી ભારત અને ચીન વચ્ચે રાજકીય અને સૈન્ય મામલે ચર્ચા વિચારણા થઈ રહી છે. વિવાદ અને તણાવ ઘટાડવાના હેતુ સાથે ચીન સાથે એલએસી મુદ્દે અમે સમજૂતી કરાર કર્યો છે. પૂર્વ લદાખ સ્થિત ગલવાન ખીણમાં વર્ષ ૨૦૨૦માં ૧૫-૧૬ જૂનના ભારતીય અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને બમણી સંખ્યામાં ચીનના સૈનિકો પણ માર્યા ગયા હતા. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ પોતાના શહીદ સૈનિકોના આંકડાની સત્તાવાર જાહેરાત કરી ન હતી. આ ઘટના બાદથી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો.

# રવિવારના દિવસે વધુ ૨૫ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી; આ અઠવાડિયે લગભગ ૧૦૦ ફર્જી ફોન કોલ મળ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

રવિવારના રોજ ભારતીય એરલાઈન્સની ૨૫ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી, જેના કારણે સેંકડો મુસાફરોને અસુવિધા થઈ હતી અને સત્તાવાળાઓને વિગતવાર તપાસ માટે સંબંધિત એરપોર્ટ પર ઘણા વિમાનોને આઈસોલેશન બેમાં ખસેડવાની ફરજ પડી હતી.

આ ઘટના વિવિધ ભારતીય એરલાઈન્સની ૩૦થી વધુ ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળ્યાના એક દિવસ બાદ બની છે. આ અઠવાડિયે, લગભગ ૧૦૦ ફ્લાઈટ્સને ધમકીઓ મળી, જેનાથી સુરક્ષા એજન્સીઓ ખળભળાટ મચી ગઈ. પછીથી આ ધમકીઓ ખોટી નીકળી. સૂત્રોના જણાવ્યા અનુસાર રવિવારના રોજ ઈન્ડિગો, વિસ્તારા, એર ઈન્ડિયા અને આકાશ એરની છ ફ્લાઈટ અને એર ઈન્ડિયા એક્સપ્રેસની ઓછામાં ઓછી એક ફ્લાઈટને ધમકીઓ મળી હતી.

અલગ-અલગ નિવેદનોમાં ઈન્ડિગોના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, એરલાઈન ફ્લાઈટ 6E 58 (જેદ્દાહથી મુંબઈ), 6E87 (કોઝિકોડથી દમ્મામ), 6E11 (દિલ્હીથી ઈસ્તંબુલ), 6E17 (મુંબઈથી ઈસ્તંબુલ), 6E133 (પૂણેથી જોધપુર) અને 6E112 ઓપરેટિંગ (ગોવાથી અમદાવાદ) સાથે સંકળાયેલી પરિસ્થિતિથી વાકેફ છે. આ ફ્લાઈટના મુસાફરો સુરક્ષિત રીતે નીચે ઉતર્યા હતા. વિસ્તારાએ જણાવ્યું હતું કે તેને છ ફ્લાઈટ્સ માટે સુરક્ષા જોખમો મળ્યા છે- UK25 (દિલ્હીથી ફ્રેન્કફર્ટ), UK106 (સિંગાપોરથી મુંબઈ), UK146 (બાલીથી દિલ્હી), UK116 (સિંગાપોરથી દિલ્હી), UK110 (સિંગાપોરથી પુણે) અને UK107 (મુંબઈથી સિંગાપોર).



વિસ્તારાના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રોટોકોલ મુજબ, તમામ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક જાણ કરવામાં આવી છે અને તેમની સૂચનાઓ અનુસાર સુરક્ષા પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. છ આકાશ એર ફ્લાઈટ માટે સુરક્ષા ચેતવણીઓ પ્રાપ્ત થઈ છે - QP1102 (અમદાવાદથી મુંબઈ), QP 1378 (દિલ્હીથી ગોવા), QP 1385 (મુંબઈથી બાગડોગરા), QP 1406 (દિલ્હીથી હૈદરાબાદ), QP 1519 (કોચીથી મુંબઈ) અને QP 1526 (લખનૌથી મુંબઈ). આકાશ એરના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયાઓ અને છ એરક્રાફ્ટની સંપૂર્ણ તપાસ કર્યા પછી, તેમને ઓપરેશન માટે છોડી દેવામાં આવ્યા છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું કે, એર ઈન્ડિયાની ઓછામાં ઓછી છ ફ્લાઈટ્સ પણ જોખમમાં છે. એરલાઈન તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

સૂત્રોએ જણાવ્યું હતું, કોચીથી દમ્મામ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ IX481ને બોમ્બની ધમકી મળી હતી અને ફ્લાઈટને સલામત રીતે દમ્મામમાં ઉતારવામાં આવી હતી. મોટાભાગે સોશિયલ મીડિયા દ્વારા એરલાઈન્સને બોમ્બની ધમકીઓ દરમિયાન, બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS)એ શનિવારના દિવસે એરલાઈન્સના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય નકલી બોમ્બની ધમકીઓની ઘટનાઓને રોકવા માટે એરલાઈન્સ પર કડક ધોરણો લાદવાનું આયોજન કરી રહ્યું છે, જેમાં ગુનેગારોને નો-ફ્લાય લિસ્ટમાં મૂકવાનો સમાવેશ થાય છે.

# સરકાર એરલાઈન્સને બોમ્બની ધમકીનો સામનો કરવા માટે કાયદાકીય પગલાં લેશે : નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ

(એજન્સી) તા.૨૧

છેલ્લા કેટલાક દિવસોથી એરલાઈન્સ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની સતત નકલી ધમકીઓ મળી રહી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય આ અંગે કડક કાયદો બનાવવા માટે ચર્ચા કરી રહ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીની ઘટનાઓને રોકવા અને ગુનેગારોને 'નો ફ્લાય' સૂચિમાં સામેલ કરવા માટે કડક નિયમો લાગુ કરવાની યોજના બનાવી રહ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે મંત્રાલય એરલાઈન્સને બોમ્બની ધમકી સાથે સંકળાયેલી ઘટનાઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા નાગરિક ઉડ્ડયન નિયમોમાં સુધારો કરવા પર વિચાર કરી રહ્યું છે. ચાર દિવસમાં વિવિધ



ભારતીય એરલાઈન્સની ઓછામાં ઓછી ૨૫ ફ્લાઈટ્સને બોમ્બની ધમકીઓ મળી છે, જેમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે. ફ્લાઈટોને ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ આ ફ્લાઈટોના રૂટ બદલવામાં આવ્યા હતા.

આમાંની મોટાભાગની ધમકીઓ નકલી નીકળી. એક અધિકારીએ જણાવ્યું કે આ સંબંધમાં મંત્રાલય ગુનેગારોને કડક સજા સુનિશ્ચિત કરવા બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (BCAS) સાથે સંબંધિત નિયમો સહિત વર્તમાન નિયમોમાં સુધારો કરવાનું વિચારી રહ્યું છે. એક એરલાઈન અધિકારીએ જણાવ્યું કે જે લોકો સતત બોમ્બ બ્લાસ્ટની ખોટી ધમકીઓ આપી રહ્યા છે તેમને એરલાઈનની 'નો ફ્લાય' લિસ્ટમાં મૂકવા માટે એક પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે નિયમોમાં ફેરફાર કરવા અંગે હજુપણ કાનૂની અભિપ્રાય એકત્રિત કરવામાં આવી રહ્યો છે. નકલી બોમ્બની ધમકીઓ સાથે વ્યવહાર કરવા માટે વિદેશમાં મંત્રાલય દ્વારા અપનાવવામાં આવેલી જોગવાઈઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીએ કહ્યું કે આ સિવાય, જો જરૂરી હોય તો, લોકોને ખોટી ધમકીઓ આપતા અટકાવવા માટે કાયદાકીય સુધારા પર વિચાર કરવામાં આવશે.

# ED તેમના આરોપો અંગે મૌન હોવા છતાં ચંદ્રાબાબુ નાયડુ માટે પરિસ્થિતિ મુશ્કેલ બની શકે છે

**ચંદ્રાબાબુ નાયડુનું ભાજપ સાથે જોડાણ તેમને તાત્કાલિક કાનૂની પરિણામોથી બચાવી શકે છે પણ ED તપાસની અનિશ્ચિતતા તેમને ભાવિ રાજકીય ભવિષ્ય માટે સંવેદનશીલ બનાવે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ હૈદરાબાદમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કહ્યું છે કે, રૂા.૨૩.૫૪ કરોડની રકમ સિમેન્સ ઈન્ડસ્ટ્રી સોફ્ટવેર અને ડિઝાઈનટેક સિસ્ટમ્સના એક્ઝિક્યુટિવ્સ સાથે જોડાયેલ છે. આ કાર્યવાહી આંધ્રપ્રદેશ સ્ટેટ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (APSSDC) કૌભાંડનો એક ભાગ છે, તે જ કેસના કારણે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુને ૨૦૨૩માં ૫૩ દિવસની જેલની સજા થઈ હતી (તે સમયે તેઓ વિપક્ષમાં હતા). EDએ કથિત રૂા.૩૭૧ કરોડના જાહેર ભંડોળનો ગેરઉપયોગ કરવામાં નાયડુની સંડોવણીની પુષ્ટિ કરી નથી કે શક્યતા નકારી કાઢી નથી. જો કે, ઈડીના આ પગલાને ટીકાકારો ભાજપની 'વોશિંગ મશીન' વ્યૂહરચના કહે છે, જેમાં કેન્દ્રીય એજન્સીઓના કેસોનો સામનો કરી રહેલા નેતાઓના કેસો એનડીએમાં જોડાયા પછી તેમના કેસ કોલ્ડ સ્ટોરેજમાં જતા હોય છે અને અસરકારક રીતે તેમને સંપૂર્ણ રીતે બચાવે છે. નાયડુની તેલુગુ દેશમ પાર્ટી (TDP)એ ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યા પછી આંધ્રપ્રદેશના વર્તમાન મુખ્યપ્રધાન છે, હાલમાં કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (NDA) સરકારના સાથી છે. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ની અખબારી યાદીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ રૂા.૨૩.૫૪ કરોડની પ્રોવિઝનલ એટેચમેન્ટની પુષ્ટિ કરી હતી. જો કે, તેણે નાયડુના નામનો ઉલ્લેખ કર્યો ન હતો અથવા સૂચવ્યું ન હતું કે, તપાસ તેમની ભૂમિકા વિશે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી છે. સિમેન્સ ઈન્ડસ્ટ્રી સોફ્ટવેર અને ડિઝાઈનટેક સિસ્ટમ્સના એક્ઝિક્યુટિવ્સ સાથે જોડાયેલી મિલકતો, પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (PMLA) ૨૦૦૨ હેઠળ રાજ્ય સંચાલિત કૌશલ્ય વિકાસ માટે નિર્ધારિત સરકારી ભંડોળના કથિત દુરૂપયોગની ચાલી રહેલી તપાસના ભાગરૂપે જપ્ત કરવામાં આવી હતી. APSSDC પ્રોજેક્ટ, નાયડુના વહીવટ દરમિયાન ૨૦૧૪ અને ૨૦૧૯ વચ્ચે શરૂ કરવામાં આવ્યો હતો, જેનો હેતુ સમગ્ર આંધ્રપ્રદેશમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો હતો. જો કે, આ પહેલ માટે ફાળવવામાં આવેલ ૩૭૧ કરોડનું ભંડોળ તપાસનું કેન્દ્ર બની ગયું હતું જ્યારે એવા અહેવાલો સામે આવ્યા હતા કે, શેલ કંપનીઓના નેટવર્ક દ્વારા નાણાંનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તપાસકર્તાઓએ આરોપ લગાવ્યો છે કે, સિમેન્સ અને ડિઝાઈનટેકના અધિકારીઓએ અન્ય મુખ્ય વ્યક્તિઓ સાથે મળીને ક્યારેય વિતરિત ન થઈ હોય તેવી સામગ્રી અને સેવાઓ પૂરી પાડવાના બહાને ફંડને ડાયવર્ટ કર્યું હતું. જો કે, EDની પ્રેસ રિલીઝમાં નાયડુનો કોઈ ઉલ્લેખ નથી. મીડિયા અહેવાલોમાં સૂચવવામાં આવ્યું હતું કે, ચંદ્રાબાબુ નાયડુને તપાસ એજન્સી તરફથી 'ક્લીનચિટ' મળી છે. ઘણા લોકોએ નાયડુની સંડોવણી પર EDના મૌનને તેમની મુક્તિના સંકેત તરીકે અર્થઘટન કર્યું છે. જો કે, EDની અધિકૃત અખબારી યાદીની તપાસ કરવાથી જાણવા મળ્યું છે કે, એજન્સીએ તપાસના આ તબક્કે નાયડુની સંડોવણીનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી, કે તપાસ પૂર્ણ થઈ ગઈ હોવાનો સંકેત આપ્યો નથી. એવું અનુમાન થઈ શકે છે કે, NDA સાથેના તેમના વર્તમાન જોડાણને જોતા નાયડુને કામચલાઉ રાહત મળી છે અને જો આ ગઠબંધન ભંગ થાય તો આ પરિસ્થિતિ બદલાઈ શકે છે. નાયડુની કથિત મુક્તિ અંગે મીડિયાના ઉન્માદથી તદ્દન વિપરીત, TDPએ આશ્ચર્યજનક રીતે મૌન પ્રતિભાવ આપ્યો છે. જો કે, પક્ષના પ્રવક્તાઓએ નાયડુની નિર્દોષતા પર ભાર મૂક્યો છે. આ મ્યૂટ પ્રતિભાવ માટે એક સંભવિત સમજૂતી એ છે કે, EDએ નાયડુને ઔપચારિક રીતે નિર્દોષ હોવાની મંજૂરી આપી નથી. જો વધુ પુરાવાઓ સામે આવે અથવા તપાસમાં નવો વળાંક આવે તો નિર્દોષતાની ઘોષણા બેકફાયર થઈ શકે છે.

**ભાજપનું 'વોશિંગ મશીન' ? :**

નાયડુનો આ કેસ એક જ નથી. છેલ્લા એક દાયકામાં ટીકાકારોએ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના કેન્દ્રીય નેતૃત્વ પર આરોપ મૂક્યો છે કે, તેઓ ED, CBI અને આવકવેરા વિભાગ જેવી તપાસ એજન્સીઓનો પક્ષનો રાજકીય પ્રભાવ વધારવા માટેના સાધનો તરીકે ઉપયોગ કરે છે. તેઓ દલીલ કરે છે કે, આ વ્યૂહરચના વિપક્ષી નેતાઓને ભાજપ સાથે જોડાણ કરવા અથવા અવિરત કાનૂની પડકારોનો સામનો કરવા દબાણ કરવા માટે છે.

આ પેટર્ન છે. કોંગ્રેસ, એનસીપી અને ટીએમસી સહિત વિવિધ વિપક્ષી પક્ષોના કેટલાક ઉચ્ચ-પ્રોફાઈલ નેતાઓ ભાજપમાં જોડાયા અથવા શાસક પક્ષને ટેકો જાહેર કર્યા પછી તેમની સામેની તપાસ કાં તો ધીમી પડી છે અથવા સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. તેના નોંધપાત્ર ઉદાહરણોમાં મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાન અશોક ચવ્હાણનો સમાવેશ થાય છે, જે આદર્શ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી કૌભાંડના મુખ્ય આરોપી છે. ભાજપમાં જોડાયા બાદ તેમના ટ્રાયલ પર રોક લગાવવામાં આવી હતી. એ જ રીતે મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અને NCPના સભ્ય અજિત પવારે ભાજપ સાથે જોડાણ કર્યા પછી કરોડો રૂપિયાના સહકારી બેંક કૌભાંડમાં તેમની કથિત ભૂમિકાની તપાસ બંધ થઈ ગઈ છે.

આંધ્રપ્રદેશમાં ટીડીપીના નેતાઓ સી.એમ. રમેશ અને સુજાના ચૌધરી ૨૦૧૯માં ભાજપમાં ભાજપ બન્યા તે પહેલા આવકવેરા વિભાગ, સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તપાસ હેઠળ હતા. રમેશ હાલમાં અનકાપલ્લીથી ભાજપના લોકસભા સભ્ય છે. આવકવેરા વિભાગે તેની સાથે કથિત રીતે જોડાયેલી કંપનીની તપાસ કરી હતી. આ દરમિયાન ચૌધરીએ કથિત બેંક લોન ફ્રોડ કેસમાં CBI અને EDની તપાસનો સામનો કર્યો હતો. વ્યંગાત્મક રીતે, ભાજપના સાંસદ અને પ્રવક્તા જી.વી.એલ. નરસિમ્હા રાવે ચૌધરી અને રમેશને 'આંધ્રના માલ્યા' તરીકે ઓળખાવ્યા હતા અને તેમની સામે 'યોગ્ય પગલાં' લેવા માટે રાજ્યસભાની નૈતિક સમિતિને અરજી કરી હતી.

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડીએ ED દ્વારા અપ્રમાણસર સંપત્તિના કેસમાં આરોપી તેમના કેસને કથિત રીતે અટકાવી દીધો છે. ટીકાકારો દલીલ કરે છે કે, આ એનડીએના 'બિનસત્તાવાર' સાથી તરીકેની તેમની સ્થિતિને કારણે છે.

નવી દિલ્હીમાં ઘણા નિરીક્ષકો નાયડુને કિંગમેકર માને છે જે મોદી પર લગામ લગાવી શકે છે, પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ જ લાગે છે. નાયડુ તેમની સ્વપ્નની રાજધાની અમરાવતી અને પોલાવરમ પ્રોજેક્ટની પૂર્ણતા માટે કેન્દ્રીય ભંડોળ પર આધાર રાખે છે. નાયડુના કલ્યાણના વચનો માટે તેઓએ ૧.૨ લાખ કરોડ રૂપિયાના વાર્ષિક બજેટની માંગ કરી છે. બીજેપી પહેલેથી જ આંધ્રમાં પ્રવેશ કરી રહી છે, તિરૂપતિ લડ્ડૂ મુદ્દાને લઈને સાંપ્રદાયિક રીતે ધ્રુવીકરણ કરી રહી છે અને આ બદલાવને કારણે નાયડુની પકડમાંથી રાજ્ય સરકી શકે છે, જે તેમને ગઠબંધન અને તેના ભવિષ્યની ગણતરી કરવાની ફરજ પડી શકે છે. આ તપાસને ખુલ્લી પરંતુ નિષ્ક્રિય રાખીને, ભાજપ નાયડુ અને ટીડીપી પર નિયંત્રણ જાળવી શકે છે, આને સહકારની ખાતરી આપવા માટે એક સાધન તરીકે નવી કાનૂની કાર્યવાહીની ધમકી આપી શકે છે. નાયડુ માટે આ અનિશ્ચિત સંતુલન સુરક્ષા અને જોખમ બંને છે. ભાજપ સાથેનું તેમનું જોડાણ તેમને તાત્કાલિક કાનૂની પરિણામોથી બચાવી શકે છે, ત્યારે ED તપાસની અનિશ્ચિતતા તેમને ભાવિ રાજકીય દાવપેચ માટે સંવેદનશીલ બનાવે છે. એવું લાગે છે કે, નાયડુ ફરીથી મૂંઝવણની પરિસ્થિતિમાં આવી ગયા છે.

# 'વોહ તો પંચર વાલા હી બના હૈ' : દેવેન્દ્ર ફડણવીસે મુસ્લિમોની દયનીય સ્થિતિ અને વોટ બેંકની રાજનીતિ માટે કોંગ્રેસ અને સપા પર પ્રહાર કર્યા

**ફડણવીસે કોન્કલેવમાં દલીલ કરી કે, જો કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ ખરેખર મુસ્લિમોની ચિંતા કરી હોત અને તેઓ આટલા વર્ષો સુધી સત્તામાં હતા તો ઓછામાં ઓછા મુસ્લિમોની સ્થિતિમાં ૧ ટકાનો સુધારો થયો હોત, દેવેન્દ્ર ફડણવીસની 'વોટ બેંક'ની રાજનીતિ પર કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીને નિશાન બનાવતી ટિપ્પણી અને ન્યુઝ ચેનલના કોન્કલેવમાં મુસ્લિમો વિરુદ્ધની તેમની ટિપ્પણી વાયરલ થઈ છે**

(એજન્સી) તા.૨૧

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે 'મુસ્લિમોની આર્થિક સ્થિતિ' પર કોંગ્રેસ પાર્ટી અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. ફડણવીસે ૨૮ સપ્ટેમ્બરના રોજ યોજાયેલ ઝી ન્યુઝના કોન્કલેવમાં બોલતા આ ટિપ્પણી કરી હતી. વોટ બેંકની રાજનીતિ પર કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (એસપી)ની ટીકા કરતા દર્શાવતી તેમની વાતચીતનો એક ભાગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વાયરલ થયો છે. ફડણવીસે કોન્કલેવમાં દલીલ કરી કે, જો કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ ખરેખર મુસ્લિમોની ચિંતા કરી હોત અને તેઓ આટલા વર્ષો સુધી સત્તામાં હતા તો ઓછામાં ઓછા મુસ્લિમોની સ્થિતિમાં ૧ ટકાનો સુધારો થયો હોત. 'વોહ તો પંચર વાલા હી બના ના, ઉદ્યોગપતિ થોરી બના. વોહ તો પેચકસ હી લેકે ઘૂમ રહા હૈ ના, ઉસ્ને મોટરગાડી બનાને કા કામ તો શુરૂ નહીં કિયા. ક્યોંકી યે સારી પાર્ટિયાં ચાહતી હૈં મુસલમાન ગરીબ રહે, મુસલમાન પિછડા રહે, મુસલમાન કો સાંપ્રદાયિક હમ બનાયેં, તાકિ અપની રોટિયાં હમ સીખ સકેં' ફડણવીસે કોન્કલેવમાં કહ્યું હતું કે, (મુસ્લિમો હજુ પણ મામૂલી નોકરીઓમાં અને કામકાજમાં સંકળાયેલા છે. તેઓ હજુ પણ બ્લુ કોલર જોબ કરી રહ્યા છે. તેઓ ઉદ્યોગપતિ બન્યા નથી. તેઓ હજુ પણ મોટરબાઈકને ઠીક કરી રહ્યા છે પરંતુ બાઈકના ઉત્પાદનના આગલા સ્તર પર જઈ શક્યા નથી.) આનું કારણ એ છે કે, આવી પાર્ટીઓ ઈચ્છે છે કે, મુસ્લિમો ગરીબ અને પછાત બને આ પક્ષો મુસ્લિમોને સાંપ્રદાયિક બનાવવા માંગે છે જેથી તેઓ શાસન કરતા રહે અને જીતી શકે. ફડણવીસે દાવો કર્યો હતો કે, સામાન્ય મુસ્લિમોને વક્ફ બોર્ડ અથવા એક્ટ વિશે કોઈ જાણકારી નથી અને કોંગ્રેસ અને વિરોધ પક્ષો આવા મુદ્દાઓ પર રાજનીતિ કરીને માત્ર રાજકીય લાભ મેળવવાનું વિચારી રહ્યા છે.

**ન્યુઝ GT પોઈન્ટ**

**પંકચરવાળા જેટલા નહીં હોય એનાથી બમણા અન્ય ધર્મના સફાઈ કામદાર વગેરે હશે. એક ચાવાળાને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા એ કેમ ભૂલાય ? આ દેશમાં ડૉ.અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિક કે અઝીમ પ્રેમજી જેવા સફળ ઉદ્યોગપતિ, ડૉ.ઝાકીર હુસૈન, ફકરૂદ્દીન અલી અહેમદ જેવા રાષ્ટ્રપ્રમુખ, મોહમ્મદ હામીદ અન્સારી જેવા રાષ્ટ્રના ઉપપ્રમુખ અને નવાબ પટૌડી, સલીમ દુર્રાની, સૈયદ કિરમાણી, આબિદ અલી કે મોહમ્મદ અઝહરૂદ્દીન, અરશદ અય્યુબ, ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, મોહમ્મદ કૈફ જેવા કેટલાય ક્રિકેટરો આપ્યા જ્યારે હાલનો જ દાખલો લઈલો, સરફરાઝ ખાન પઠાણ જે રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન મેળવનાર ક્રિકેટરને ટીમમાંથી બહાર રાખેલ અને બહાનું કાઢેલ કે તેનું શરીર વધારે છે. છેવટે ગવાસ્કરે ચેતન શર્માની ટીકા કરી કે જો શરીર જ જોવું હોય તો ફિલ્મ સ્ટારને જ ટીમમાં કેમ સિલેક્ટ નથી કરતાં ! આજે સરફરાઝ ખાન રેકોર્ડ પર રેકોર્ડ તોડે છે. અરે ભાઈ ગુજરાત હાઈકોર્ટમાં કેટલાય મુસ્લિમ વકીલોએ સરકારી વકીલ બનવા અરજીઓ આપેલ પરંતુ ૧૯૯૮થી આજ સુધી એક પણ મુસ્લિમને સરકારી વકીલ તરીકે નિમણૂક કર્યા નથી. પંકચરવાળાની કે ક્રિકેટર/ખેલાડી કે કોઈ ઉદ્યોગપતિના ઘરે ક્યારે બુલડોઝર ચઢશે કે લિંચિંગ થશે એ તો કહેવાય નહીં એટલે હવે તો પંકચરવાળા શ્વાસ લઈ શાંતિથી જીવી જાય એની જ પ્રાર્થના કરી રહ્યો છે. વળી લિંચિંગની સજા પણ ફક્ત ૭ વર્ષ સુધી રાખેલ છે જ્યારે અન્ય મર્ડર કેસમાં આજીવન કેદ (હરેન પંડ્યા મર્ડર કેસના આરોપીઓ હજુ જેલમાં જ છે).**

# ભાજપ ખેડૂતોનો 'સૌથી મોટો દુશ્મન' છે, મહારાષ્ટ્રમાં મોટા પરિવર્તનની માંગ : મલ્લિકાર્જુન ખડગે

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે દાવો કર્યો હતો કે ભાજપ મહારાષ્ટ્રના ખેડૂતોની 'સૌથી મોટી દુશ્મન' છે અને કહ્યું કે રાજ્યએ નક્કી કર્યું છે કે ડબલ એન્જિન સરકારને સત્તા પરથી હટાવવાથી જ ખેડૂતોને ફાયદો થશે. X પર હિન્દીમાં એક પોસ્ટમાં, ખડગેએ મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યાઓ પર ભાજપની ટીકા કરી અને કહ્યું કે રાજ્યને દુષ્કાળ મુક્ત બનાવવાનું વચન 'જુમલા' છે. તેમણે કહ્યું કે, 'ભાજપ મહારાષ્ટ્રના ખેડૂતોની સૌથી મોટી દુશ્મન છે. ૨૦,૦૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ખેતી માટેના ભંડોળમાં ભારે કાપ. ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના વોટર ગ્રીડનું વચન જૂઠું નીકળ્યું છે. મહારાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત બનાવવાનું વચન એ 'જુમલા' છે. ખડગેએ 'ખેડૂતોને વળતર આપવાનો ઈનકાર' કરવા બદલ ભાજપ પર પણ પ્રહારો કર્યા જ્યારે વીમા કંપનીઓ પર ૮,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. તેમણે નિકાસ પ્રતિબંધો અને ડુંગળી અને સોયાબીનના ખેડૂતો પર ઊંચી નિકાસ ડ્યુટીના ભારણ અને કપાસ અને શેરડીના ઉત્પાદનમાં ભારે ઘટાડા અંગે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા, જેના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. ખડગેએ દાવો કર્યો હતો કે રાજ્યની દૂધ સહકારી મંડળીઓ સંકટમાં છે અને સરકારે પોતે તેનો સ્વીકાર કર્યો છે. મહારાષ્ટ્રે નક્કી કર્યું છે કે ભાજપની ડબલ એન્જિન સરકારને સત્તા પરથી હટાવીને જ ખેડૂતોને ફાયદો થશે ! મહારાષ્ટ્રમાં મોટા ફેરફારની માંગ છે !' કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું.



સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં એકનાથ શિંદેની શિવસેના, ભાજપ અને અજિત પવારની આગેવાનીવાળી એનસીપીનો સમાવેશ થાય છે. વિપક્ષી સ્ફ્છમાં કોંગ્રેસ, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) અને શરદ પવારની આગેવાની હેઠળની NCP (SP)નો સમાવેશ થાય છે. ચૂંટણી પંચે ગયા મંગળવારે જાહેરાત કરી હતી કે મહારાષ્ટ્ર તેની ૨૮૮ સભ્યોની વિધાનસભાની ચૂંટણી માટે ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન કરશે. વર્તમાન મહારાષ્ટ્ર વિધાનસભાની મુદત પૂરી થવાના એક દિવસ પહેલા એટલે કે ૨૩ નવેમ્બરે મતગણતરી થશે.

# બેંગ્લુરૂના ઓટો ડ્રાઈવરે રિક્ષાની અંદર 'કન્નડ શીખો' પોસ્ટર પ્રદર્શિત કર્યું : મુસાફરોની સુવિધા માટે સ્થાનિક ભાષામાં સામાન્ય શુભેચ્છાઓની સૂચિ સોશિયલ મીડિયા પર વાયરલ

**વાત્સલ્ય નામની આ વ્યક્તિ IT સિટીમાં તેના ઓટોમાં એક પોસ્ટરને લીધે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવી ગઈ છે, તેણે ઓનલાઈન તેની તસવીર શેર કરતી વખતે તેને 'ખૂબ જ સરળ' વસ્તુ ગણાવી છે, આ પોસ્ટર વિશે વાત કરતા તેણે રાઈડ દરમિયાન ઉપયોગમાં લેવાતા સામાન્ય નિવેદનોની સૂચિ આપી છે**



(એજન્સી) તા.૨૧

બેંગ્લુરૂમાં એક ઓટોરિક્ષાની અંદર સ્થાનિક ભાષામાં સામાન્ય શુભેચ્છાઓની સૂચિ ધરાવતી 'કન્નડ શીખો' પોસ્ટરને કેપ્ચર કરતી એક X પોસ્ટ વાયરલ થઈ છે. જે લોકોને કન્નડ ભાષામાં વારંવાર વપરાતા શબ્દો જાણવા અને તેનાથી પરિચિત થવામાં મદદ કરે છે. આ પોસ્ટર ડ્રાઈવરની સીટની પાછળ મુસાફરોની સામે મૂકવામાં આવ્યું છે. તેમાં કન્નડ અને અંગ્રેજી બંને લખાણો સાથે રાખવામાં આવ્યા છે જેથી મુસાફરો તેને સરળતાથી વાંચી શકે અને જ્યારે જરૂર હોય ત્યારે તેનો ઉપયોગ કરી શકે છે. વાત્સલ્ય નામના આ વ્યક્તિ IT સિટીમાં તેના ઓટોમાં એક પોસ્ટરને લીધે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવી ગઈ છે. તેણે ઓનલાઈન તેની તસવીર શેર કરતી વખતે તેને 'ખૂબ જ સરળ' વસ્તુ ગણાવી છે. આ પોસ્ટર વિશે વાત કરતા તેમણે રાઈડ દરમિયાન ઉપયોગમાં લેવાતા સામાન્ય નિવેદનોની સૂચિ આપી છે. આ પોસ્ટરની વાત કરીએ તો તે રાઈડ દરમિયાન ઉપયોગમાં લેવાતા સામાન્ય નિવેદનોની સૂચિ ધરાવે છે. ડ્રાઈવરને નમસ્કાર કરવાથી માંડીને તેને થોડી ઝડપથી સવારી કરવાનું કહેવા સુધી, તેમાં નોંધ્યું છે કે, જો વ્યક્તિ અંગ્રેજી જાણતો હોય તો કન્નડમાં આ સંવાદો કેવી રીતે શીખીને તેનો ઉપયોગ કરી શકે છે. આ પોસ્ટર પરની પ્રથમ પંક્તિમાં 'નમસ્કાર સર' લખ્યું છે અને ત્યારબાદ તેનું અંગ્રેજી સંસ્કરણ 'હેલો સર' લખ્યું છે. નોંધનીય રીતે સમગ્ર ભાગ માત્ર અંગ્રેજી મૂળાક્ષરો અથવા વ્યાપકપણે જાણીતી લેટિન લિપિનો ઉપયોગ કરીને ખૂબ જ કાર્યક્ષમ રીતે બનાવવામાં આવ્યો છે.

**વાયરલ પોસ્ટરમાં ઉલ્લેખિત કેટલાક વાક્યો :**

નાનુ કન્નડ કાલિથા ઈદેની - હું કન્નડ શીખી રહ્યો છું સાહેબ, સ્વલ્પ બેગ હોગી - સર, થોડી ઝડપથી ચલાવો સર, યુપીઆઈ આઈડિયા ? અથવા કેશ એએ ? - શું તમે UPI સ્વીકારો છો કે માત્ર રોકડ ?

(સ્થળનું નામ) ગે હોગતિરા ? - શું તમે (સ્થળનું નામ) અહીં પર જશો ?

તેમણે શહેરમાં બિન-કન્નડ ભાષી મુસાફરોની તાજેતરની ચિંતાઓ અંગે સૂચવ્યું કે, તેમનું આ પગલું સમસ્યાના ઉકેલ તરીકે કામ કરી શકે છે. નેટિઝન્સે પેસેન્જરની સીટની સામે સરળ વાતચીતની સૂચિ મૂકવાના ઓટો ડ્રાઈવરના આ પગલાની પ્રશંસા કરી છે. એક વપરાશકર્તાએ કહ્યું કે, તમારા પ્રયત્નો માટે મારો હૃદયપૂર્વક આભાર. જય હિંદ જય કર્ણાટક. અમે હંમેશા તમારા પ્રયત્નોને સમર્થન આપીશું. આ ઓટો ડ્રાઈવર કે જેઓ ઓનલાઈન 'Aut0 Kannadiga' તરીકે લોકપ્રિય છે અને સમગ્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઘણા ફોલોઅર્સ છે. તે એક ડિજિટલ કન્ટેન્ટ સર્જક છે જે તેની દૈનિક સવારી અને જીવનના બ્લોગ સાથે ગૌરવપૂર્ણ કન્નડ વક્તા તરીકે વીડિયો શેર કરે છે. યુટ્યુબ પર તેના 3.49K સબ્સ્ક્રાઈબર્સ અને ઈન્સ્ટાગ્રામ પર એક લાખથી વધુ ફોલોઅર્સ છે.

# માનવ તસ્કરી કૌભાંડ : કેનેડિયન એજ્યુકેશન વિઝાનો ઉપયોગ લોકોને 'ગેરકાયદેસર રીતે' અમેરિકા મોકલવા માટે થાય છે

**સત્તાવાળાઓને શંકા છે કે, આ સમાન મોડસ ઓપરેન્ડી દ્વારા ઓછામાં ઓછા ૩૭૦ લોકોને અમેરિકા મોકલવામાં આવ્યા છે**

(એજન્સી) તા.૨૧

કેનેડાના મેનિટોબા પ્રાંતમાં યુએસ બોર્ડરથી અમુક મીટર દૂ, ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ગુજરાતના એક પરિવારના ચાર સભ્યો પગપાળા સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેઓ મૃત્યુ પામ્યા હતા. આ મૃત્યુ પછી ભારતીય એજન્સીઓએ તપાસ શરૂ કરી છે અને એજ્યુકેશન વિઝાના મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો છે જેનો ઉપયોગ વ્યક્તિઓને કેનેડા અને પછી ગેરકાયદેસર માધ્યમોનો ઉપયોગ કરીને યુ.એસ. મોકલવા માટે થાય છે. જગદીશ પટેલ (૩૯), તેમની પત્ની વૈશાલી (૩૭), તેમની પુત્રી વિહાંગી (૧૧) અને પુત્ર ધાર્મિક (૩)ના મૃતદેહ મળી આવ્યા હતા અને તેમની સાથેના સાત અન્ય લોકોની યુએસ બોર્ડર પેટ્રોલિંગ પોલીસે ધરપકડ કરી હતી.

**ગુજરાતમાંથી મોટાપાયે ગેરકાયદેસર માનવ તસ્કરી :** આ દુર્ઘટનાની વિગતો સામે આવ્યા પછી તરત જ ગુજરાતની ક્રાઈમ બ્રાન્ચે કેસ નોંધ્યો, ભાવેશ અશોકભાઈ પટેલ, દશરથ પ્રતાપ ચૌધરી અને યોગેશ ચુનીલાલ પટેલની ધરપકડ કરી અને મે ૨૦૨૩માં ચાર્જશીટ દાખલ કરી. તેમના વિદેશી સંબંધોની પણ તપાસ કરવામાં આવી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સહિત અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓએ તપાસ કરી હતી. યોગેશ પટેલે સપ્ટેમ્બર ૨૦૧૮માં અન્ય વ્યક્તિ સાથે કથિત રીતે મર્યાદિત જવાબદારી સાથે ભાગીદારી પેઢી શરૂ કરી હતી. તે વિદેશી શિક્ષણ પરામર્શ પ્રદાન કરે છે. તેના સહયોગીઓ સાથે, આરોપીએ ઉચ્ચ અભ્યાસ માટે ત્યાંની કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે દેખીતી રીતે કેનેડા મોકલવામાં આવતા લોકોને વિઝાની સુવિધા આપી હતી. જો કે, તેઓ ક્યારેય તે કોલેજોમાં ગયા નથી. માનવ તસ્કરો દ્વારા શિક્ષણના હેતુઓ માટે વિઝાનો આ માર્ગ બનાવવામાં આવ્યો હતો જેથી આખરે કેનેડાની સરહદ દ્વારા લોકોને યુએસ મોકલવામાં આવે. તપાસ એજન્સીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓએ યુ.એસ.માં લિંક ધરાવતા સમગ્ર નેટવર્ક માટે માથાદીઠ રૂા.૬૦ લાખનો ચાર્જ વસૂલ્યો હતો. કેનેડામાં કામ કરતો મુખ્ય આરોપી ફેનીલકુમાર કાંતિલાલ પટેલ હતો. તે તેના ભાઈ સાથે સાસ્કાચેવાન પ્રાંતમાં રહે છે. પીડિતોને સરહદ સુધી પહોંચાડવામાં પણ બિટ્ટાસિંઘ ઉર્ફે બિટ્ટુ પાજીનો હાથ હતો. એવું જાણવા મળ્યું છે કે, અધિકારીઓએ કેનેડિયન સમકક્ષો પાસેથી તેમની પૂછપરછ કરવા અને જો જરૂરી હોય તો ટ્રાયલ માટે તેમની કસ્ટડી સુરક્ષિત કરવા માટે મદદ માંગી છે.

જગદીશ પટેલ અને તેના પરિવારને ટુરિસ્ટ વિઝા પર કેનેડા મોકલવામાં આવ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. જો કે, અન્ય સાતમાંથી છ વિદ્યાર્થી વિઝા પર અને એક પ્રવાસી/વિદ્યાર્થી વિઝા પર મુસાફરી કરી હતી. વર્ષિલ પંકજભાઈ ધોબી અને પ્રિયંકા કાંતિભાઈ ચૌધરીએ એક કોલેજમાં પ્રવેશ લીધો હતો, જ્યારે અર્પિતકુમાર રમેશભાઈ પટેલે બીજી કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. કેનેડાથી અમેરિકાની ઉત્તરીય સરહદ ગેરકાયદેસર રીતે પાર કરી રહેલા ભારતીયોની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. મૃત્યુ અને મુશ્કેલીઓ છતાં ગેરકાયદેસર સ્થળાંતર વાદધિ રહ્યું છે. તપાસકર્તાઓને ૧ એપ્રિલ, ૨૦૨૦થી ૩ ડિસેમ્બર, ૨૦૨૧ના સમયગાળા માટે યોગેશ પટેલની 'એજ્યુકેશન એન્ડ ઈમિગ્રેશન, વસ્ત્રાપુર - સ્ટુડન્ટ્સ ફી એક્સ્પ (બાન)' નામની પેઢીની ખાતાવહી મળી હતી. તેમાં નામો સામે વિવિધ રકમની યાદી હતી. જેમાં લગભગ ૧૫૦ વ્યક્તિઓ હતા. અધિકારીઓને શંકા છે કે, તેમને પહેલાથી જ ગેરકાયદેસર રીતે યુએસ મોકલવામાં આવ્યા છે. એજન્સીઓએ શોધી કાઢ્યું કે, સિન્ડિકેટના એજન્ટો યુ.એસ.માં સ્થળાંતર કરવા માંગતા લોકોનો સંપર્ક કરતા અને કેનેડા સ્થિત કોલેજોમાં તેમના પ્રવેશ માટેની વ્યવસ્થા કરતા હતા. એડમિશન પેપર્સનો ઉપયોગ કરીને તેઓએ સ્ટુડન્ટ વિઝા મેળવ્યા હતા. આ ફાઈનાન્શિયલ ટ્રેલને પગલે ડિરેક્ટોરેટને જાણવા મળ્યું કે, એજન્ટો યુ.એસ.માં આવવા ઈચ્છતા લોકોના નામે બેંક એકાઉન્ટ ખોલતા અને ઓળખપત્રો પોતાની પાસે રાખતા. તે ખાતાઓમાં થર્ડ-પાર્ટી ફંડ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. ડિપોઝિટનો એક ભાગ કેનેડામાં કોલેજની ફી ચૂકવણી માટે ડેબિટ કરવામાં આવ્યો હતો, જ્યારે બાકીની રકમ (સામાન્ય રીતે રૂા.૩૦ લાખ) ફિક્સ ડિપોઝિટમાં રાખવામાં આવી હતી જેના આધારે ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું. તૃતીય પક્ષને નાણાં મોકલવા માટે ઉપયોગમાં લેવાતા ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ્સ, ફિક્સ ડિપોઝિટની પાકતી મુદ્દત પછી બંધ કરવામાં આવ્યા હતા. એજન્સીઓને શંકા છે કે, તમામ વ્યવહારો સિન્ડિકેટ સાથે જોડાયેલા હતા કારણ કે, ખાતાઓ તેના એજન્ટો દ્વારા ચલાવવામાં આવતા હતા. સ્ટુડન્ટ વિઝા પર કેનેડા લઈ જવામાં આવેલા લોકોએ ક્યારેય કોલેજમાં હાજરી આપી ન હોવાથી તેમની ફી નજીવી પ્રોસેસિંગ ચાર્જને બાદ કરીને એકાઉન્ટમાં પરત મોકલવામાં આવી હતી. તે રકમ થર્ડ પાર્ટી એકાઉન્ટમાં પણ ટ્રાન્સફર કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, ૭ સપ્ટેમ્બર, ૨૦૨૧થી ૯ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં ગુજરાતના વિદ્યાર્થીઓ વતી કેનેડાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ૮૫૦૦ જેટલા વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ ૮૫૦૦ વ્યવહારોમાંથી લગભગ ૪૩૦૦ ડુપ્લિકેટ નામોથી સંબંધિત છે. વધુમાં કંપનીએ કેનેડાની કોલેજોમાંથી લગભગ ૬૭૦ વ્યવહારો દ્વારા ફંડ/ફી પછી મેળવી હતી. તેમાંથી ૩૦૦ જેટલા વ્યવહારો ડુપ્લિકેટ નામોથી સંબંધિત છે. એવી શંકા છે કે, જેઓ કોલેજમાં જોડાયા ન હતા તેમને પરત કરવામાં આવેલી ફી પરત મળેલી રકમ હતી. આ જ મોડસ ઓપરેન્ડી દ્વારા ઓછામાં ઓછા ૩૭૦ લોકોને યુ.એસ.માં મોકલવામાં આવ્યા હોવાની આશંકા છે. તેમાંથી ૪૧ વ્યક્તિઓ છે જેમના નામ નાણાકીય સેવા પ્રદાતા અને કન્સલ્ટન્સી ફર્મ બંનેના રેકોર્ડમાં છે. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ યુએસ બોર્ડર પોલીસે સ્ટીવ શેન્ડની પણ ધરપકડ કરી હતી, જે તસ્કરી કરનારાઓને સલામત રીતે લઈ જતો હતો, 'ડર્ટી હેરી' નામના એક માણસે તેને આ કામ માટે રાખ્યો હતો. યુએસ પોલીસે આખરે આ ફેબ્રુઆરીમાં હર્ષકુમાર રમણલાલ પટેલ નામના વ્યક્તિની ધરપકડ કરી હતી.

# મ્યાંમારમાં યુદ્ધ અને નરસંહારથી બચવા માટે નાસી રહેલા લોકોની બોટ ઊંધી વળી જતા સાતનાં મોત અને ૩૦ લોકો લાપતા

(એજન્સી) બેંગકોક, તા.૨૧

મ્યાંમારમાં યુદ્ધથી બચવા માટે નાસી રહેલા ગ્રામજનો સહિતના કેટલાક ઉતારૂઓની એક બોટ આંદામાન સમુદ્રમાં ઊંધી વળી જતા સાત લોકોનાં મોત થયા હતા અને અન્ય ૩૦ લાપતા થયા હોવાનું જાહેર થયું છે. બચાવકાર ટુકડીઓએ લગભગ ૩૦ જેટલા લોકોને તો બોટમાંથી બચાવી લીધા હતા પરંતુ બીજા એટલા જ ગુમ થઈ ગયા છે આ બોટ મ્યાંમારના દક્ષિણ પ્રદેશના મીત શહેર પાસે અંદાજના દરિયામાં ડૂબી ગઈ હતી ત્યારે બોટમાં ૭૦થી ૭૫ લોકો હતા તેમ બચાવમાં જોડાયેલા ગ્રામજનોએ જણાવ્યું હતું. યુદ્ધથી બચવા માટે આ લોકો દેશના કાયુક કાર વિસ્તાર અને આસપાસના ગામોમાંથી બચીને નાસી રહ્યા હતા અને બોટમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે બોર્ડ પલટી મારી ગઈ હતી. ૩૫થી ૪૦ લોકોની ક્ષમતા હોય છે પણ ૭૦થી ૭૫ લોકો ભરાયેલા હતા આથી બોટ ઊંધી વળી ગઈ હતી. દેશના સૌથી મોટા શહેર યંગોનથી ૩૨૦ દૂર કાર વિસ્તાર આવેલો છે જ્યાં મ્યાંમારના લશ્કર અને ગેરીલાઓ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે એટલે લોકો બચવા માટે ત્યાંથી નાસી રહ્યા હતા. આ સમગ્ર વિસ્તારમાં યુદ્ધને કારણે અત્યાર સુધીમાં ૫૮,૦૦૦ લોકો વિસ્થાપિત થઈ ગયા છે અને ૨૦ જેટલા નાગરિકો માર્યા ગયા છે.

# ભાજપની મહારાષ્ટ્ર ચૂંટણી માટે પ્રથમ યાદીમાં અશોક ચવ્હાણની દીકરી શ્રીજયાને ફડણવીસ અને બાવનકુલે સાથે સ્થાન

(એજન્સી) તા.૨૧

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે રવિવારે ૯૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં ૭૧ વર્તમાન ધારાસભ્યોને ટિકિટ મળી છે. તે જ સમયે, યાદીમાં ૧૩ મહિલા ઉમેદવારોના નામ સામેલ છે. પાર્ટીએ એકનાથ શિંદે સરકારમાંથી ૧૦ મંત્રીઓને પણ મેદાનમાં ઉતાર્યા છે. પૂર્વ સીએમ અશોક ચવ્હાણની પુત્રી શ્રીજયા ચવ્હાણને નાંદેડના ભોકરથી ટિકિટ આપવામાં આવી છે. રાજ્યસભા સાંસદ ધનંજય મહાડિકના નાના ભાઈ અમલ મહાડિકને કોલ્હાપુર દક્ષિણ બેઠક માટે ટિકિટ આપવામાં આવી છે. પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં ચંદ્રપુરથી હારી ગયેલા મંત્રી સુધીર મુનગંટીવાર અને ઉત્તર-પૂર્વ મુંબઈથી હારેલા ધારાસભ્ય મિહિર કોટેચાને પણ ટિકિટ આપી છે. સૂત્રોના જણાવ્યાં અનુસાર ભાજપને ૧૫૫-૧૬૦ બેઠકો મળવાની આશા છે. શિંદે શિવસેના ૮૫-૯૦ બેઠકો પર અને NCP (અજિત પવાર) જૂથ ૫૦ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને છઠ્ઠી વખત વિધાનસભા ચૂંટણીની ટિકિટ મળી છે. પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે, મંત્રી ગિરીશ મહાજન, સુધીર મુનગંટીવાર, રવિન્દ્ર ચવ્હાણ, મંગલ પ્રભાત લોઢા, વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર, ચંદ્રકાંત દાદા પાટીલ અને રાધાકૃષ્ણ વિખે પાટીલના નામ યાદીમાં સામેલ છે. મોટી સંખ્યામાં ભાજપના નેતાઓના બાળકો અને પરિવારના સભ્યોને પણ ટિકિટ આપવામાં આવી છે. આમાનું એક નામ પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણની પુત્રી શ્રીજયા ચવ્હાણનું છે, જેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. અશોક ચવ્હાણ મરાઠાવાડાના મોટા મરાઠા નેતા છે. ભાજપમાં જોડાયા બાદ તેમને રાજ્યસભાનું સભ્યપદ આપવામાં આવ્યું છે. મુંબઈ ભાજપના અધ્યક્ષ આશિષ શેલાર અને તેમના ભાઈ વિનોદ શેલારને પણ મલાડ પશ્ચિમ બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે. પોલીસ સ્ટેશનમાં જઈને ગોળીબાર કરનાર કલ્યાણ પૂર્વના ધારાસભ્ય ગણપત ગાયકવાડની પત્ની સુલભા ગાયકવાડને ટિકિટ આપવામાં આવી છે. વરિષ્ઠ નેતા નારાયણ રાણેના ધારાસભ્ય પુત્ર નીતિશ રાણેને કોંકણની કનકવલી બેઠક પરથી ફરી તક આપવામાં આવી છે. નારાયણ રાણેના મોટા પુત્ર નિલેશ રાણેને શિવસેના (શિંદે) તરફથી ટિકિટ મળવાની આશા છે. પ્રથમ યાદીમાં વિદર્ભના ૨૩, ઉત્તર મહારાષ્ટ્રના ૧૯, મરાઠવાડાના ૧૬, મુંબઈના ૧૪ નામ સામેલ છે.

# લોકશાહીની કસોટી : PhD સ્કોલર ઉમર ખાલિદ ૧૫૦૦ દિવસથી ટ્રાયલ વિના જેલમાં છે અને તેના માટે જામીન અપવાદ બની ગયો છે

**સ્વતંત્રતા વિશે ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્દેશો હોવા છતાં તેના મુક્ત પ્રવચનને લીધે તેઓ જેલમાં છે**

(એજન્સી) તા.૨૧

ગયા મહિને અનુબ્રત મંડલને ચૂંટણી દરમિયાન ગુંડાગીરી અને બંગાળમાં પશુઓની દાણચોરીના રેકેટમાં કથિત સંડોવણી માટે તિહાર જેલમાં બે વર્ષ પછી દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે જામીન આપ્યા હતા. શુક્રવારે AAP નેતા અને દિલ્હીના મંત્રી સત્યેન્દ્ર જૈનને તે જ જેલમાં બે વર્ષ વિતાવ્યા બાદ તે જ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા પણ સપ્ટેમ્બર ૨૦૨૦માં દિલ્હી પોલીસે ધરપકડ કરી ત્યારથી PhD વિદ્વાન ઉમર ખાલિદ ૧૫૦૦ દિવસથી ટ્રાયલ વિના જેલમાં છે. ઉમરના ભાગીદાર બાનોજ્યોત્સના લાહિરીએ લખ્યું કે, ૧૫૦૦ દિવસમાં કોઈ વ્યક્તિ ગ્રેજ્યુએશન પૂર્ણ કરી શકે છે, નોકરીમાં આગળ વધવા માટે અનુભવો મેળવી શકે છે, કિશોરો પુખ્ત બની શકે છે, વૈજ્ઞાનિક પ્રયોગો નિષ્કર્ષ પર આવી શકે છે. ૧૫૦૦ દિવસ એ ખૂબ લાંબો સમય છે. ઉમર અને અન્ય કેટલા સમય સુધી જેલમાં છે અને તે પીએન ટ્રાયલ વિના અને જામીન વિના. સોમવારે ઉમરની જેલવાસના ૧૫૦૦મા દિવસે ઘણા નેટિઝન્સ અને કાર્યકરોએ ઉમર ખાલિદને મુક્ત કરવાની માંગ ઊઠાવી છે. X પર લાહિતીની પોસ્ટને ફરીથી પોસ્ટ કરનારાઓમાં ઈતિહાસકાર રામચંદ્ર ગુઆ પણ હતા. જે દિવસે AAPના સત્યેન્દ્ર જૈનને દિલ્હી કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા, તે દિવસે એક ખાનગી મીટિંગમાં બંગાળના ભાજપના ટોચના નેતાએ જામીન પર સ્પષ્ટપણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા કહ્યું કે, જામીન એ નિયમ છે, અપવાદ નથી. અનુબ્રત મોંડલે બે વર્ષ જેલના સળિયા પાછળ વિતાવ્યા હતા. તેના કેસમાં મહત્તમ સજા છ વર્ષ સુધીની છે. સીબીઆઈએ તેની તપાસ પૂર્ણ કરવી જોઈએ અને કેસ ટ્રાયલ પર જવો જોઈએ પણ ઉમર માટે જામીન અપવાદને એક વાર નહીં પરંતુ ૧૪ વખતથી નકારવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડના સમયમાં ઉમર ખાલિદ અને એલ્ગાર સેવન હજુ પણ જેલમાં છે પરંતુ જગ્ગી અને રામ રહીમ નથી. તેઓને પેરોલ મળે છે અને તે ખરેખર જેલમાં નથી.સમાજના વિવિધ વર્ગોના લોકો ઉમર અને દિલ્હી રમખાણોના અન્ય આરોપીઓને જામીન આપવાના સતત ઈન્કાર તરફ ન્યાયતંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. વકીલ-કાર્યકર પ્રશાંત ભૂષણે એક મહિના પહેલા તેના X હેન્ડલ પર લખ્યું હતું કે, ઉમર ખાલિદ ચાર વર્ષથી ટ્રાયલ વિના જેલમાં છે. તેની સામેના આરોપો વાહિયાત છે. શું જામીનનો હુકમ નિયમ તરીકે જેલ અપવાદ તેને લાગુ પડતો નથી, ખાસ કરીને જ્યારે વાજબી સમયમાં સુનાવણી પૂરી થવાની કોઈ શક્યતા ન હોય. તે ન્યાયતંત્ર પર એક મોટો ડાઘ છે.એક્ટિવિસ્ટ કવિતા ક્રિશ્નને અગાઉ એક વીડિયો સંદેશમાં ઉમરના જામીન અને ટ્રાયલના ઈન્કારને લોકશાહીની કસોટી ગણાવી હતી. જ્યારે અંગ્રેજો સત્તામાં હતા, ત્યારે તેઓ કોઈની પણ ધરપકડ કરતા અને રાજદ્રોહના આરોપમાં જેલના સળિયા પાછળ ધકેલી દેતા. સ્વતંત્રતા પછી દરેક નાગરિકને તેમના અધિકારો મળ્યા છે. કદાચ લોકો ભૂલી ગયા છે કે, ઉમરની ધરપકડ થયાને ચાર વર્ષ વીતી ગયા છે.કોર્ટે કહ્યું છે કે, તેઓએ કોઈને ઉશ્કેર્યા નથી, તેઓ માત્ર લોકોને વિરોધ કરવા માટે કહી રહ્યા હતા. આતંકવાદી પ્રવૃત્તિનો કોઈ પ્રશ્ન જ ન હતો. તેમ છતાં તેઓને કહેવાતા આતંકવાદ વિરોધી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. UAPA કેસમાં જામીન મેળવવું લગભગ અશક્ય છે. તે જામીન અને ટ્રાયલ નામંજૂર સાથે શરૂ થાય છે. લોકશાહીમાં કોઈને દોષ સાબિત થયા વિના ચાર વર્ષ સુધી જેલના સળિયા પાછળ રાખી શકાય ? આ લોકશાહી માટે એક કસોટી છે. ગયા મહિને એક કાર્યક્રમમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા જે નરેન્દ્ર મોદી સરકારના ટીકાકાર છે તેમણે કહ્યું કે, હું હિંદુ છું, તેથી હું અહીં તમારી સામે બોલું છું. જો હું મુસ્લિમ હોત તો હું ઉમર ખાલિદ અને અન્ય લોકોની જેમ ફોટામાં હોત. તપાસ એજન્સીએ એક નાણાકીય સેવા કંપનીને પણ શૂન્ય કરી હતી જેના દ્વારા કેનેડિયન કોલેજોને ફી ચૂકવવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, ૭ સપ્ટેમ્બર, ૨૦૨૧થી ૯ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં ગુજરાતના વિદ્યાર્થીઓ વતી કેનેડાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ૮૫૦૦ જેટલા વ્યવહારો કરવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં ૨૦૨૦ના રમખાણોમાં ઉમર પર 'ચાવીરૂપ કાવતરાખોર' હોવાનો આરોપ મૂક્યો હતો. દિલ્હી પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા ૨૦ લોકોમાં તે છેલ્લો હતો. શરજીલ ઈમામની પણ ધરપકડ કરવામાં આવી હતી, જે નાગરિકતા કાયદા સામે શાહીનબાગ વિરોધ પ્રદર્શનના આગેવાનોમાંના એક હતા. દિલ્હી પોલીસે ઉમર વિરુદ્ધ બે કેસ દાખલ કર્યા હતા, જેમાંથી એકને રદ કરવામાં આવ્યો હતો અને બીજામાં તેના પર આરોપ લગાવવાના બાકી છે.બે વર્ષ પહેલાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ, ત્રણ નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશો અને પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવે ઉમર વિરુદ્ધ UAPA કેસની તપાસ કરી અને અવલોકન કર્યું કે, તેઓ આતંકવાદના આરોપો માટે કોઈ પૂરતા પુરાવા શોધી શક્યા નથી.

દક્ષિણ ગુજરાત ડ્રગ્સના કારોબારનું બનતું હબ ! વધુ એકવાર મોટો જથ્થો ઝડપાયો

# અંકલેશ્વર અને સુરત પોલીસના સંયુક્ત ઓપરેશનમાં રૂા.૨૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

## ૧૪૧ ગ્રામ M.D. ડ્રગ્સ તથા ૪૨૭ કિ.ગ્રા. શંકાસ્પદ ડ્રગ્સ કબ્જે : FSLમાં તપાસ અર્થે મોકલાવ્યું

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર/સુરત, તા.૨૧

અંકલેશ્વર GIDCમાંથી ફરી એકવાર ડ્રગ્સનો કાળો કારોબાર ઝડપાયો છે. સુરત અને ભરૂચ પોલીસે ૨૦ ઓક્ટોબરની મોડીરાત્રે સંયુક્ત ઓપરેશન હાથ ધરી અવસર એન્ટરપ્રાઈઝમાંથી ૨૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. પોલીસે ૧૪.૧૦ લાખનું ૧૪૧ ગ્રામ ડ્રગ્સ કબજે કર્યું છે. અન્ય ૪૨૭ કિલો ડ્રગ્સનો જથ્થો હાલ ચકાસણી અર્થે FSLમાં મોકલવામાં આવ્યો છે. પોલીસે કંપની સંચાલક વિશાલ પટેલ સહિત અન્ય ૨ આરોપીની પણ ધરપકડ કરી છે, જ્યારે કંપનીનો માલિક વિદેશમાં હોવાની જાણકારી મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અંકલેશ્વર GIDCમાંથી ૧૩મી ઓક્ટબરે આવકાર ડ્રગ્સ નામની ફેક્ટરીમાંથી ૫,૦૦૦ કરોડનું ૫૧૮ કિલો કોકેન ઝડપાયું હતું. ત્યારે હવે આવકાર ફેક્ટરીથી માત્ર દોઢ કિલોમીટર દૂર અવસર ફેક્ટરીમાંથી ૨૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે. જો કે આ ડ્રગ્સ ઝડપાવાની લિંક સુરતના વેલંજામાંથી મળી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચે સુલંજામાંથી ૨ કરોડનું ૨૧૦૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું અને ત્રણ લોકોની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેમણે આ જથ્થો અંકલેશ્વરથી લઈને આવ્યા હતા, જેથી તપાસમાં અંકલેશ્વરની લિંક બહાર આવતાં પોલીસે ત્યાં પણ તપાસ કરી હતી. આમ અંકલેશ્વરમાં તપાસ કરતાં અવસર એન્ટરપ્રાઈઝમાંથી ડ્રગ્સ મળ્યું હતું. અંકલેશ્વર જીઆઈડીસીની અવસર એન્ટરપ્રાઈઝ કંપનીમાં ૧૮ કલાક બાદ પોલીસની તપાસ પૂર્ણ થઈ છે. પોલીસ કંપની સંચાલક વિશાલ



સુરતના વેલજાગામ પાસે ડિલિવરી કરવા જતાં ત્રણ પકડાયા

પટેલને લઈ સુરત જવા રવાના થઈ ગઈ છે. અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઈઝમાંથી પોલીસે કરોડો રૂપિયાનું ડ્રગ્સનું શંકાસ્પદ રો-મટીરિયલ ઝડપી પાડ્યું છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચ, ગ્રામ્ય SOG દ્વારા સંયુક્ત ઓપરેશન કરી મોટી માત્રામાં એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અંકલેશ્વરથી સ્કોડા કાર નંબર GJ ૧૬ DK ૩૨૯૯માં ડ્રગ્સનો જથ્થો લઈને જઈ રહ્યા હતા, જેની જાણકારી સુરત ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. પોલીસ રાજ હોટલથી વેલંજા તરફ જતા રોડ પરથી કારને ઝડપી પાડ્યો છે. આ કારમાંથી મોન્ટુ પટેલ, વિરાટ પટેલ અને વિપુલ પટેલની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે તેમની પાસેથી ૨૧૦૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો કબજો કરી કાયદેસરની કાર્યવાહી ધરી છે. આરોપીઓ પાસેથી ત્રણ મોબાઈલ પણ મળ્યા હતા.

આ સમગ્ર મામલે સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચની ઘણા દિવસોથી અલગ અલગ પ્રકારના ડ્રગ્સના રેકેટ અને કાર્ટેલ્સ તેમજ ડ્રગ્સ સપ્લાય કરનાર લોકો પર નજર હતી. ઘણા બધા કેસ કરવામાં આવ્યા છે. અમે આ કેસમાં લિંક શોધી રહ્યા હતા. ક્યાંથી કઈ કાર્ટેલ કામ કરે છે, કઈ રીતે બનાવે છે, ક્યાં સપ્લાય કરવામાં આવે છે. એના ભાગરૂપે સુરત ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી. સુરત ગ્રામ્યના વેલંજા ગામથી ત્રણ લોકોની લોકોની ધરપકડ કરવામાં આવી છે. બે કિલોથી પણ વધુ એમડી ડ્રગ્સના જથ્થા કબજે કરાયો છે. જ્યારે ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં પોલીસની મદદથી ત્યાં પણ અત્યારે અમે સર્ચ કર્યું હતું. અમને કેટલોક મુદ્દામાલ મળ્યો છે. એના આધારે એફએસએલમાં ચકાસણી કરવામાં આવશે કે એ કયા સ્ટેજમાં છે, કારણ કે ડ્રગ્સ બનાવવાનાં ચાર સ્ટેજ હોય છે. આ મામલે રાજ્યના ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે સુરત પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૨૧૦૦ ગ્રામ ડ્રગ્સ પકડવામાં સફળતા મળી છે. સુરત જિલ્લામાંથી ડ્રગ પકડ્યા બાદ એની ટેલ ભરૂચ જિલ્લા સુધી પહોંચી છે જ્યાં ઓપરેશન ચાલુ છે. સુરત પોલીસ દ્વારા કામગીરી ખૂબ જ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે. અનેક દિવસોથી સુરત પોલીસ દ્વારા વોચ રાખવામાં આવી રહી હતી. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરની આવકાર ડ્રગ્સ નામની ફેક્ટરીમાંથી ૧૩ ઓક્ટોબરના રોજ ૫,૦૦૦ કરોડનું ૫૧૮ કિલો કોકેન ઝડપાયું હતું. આ મામલે પોલીસે મોડીરાત્રે કંપનીના ૩ ડિરેક્ટર સહિત કુલ ૫ લોકોની ધરપકડ કરી હતી. પોલીસે મોડીરાત્રે કંપનીના ડિરેક્ટર અશ્વિન રામાણી, બ્રિજેશ કોઠિયા, વિજય ભેસાણિયા તેમજ અન્ય ૨ કેમિસ્ટની ધરપકડ કરી હતી. આ પાંચેય આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે આરોપીઓના ૭૨ કલાકના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

### દિલ્હી અને મુંબઈમાં ડ્રગ્સ સપ્લાય કરવા અંકલેશ્વર બન્યું એપી સેન્ટર

અંકલેશ્વર, તા.૨૧ : અંકલેશ્વર GIDCની આવકાર ડ્રગ્સ બાદ અવસર એન્ટરપ્રાઈઝમાંથી નશાનું ઉત્પાદન ઝડપાયા બાદ જાણે અંકલેશ્વર દિલ્હી અને મુંબઈ માટે ડ્રગ્સ બનાવી સપ્લાય કરવાનું એપી સેન્ટર બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. સુરતનાં વેલંજા ગામ રંગોલી ચોકડી નજીકથી ૨ કિલોથી વધુ MD ડ્રગ્સ અને અંકલેશ્વર GIDCમાં આવેલ અવસર એન્ટરપ્રાઈઝ ફેક્ટરીમાંથી દોઢસો ગ્રામ એમ.ડી.ડ્રગ્સ તથા ૪૩૦ કિલો જેટલા શંકાસ્પદ માદક પદાર્થના જથ્થા સાથે ૪ આરોપીઓને બે કરોડથી વધુનાં ડ્રગ્સ સાથે પકડી લેવાયા છે. ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ સુરત ક્રાઈમ બ્રાંચ સુરત ગ્રામ્ય અને ભરૂચ SOG એ કર્યો છે.

૧૬મા કેન્દ્રીય નાણા પંચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત લેતા પંચના અધ્યક્ષ ડો. અરવિંદ પનગઢિયાએ વ્યક્ત કર્યો વિશ્વાસ

# ગુજરાત ભારતનું પ્રથમ દક્ષિણ કોરિયા, તાઈવાન બનવા માટે તૈયાર થઈ રહ્યું છે

## રાજ્યની એફિશિયન્સી અને આઉટકમ્સ દર્શાવતા પર્ફોર્મન્સ ઈન્ડિકેટર પર ધ્યાન આપવા સહિતના સૂઝાવો મુખ્યમંત્રીએ રજૂ કર્યા

## ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ આખરી કરતા પહેલાં પંચ રાજ્યોની મુલાકાતે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં ફાયનાન્સ કમિશન સાથેની બેઠકમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે ગુજરાત જેવાં જે રાજ્યો ફિસ્કલ પ્રુડન્ટ ડિસિપ્લિન્ડ રીતે જાળવે છે તેમને આ માટે કમિશન દ્વારા રીવોર્ડઝ મળવા જોઈએ. આના પરિણામે આવા રાજ્યોના જવાબદાર નાણાં વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ ખર્ચને ઓળખ મળશે એટલું જ નહીં, અન્ય રાજ્યો પણ આ માટે પ્રેરિત થશે. ફાયનાન્સ કમિશન તારીખ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના ઉપલબ્ધ કરાવવાનું છે. આ સંદર્ભમાં અહેવાલ આખરી કરતાં પહેલાં રાજ્યોની મુલાકાત લઈને સંબંધિત રાજ્યો સાથે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરવા ૧૬મું ફાયનાન્સ કમિશન ગુજરાતની મુલાકાતે આવેલું છે. આયોગના અધ્યક્ષ ડો. અરવિંદ પનગઢિયા તથા સભ્યોએ ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અગ્ર મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @ ૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની સજ્જતાની પ્રભાવક ભૂમિકા આ બેઠકમાં રજૂ કરી હતી. મુખ્યમંત્રીએ આ માટેના મહત્વાકાંક્ષી લક્ષ્યોને સિદ્ધ કરવા કેન્દ્ર સરકારના ઉચિત સંસાધન અને સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. ફાયનાન્સ કમિશને આ હેતુસર એફિશિયન્સી અને આઉટકમ્સ દર્શાવતા પર્ફોર્મન્સ ઈન્ડિકેટર પર વધુ ધ્યાન આપવું જોઈએ એવો સુઝાવ તેમણે કમિશન સમક્ષ રજૂ કર્યો હતો. મુખ્યમંત્રીએ ભૂપેન્દ્ર પટેલે અન્ય એક મહત્વપૂર્ણ પહેલુ પ્રત્યે ફાયનાન્સ કમિશનનું ધ્યાન દોરતા કહ્યું કે ગુજરાતમાં જે વિશિષ્ટ પરિસ્થિતિ છે તેને પણ આયોગે ફંડિંગ ફાળવણીમાં ધ્યાને લેવી જરૂરી



છે. જેમાં એક તરફ શહેરીકરણ તેજીપૂર્વક વધી રહ્યું છે તો બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં વસતા આદિજાતિ સમુદાયોની પણ પોતાની અલગ અલગ જરૂરિયાતો અને આવશ્યકતાઓ છે. ફાયનાન્સ કમિશનના યોગ્ય સહયોગ અને સમર્થનથી જ આવી આવશ્યકતાઓ પર ધ્યાન આપીને દેશના વિકાસમાં ગુજરાત પ્રભાવી યોગદાન આપી શકશે એમ તેમણે જણાવ્યું હતું. ફાયનાન્સ કમિશન દ્વારા ગુજરાતને મળનારા લાભ આ વાસ્તવિકતાઓને કેન્દ્રમાં રાખીને મળે તેમ જ રાજ્યની મહત્વાકાંક્ષા અને આવશ્યકતા સાથે તાલમેલ સાધી તેને પૂરાં કરી શકે તેવા હોય એવી ભારપૂર્વક રજૂઆત કરતા તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે પાછલા બે દશકમાં અસાધારણ વિકાસ કર્યો છે. ૨૦૦૧માં દેશના જીડીપીમાં ૬ ટકાથી વધુ યોગદાન આપનારૂ ગુજરાત આજે ૮.૫ ટકાથી વધુ યોગદાન આપે છે. ફાયનાન્સ કમિશનના અધ્યક્ષ ડૉ. અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૬ ટકા જેટલો રહ્યો છે તેની સામે ગુજરાતનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૮.૫ ટકાનો છે. ડૉ. પનગઢિયાએ ગુજરાતની મેન્યુફેક્ચરિંગ સ્ટેટ તરીકે વિકાસની સ્ટ્રેટેજીને યોગ્ય ગણાવતા ઉમેર્યુ કે, ગુજરાત ભારતનું પ્રથમ દક્ષિણ કોરિયા, તાઈવાન બનવા માટે તૈયાર થઈ રહ્યું છે. તેમણે ગુજરાત સરકારે કરેલા પ્રેઝન્ટેશનમાં સુરત ઈકોનોમિક રિજીયન મોડેલ તથા ડિસ્કોમની પણ પ્રસંશા કરી અન્યો માટે પથદર્શક ગણાવ્યા હતા. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, ફાયનાન્સ કમિશને નેશનલ ગોલ્સ એટલે કે, રિન્યુએબલ એનર્જી, ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેનેબિલિટી જેવા એરિયામાં પર્ફોર્મન્સના આધારે રાજ્યોને રીકગનાઈઝ કરવા જોઈએ.

### નાણા પંચ સમક્ષ ગુજરાત સરકાર તરફથી પ્રસ્તાવ કરાયા

રાજ્યોને મળતા હિસ્સામાં વધારો કરવો રાજ્યો શિક્ષણ અને આરોગયસંભાળ જેવા અતિ મહત્વના ક્ષેત્રોમાં ખર્ચની પ્રાથમિક જવાબદારી ઉઠાવે છે ત્યારે વિભાજ્ય ખુલમાંથી રાજ્યોને વહેંચવાનો હિસ્સો પ્રવર્તમાન ૪૧ ટકા છે જે વધારીને ૫૦ ટકા કરવામાં આવે

- સમાનતા અને કાર્યક્ષમતા વચ્ચે સંતુલનઃ રાજ્યોને મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે વધુ સંસાધનોની જરૂર પડે છે. આવકનું અંતર રાજ્યો વચ્ચે આવકની ફાળવણી માટે મહત્વનું પરિબળ ગણી શકાય. નોંધપાત્ર આર્થિક પ્રગતિ કરનાર ગુજરાત માટે દેખાવના માપદંડોમાં વધારો કરવા જરૂરી પ્રોત્સાહન મળવું આવશ્યક છે.
- વધતું શહેરીકરણઃ રાજ્યોને ટકાઉ શહેરી માળખાકીય સુવિધાઓ વિકસાવવા અને તેમના નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવાઓ પહોંચાડવા માટે ગુજરાત જેવા વધુ શહેરીકરણ ધરાવતા રાજ્યો માટે નોંધપાત્ર સંસાધનોની જરૂર છે. આથી હોરીઝોન્ટલ ડિવોલ્યુશન (રાજ્યો વચ્ચે આવકની વહેંચણી)ના ઘટક તરીકે શહેરીકરણનો સમાવેશ કરવાની દરખાસ્ત
- સેકટર સ્પેશિફિક (વિશેષ ક્ષેત્રોમાં) અનુદાન : વિશેષ ક્ષેત્રો જેવા કે રીન્યુએબલ એનર્જી, ટુરિઝમ, ડીઝાસ્ટર (ફલડ, હીટવેવ, સાયકલોન વગેરે) પર વધુ ભારાંક આપવામાં આવે અને સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ, ન્યુટ્રીશન વગેરે માટે વિશેષ જોગવાઈ સુનિશ્ચિત થાય.
- વ્યાપક સમાનતા આધારિત સૂચકાંકોમાં બહુપરિમાણીય ગરીબી સૂચકાંકનો સમાવેશ : રાજ્યો વચ્ચે આવકની વહેંચણીના માપદંડ તરીકે બહુપરિમાણીય ગરીબી સુચકાંકનો સમાવેશ કરવાથી સમાનતામાં સુધારો થશે ગરીબીના વિવિધ પાસાઓનો સામનો કરવા માટે એક સર્વગ્રાહી પદ્ધતિ પ્રદાન થશે.
- રાષ્ટ્રીય જીડીપીમાં યોગદાનનો સમાવેશ : ઉચ્ચ આર્થિક યોગદાન ધરાવતા રાજ્યો સામે ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણને કારણે પર્યાવરણને થતા નુકસાન અને માળખાગત સુવિધા પર વધુ ભારણ જેવા પડકારો છે ત્યારે ટેકસની આવકની વહેંચણીમાં જીડીપી યોગદાનને ગણતરીમાં લેતા આવા આર્થિક રીતે પ્રગતિ કરવા માટે વધુ સંસાધનો મેળવી શકે છે.
- સાતત્યપૂર્ણ વિકાસનું મહત્વ : લાંબા ગાળાના વિકાસ અને પર્યાવરણીય સ્થિતિસ્થાપકતાને ઉત્તેજન આપવા માટે રાજ્યોને મળતા હિસ્સાના વિનિમયમાં મુખ્ય માપદંડ તરીકે ટકાઉપણાનો સમાવેશ કરવો જરૂરી છે.
- રાજકોષીય સમજદારી પર ધ્યાન કેન્દ્રીત કરવું : ગુજરાત રાજ્ય દ્વારા રાજ્યો વચ્ચે વધુ નાણાકીય જવાબદારીને પ્રોત્સાહિત કરવા માટે મહેસુલ ખાદ્ય અનુદાનને તબક્કાવાર બંધ કરવાની ભલામણ કરવામાં આવી.

ઈકો સેન્સિટીવ ઝોન સામે દિવસે દિવસે વધતા વિરોધ વચ્ચે સરપંચોનું સંમેલન યોજાયું

# સૌરાષ્ટ્ર પંથકમાં ઉગ્ર બનતો વિરોધ : ભાજપની સરકાર સામે હવે પક્ષના સાંસદ મેદાનમાં !

## ભાજપના સાંસદે વિરોધનું નેતૃત્વ લેતા આપ્યું નિવેદન : મારા માટે 'પહેલા ખેડૂત અને પછી પદ'

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૧

૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેન્દ્ર સરકારે 'ગીર રક્ષિત વિસ્તાર'ના આજુબાજુનો કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું, જેમાં ૩ જિલ્લાનાં ૧૯૬ ગામ, ૧૭ નદીનો સમાવેશ કરાયો હતો. આ કાયદો રદ કરવાની માગ સાથે તાલાલા તાલુકા ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના સરપંચથી સાંસદ સુધી ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓનું સંમેલન તાલાલા માર્કેટિંગ યાર્ડમાં યોજાયું હતું.

આ સંમેલનમાં સોરઠના સાંસદ, જિલ્લા ભાજપ પ્રમુખ, વિસાવદરના પૂર્વ ધારાસભ્ય સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢના ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાએ કહ્યું કે, ૨૦૧૬માં આ વિસ્તાર કોંગ્રેસ બહુમતીવાળો હતો. ત્યારે પણ હું ખેડૂતોની સાથે રહી ઈકો ઝોન સામે સરકારમાં રજૂઆતો કરી હતી. આજે પણ મારા માટે પહેલા ખેડૂત અને પછી પદ છે. હું રજૂઆત કરવા માટે ગાંધીનગર પણ જઈશ. પ્રજા અને ખેડૂતોની માગણીનો પ્રત્યુત્તર આપતા સાંસદે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૬માં સરકારે ઈકો ઝોનની જે દરખાસ્ત મોકલી હતી તે રદ થયા પછી ૨૦૨૪માં ફરી જાહેરનામું બહાર પડ્યું હતું. ઈકો સેન્સિટિવ ઝોન માટે આ વિસ્તારનું પ્રતિનિધિ મંડળ બનાવી ઈકો ઝોન સામે સરકારમાં રજૂઆત કરવા ગાંધીનગર જશે તો આ પ્રતિનિધિ મંડળમાં હું પણ સામેલ થઈ ખેડૂતો માટે રજૂઆત કરીશ. જાહેરનામાં સામે ૬૦ દિવસમાં વાંધા રજૂ કરવા સમય આપ્યો છે. ઈ-મેલ દ્વારા હું મારો વાંધો પણ રજૂ કરીશ. બધાએ સમયમર્યાદામાં જાહેરનામા સામે વાંધા રજૂ કરવા ઉપર સાંસદે ભાર મૂક્યો હતો.

વિસાવદરના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને ખેડૂત નેતા હર્ષદ રીબડિયાએ જણાવ્યું હતું કે, ગીર અમારૂં ગૌરવ છે, સિંહ અમારી શાન છે. પ્રજા અને ખેડૂતો સિંહોનું વધુ રખોપું કરે છે. તાલાલા તાલુકા ભારતીય કિસાન સંઘના પ્રમુખ પ્રવીણ છોડવડિયાએ જણાવ્યું હતું કે, તાલાલા પંથકમાં ઈકો ઝોન લગાવવા પ્રસિદ્ધ થયેલ જાહેરનામાં સામે ઈ-મેઈલ દ્વારા વાંધા રજૂ કરવા સમય મર્યાદામાં ઠેર ઠેરથી ઈમેલ થઈ રહ્યા છે. આગામી દિવસોમાં નોંધપાત્ર વધારો થાય માટે ઈ-મેઈલ ડે ઉજવાશે. આ માટે ભારતીય કિસાન સંઘના કાર્યકરો ગામડે ગામડે જશે. હજારોની સંખ્યામાં ઈકો ઝોન રદ કરવાની માગણી સાથે ઈમેઈલ કરાવશે.

૨૦૧૬માં ઈકો ઝોનની દરખાસ્ત સરકારમાં મોકલી હતી ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં અનેક જાહેર હિતની અપીલો થઈ હતી. આ દરમિયાન ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે સૂચિત ઈકો ઝોનનાં ૦ થી ૧ કિ.મી. વિસ્તારમાં ખનન ઉપર સંપૂર્ણ પ્રતિબંધિત વાત કરી છે. ૦થી ૧ કિ.મી.માં પ્રજા અને ખેડૂતોની જાહેર સુખાકારીને અડચણ આવે તેવી કોઈ વાત કરી નથી છતાં પણ વનવિભાગ કાયદાનો મનઘડીત ઉપયોગ કરે છે. લોકશાહી લોકો માટે છે માત્ર સિંહો માટે નથી. ગ્રામીણ પ્રજા અને ખેડૂતો બધાં હિન્દુઓ છે. ૭૦ ટકા મતો ભાજપને આપ્યાં છે. કિસાનોના કાંડા કાપી લેતો ઈકો સેન્સિટીવ ઝોનનો કાળો કાયદો આવતો અટકાવવા ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ સંમેલનમાં પ્રબળ માગણી કરવામાં આવી હતી. ૧૫ સપ્ટેમ્બરે અમરેલી જિલ્લામા સાવરકુંડલાના એક કાર્યક્રમમાં ઈકોસેન્સેટિવ ઝોન મુદ્દે ઈફકોના ચેરમેન અને પૂર્વ કાયદામંત્રી દિલીપ સંઘાણી ખૂલીને બોલ્યા હતા. તેમણે જણાવ્યું કે વનવિભાગ કે અન્ય લોકો ખેડૂતોને ડરાવા માંગતા હોય, જેલમાં પૂરી દેવાની વાતો કરતા હોય તો સીઆરપીસીની કલમમાં જોગવાઈ છે. માણસને જાન માલ મિલકતનું જોખમ હોય છે, ત્યારે સામા વ્યક્તિનો જીવ લેવો તે સ્વબચાવ અધિકાર આપ્યો છે. ત્યારે મજૂરી કામ કરતા ખેડૂતો પર વન્યપ્રાણી હુમલો કરે જીવ લે ત્યારે જંગલી પશુ બચાવનાર વ્યક્તિઓને મારે પૂછવું છે. છેલ્લા બે વર્ષમાં ખેડૂતો મજદૂરો ખેતરમાં કામ કરતા લોકો દ્વારા કેટલા જંગલી પ્રાણીની હત્યાઓ થઈ ? સંઘાણીએ વધુમાં કહ્યું કે, છેલ્લા ૨ વર્ષમાં ૩૯ જેટલા લોકોના મૃત્યુ જંગલી વન્યપ્રાણીના હુમલાના કારણે થયા છે. ૨૩૯ જેટલા લોકોને ગંભીર ઈજાઓ થઈ છે.

તુરખેડા ગામ જેવી ઘટના બનતાં રહી ગઈ

# નસવાડીના ખેંદા ગામે જીવ સટોસટના ખેલ વચ્ચે સગર્ભાએ ઘરે જ બાળકને જન્મ આપવો પડ્યો

## કાચા રસ્તે ૧૦૮ આવી ન શકતા અને ગામમાં ખાનગી વાહનનો સતત સંપર્ક કરવા છતાંય કોઈ વાહન ન મળ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં વિકાસની વાતો વચ્ચે અમુક એવી ઘટનાઓ સામે આવી રહી છે જેને લઈ માથું શરમથી ઝૂકી જાય. છોટાઉદેપુરના તુરખેડા ગામમાં રસ્તાના અભાવે પ્રસૂતાઓને ઝોળીમાં ઊંચકીને લઈ જવાની ફરજ પડી હતી. ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ પણ છોટાઉદેપુરની સ્થિતિમાં કોઈ બદલાવ આવ્યો નથી. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, આવી ઘટનાઓથી અમારૂં માથું શરમથી ઝૂકી જાય છે પણ જાણે સરકારને આ વાતની કોઈ અસર થતી જ ન હોય તેમ જણાઈ રહ્યું છે. ત્યારે નસવાડીના ખેંદા ગામે તુરખેડા જેવી ઘટના બનતા રહી ગઈ હતી. ગુજરાતને વિકાસનું પર્યાય ગણવામાં આવે છે જો કે છોટાઉદેપુર પંથકમાં વિકાસનો વ પણ શોધ્યે જડતો નથી. અહીં વિકાસના પ્રાથમિક માપદંડ સમાન રસ્તાઓ ગ્રામ્ય વિસ્તારમાં નથી. અંતરિયાળ વિસ્તારને પાકા રસ્તા સાથે જોડવામાં આવ્યા નથી. જેથી લોકોને આવન જાવનમાં પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ ગ્રામ વિસ્તારમાં ન આવતા પ્રસુતાઓના જીવ જોખમમાં રહે છે. નસવાડીના ખેંદા ગામે જીવ સટોસટના ખેલ વચ્ચે સગર્ભાએ ઘરે જ બાળકને જન્મ આપવા મજબૂર બનવું પડયું હતું. ખેંદા ગામના કાચા રસ્તા ૧૦૮ આવી ન શકતા અને ગામમાં ખાનગી વાહનનો સતત સંપર્ક કરવા છતાંય વાહન ન મળતા સગર્ભા ઘરમાં જ બાળકને જન્મ આપવા મજબૂર બની હતી. આઝાદીના વર્ષો વીતવા છતાં ખેંદા ગામનો કાચો રોડ પાકો બન્યો નથી. આ જ રસ્તે છોટાઉદેપુર જિલ્લા કલેકટર ફસાયા બાદ રસ્તાની પરિસ્થિતિમાં કોઈ સુધારો નથી આવ્યો. ઉલ્લેખનીય છે કે, તુરખેડા ગામમાં રસ્તાના અભાવે પ્રસુતાને ત્રણ કિ.મી. સુધી ઝોળીમાં ઊંચકીને ૧૦૮ સુધી પહોંચાડવી પડી હતી. આ અંગેનો સમગ્ર વીડિયો ગઈકાલે ૨૦ ઓકટોબરના રોજ પણ સામે આવ્યો હતો. જો કે મહિલાને ત્યાર બાદ ૧૦૮માં આરોગ્ય કેન્દ્ર લઈ જવાઈ હતી. ત્યાં મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. ૧ ઓકટોબરે એક પ્રસુતાને ઝોળીમાં ઊંચકીને લઈ જતા સમયે રસ્તામાં પ્રસુતિ બાદ મહિલાના મોતની શરમજનક ઘટના બની હતી. છેલ્લા ૨૦ દિવસમાં ત્રણ ઘટનાઓ બની છે ત્યારે નવસવાડીના ખેંદા ગામે તુરખેડા જેવી ઘટના બનતા રહી ગઈ હતી જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં ૫ ટકા સુધીનો વધારો કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૭ ફેબ્રુઆરીથી લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેની ફી જાહેર કરવામાં આવી છે. જેમાં સતત બીજા વર્ષે બોર્ડ દ્વારા પરીક્ષા ફીમાં વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૦ની પરીક્ષા ફીમાં રૂા.૧૫, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ફીમાં રૂા.૨૫ અને ધોરણ-૧૨ સાયન્સની ફીમાં રૂા.૩૦નો વધારો કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેની ફીનું માળખું જાહેર કર્યું છે. જેમાં સતત બીજા વર્ષે પણ વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

### ધોરણ-૧૦ની ફી રૂા.૪૦૫, ધોરણ-૧૨ સા.પ્ર.ની રૂા.૫૬૫ અને સાયન્સની રૂા.૬૯૫ નક્કી કરાઈ

ધોરણ-૧૦ની ફી રૂા.૩૯૦ રાખવામાં આવી હતી. જોકે, આ વર્ષે તેમાં વધારો કરી રૂા.૪૦૫ ફી નક્કી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આમ ધોરણ-૧૦ની ફીમાં રૂા.૧૫નો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ફી રૂા.૫૪૦ રાખવામાં આવી હતી, જેમાં ચાલુ વર્ષે વધારો કરી રૂા.૫૬૫ ફી નક્કી કરાઈ છે. આમ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ફીમાં રૂા.૨૫નો વધારો કરાયોછે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સની ફી રૂા.૬૬૫ હતી, તેમાં વધારો કરીને રૂા.૬૯૫ ફી નક્કી કરવામાં આવી છે. આમ ધોરણ-૧૨ સાયન્સની ફીમાં રૂા.૩૦નો વધારો કરાયોછે. ધોરણ-૧૦ની નિયમિત વિદ્યાર્થીઓની નવી ફી રૂા.૪૦૫ રાખવા સાથે નિયમિત રિપીટરની એક વિષયની ફી રૂ. ૧૫૦ નક્કી કરાઈ છે. જ્યારે બે વિષય માટે રૂા.૨૧૫, ત્રણ વિષય માટે રૂા.૨૭૫ અને ત્રણ કરતા વધુ વિષય માટે રૂા.૩૯૫ ફી નક્કી કરવામાં આવી છે. આ જ રીતે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત રિપીટર વિદ્યાર્થીઓ માટે એક વિષયની ફી રૂા.૧૬૦, બે વિષયની રૂા.૨૫૫, ત્રણ વિષયની ફી રૂા.૩૩૦ અને ત્રણ કરતા વધુ વિષય માટે રૂા. ૫૬૫ ફી નક્કી કરવામાં આવી છે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં નિયમિત રિપીટર વિદ્યાર્થીઓ માટે એક વિષયની ફી રૂા. ૨૧૦, બે વિષયની ફી રૂા.૩૪૫, ત્રણ વિષયની ફી રૂા.૪૮૫ અને ત્રણ કરતા વધુ વિષયની ફી રૂા.૬૯૫ નક્કી કરવામાં આવી છે.


ઝિયારત



અમારા પિતા પ્રોફેસર અબુબકર મેમણ સાહેબ તા.21/10/2024ને સોમવારના રોજ જન્નતનશીન થયા છે.
મર્હૂમની ઝિયારત તા.22/10/2024, મંગળવારના રોજ મસ્જિદ-એ-અકસા ઈ-વૉર્ડ મસ્જિદ, જુહાપુરા, અમદાવાદ ખાતે સવારે 10:00 કલાકે રાખેલ છે.
ખવાતીન માટે ઝિયારત એ જ સમયે, મર્હૂમના ઘર: A/7, સરીફાબાદ સોસાયટી, 132 ફૂટ રિંગરોડ, જીવરાજ પોલીસ ચોકી પાછળ, મંસુરી મસ્જિદ સામે, વેજલપુર અમદાવાદ ખાતે રાખેલ છે.

મર્હૂમ પ્રોફેસર અબુબકર મેમણ, રિટાયર્ડ પ્રોફેસર, એગ્રીકલ્ચર યુનિવર્સિટી, જૂનાગઢ

દુઆગીર
મો.હનીફ મેમણ (હિંમતનગર) - 98257 58626
મો.આસીફ મેમણ (અમદાવાદ) - 93764 11873


# ગુજરાતભરની સરકારી કચેરીમાં પોલીસની હેલ્મેટ ડ્રાઈવ શરૂ : અનેક કર્મીઓ દંડાયા

## "હું કાયમ હેલ્મેટ પહેરૂં છું પણ આજે જ ઘરે ભૂલી ગયો" : કેટલાક કર્મચારીઓએ હેલ્મેટ ન પહેરવા મામલે વિવિધ બહાનાઓ બતાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં દ્વિચક્રીય વાહનોમાં હેલમેટ ફરજિયાત કરવામાં આવી છે. ડબલ સવારીમાં ચલાવનાર અને પાછળ બેસનાર વ્યક્તિ માટે હેલમેટ ફરજિયાત કરવામાં આવી છે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા હેલમેટના કાયદાનો કડક અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરવામાં આવી હતી. આ નિયમના અમલીકરણ તેમજ કાયદાનું પાલન કરાવવા માટે ૧૯ ઓકટોબરના રોજ પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓ માટે હેલમેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાતભરની સરકારી કચેરીમાં પોલીસ દ્વારા હેલમેટ ડ્રાઈવ યોજવામાં આવી રહી છે. ગાંધીનગર સચિવાલય ગેટ બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું હતું, જેમાં અનેક હેલ્મેટ વગરના કર્મચારીઓ દંડાયા હતા. ઓફિસ અવર્સમાં પોલીસ દ્વારા સચિવાલયના ગેટની બહાર કાર્યવાહી કરવામાં આવતાં ઘણા-ખરા કર્મચારીઓ હેલ્મેટ પહેર્યા વગરના મળ્યા હતાં, તેઓને દંડ કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા સૌપ્રથમ સરકારી કર્મચારીઓ માટે આ કાયદો લાવવામાં આવ્યો છે. ત્યારે આગામી સમયમાં સામાન્ય લોકો માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવામાં આવે એવી શક્યતા છે. નવા સચિવાલય સરદાર પટેલ ભવનના ગેટ નંબર એક અને ચાર પાસે ટ્રાફિક પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં અનેક સરકારી કર્મચારીઓ હેલમેટ પહેર્યા વગર આવતા પકડાયા હતા. હેલ્મેટ ન હોવાના કારણે પોલીસે તેમને ગેટ બહાર જ અટકાવીને ૫૦૦ રૂપિયાનો મેમો પકડાવ્યો હતો. સરકારી કર્મચારીઓએ સરકારના ફરજિયાત હેલમેટના નિર્ણયને આવકાર્યો છે. પરંતુ સાથે જ કર્મચારીએ હેલમેટ કેમ નથી પહેર્યું તેવું પૂછતા વિવિધ બહાનાઓ બતાવતા નજરે પડ્યા હતા. મહિલાઓએ જણાવ્યુ હતું કે હેલ્મેટ ફરજિયાત હોવું જ જોઈએ, પણ આજે હું લાવી નથી. અન્ય મહિલાએ કહ્યું કે હું છેક રાંદેસણથી આવું છું પણ મને સરવાઈકલની તકલીફ છે એટલે હું ઓછું પહેરૂં છું. કેટલાક કર્મચારીઓએ કહ્યું કે કાયદો સારો છે. હું કાયમ હેલમેટ પહેરૂં છું. પણ આજે જ ઘરે ભૂલાઈ ગયું. સૂચના આપી છે તેમ કરવું જ જોઈએ તો કેટલાક કર્મચારીઓએ એવું બહાનું બતાવ્યું કે આવતીકાલથી હેલમેટ પહેરીશ.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS